MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । ગુરુવાર । તા. ૦૭-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । અંક : ૩૨ । પાના : ૧૨ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Image Printers, 20-21, Bhid Bhanjan Soc., Bamroli Road, Nr. Piyush Point, Surat (Gujarat) ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636
Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-156/2019-2021, Valid up to 31-12-2021, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

કોરોના સંક્રમિતોનો કુલ આંક ૪૯૩૯૧,મૃત્યુઆંક ૧૬૯૪એ પહોંચ્યો

દેશમાં ૨૪ કલાકમાં ૧૨૬ના મોત: પોઝિટિવ કેસ ૫૦ હજારની નજીક

કોરોના રિકવરી રેટ વધીને ૨૭.૪૧ ટકા થયો,દેશમાં સૌથી વધુ કેસ મહારાષ્ટ્ર ૧૫ હજારને પાર અને ૬૦૦થી વધુના મોત,૧૪ હજારથી વધુ લોકો સ્વસ્થ થયા,ગૃહ મંત્રાલયમાં તૈનાત સીઆરપીએફના બે જવાન કોરોના પોઝિટિવ

ન્યુ દિલ્હી

ભારતમાં કોરોના વાઈરસના પોઝીટીવ કેસોની સંખ્યા સતત વધી રહી છે. નવા ૨૫૦૦ કરતાં વધુ કેસો છેલ્લાં ૨૪ કલાકમાં નોંધાયા હતા અને છેલ્લાં ૨૪ કલાકમાં જ કોરોનાથી વધુ ૧૨૫ દર્દીઓના મોત નિપજ્યા હતા. ગઈકાલે રેકોર્ડબ્રેક ૧૯૫ લોકો માર્યા ગયા હતા. તેથી ગઈકાલ કરતાં આજનો આંકડો ઓછો છે. તેમછતાં ચિંતાજનક હોવાનું મનાઈ રહ્યું છે. તો બીજી તરફ કોરોના લોકડાઉનને લઈને રાજકારણ શરૂ થયું હોય તેમ કોંગ્રેસે આજે કેન્દ્ર સરકાર પાસેથી એ જાણવા માંગ્યું હતું કે લોકડાઉન-૩ ૧૭ મે પછી સરકાર પાસે શું આયોજન છે અને ક્યા આધારે લોકડાઉનમાં વધારો કરાય છે. કોંગ્રેસ શાસિત રાજ્યોએ આરોપ મૂક્યો હતો કે ભાજપ શાસિત કેન્દ્ર સરકાર કોંગ્રેસી રાજ્યોને કોરોના માટે નાણાં આપી રહી નથી.

સૂત્રોએ કહ્યું કે, ભારતમાં પણ કોરોના વાયરસનો પ્રકોપ વધી રહ્યો છે. દેશમાં કોરોના પૉઝિટીવ દર્દીઓની સંખ્યા ૪૯ હજારને પાર કરીને ૫૦ હજારની નજીક પહોંચવામાં છે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તરફથી જારી આંકડાઓ મુજબ દેશભરમાં કોરોના પૉઝિટીવ કેસોની કુલ સંખ્યા ૪૯,૩૯૧ થઈ ગઈ છે. જેમાં ૩૩,૫૧૪ સક્રિય છે, ૧૪,૧૮૩ લોકો રિકવર થઈ ચૂક્યા છે અથવા તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે અને ૧૬૯૪ લોકોના મોત થઈ ચૂક્યા છે. જો કે આરોગ્ય મંત્રાલયે જણાવ્યુ કે કોરોના રિકવરી રેટ વધીને ૨૭.૪૧ ટકા થઈ ગયો છે .

તો બીજી તરફ બનેલી એક ઘટનામાં કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય સુધી કોરોનાનો ચેપ પહોંચ્યો હોય તેમ, હોય તેમ કન્ટ્રોલ રૂમના બે કર્મીઓ કોરોનાની ચપેટમાં આવી જતાં MHAના કંટ્રોલ રૂમ નંબર-૧ને સીલ કરાયો હતો. અને તેને સેનટાઈઝેશન કરવાનું કામ શરૂ કરાયું હતું. આરોગ્ય મંત્રાલયના જણાવ્યાં અનુસાર, દેશમાં કોરોના વાઈરસના સંક્રમણના કેસ વધતા જઈ રહ્યા છે. જેમાં મહારાષ્ટ્રમાં સૌથી વધુ કેસ સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૧૫,૫૨૫ કેસ સામે આવ્યા છે. સંક્રમિતના પગલે ૬૧૭ લોકોના મૃત્યુ થયા છે .

કોરોના વાયરસનુ સંક્રમણ દેશના ૨૬ રાજ્યોમાં ફેલાયુ છે. ૬ કેન્દ્રશાસિત પ્રદેશ પણ આની ચપેટમાં છે. આમાં દિલ્હી, ચંદીગઢ, આંદામાન-નિકોબાર, જમ્મુ કાશ્મીર, લદ્દાખ અને પુડુચેરી શામેલ છે. રાજસ્થાન આરોગ્ય વિભાગ અનુસાર રાજ્યમાં કોરોના વાયરસના આજે ૬૬ નવા કેસ સામે આવ્યા છે અને ૫ લોકોના મોત થઈ ગયા છે. રાજ્યમં દર્દીઓની સંખ્યા ૩,૧૨૭ થઈ ગઈ છે અને ૮૨ લોકોના મોત થી ગયા છે. ૧૫૮૧ લોકોનો ઈલાજ ચાલુ છે. વળી, ઉત્તરાખંડમાં વધુ એક કોરોના વાયરસના કેસની પુષ્ટિ થઈ ગઈ છે. રાજ્યમાં દર્દીઓની સંખ્યા ૬૧ થઈ ગઈ છે. અંદમાન નિકોબારમાં ૩૩ કેસ સામે આવ્યા છે. જ્યારે હજુ સુધી કોઈ મૃત્યુ નોંધાયુ નથી. આંધ્ર પ્રદેશમાં અત્યાર સુધીમાં ૧૭૧૭ કેસ નોંધાયા છે. જ્યારે ૩૬ લોકોના મોત નિપજ્યા છે.અરૂણાચલ પ્રદેશમાં અત્યાર સુધીમાં એક વ્યક્તિ કોરોનાથી સંક્રમિત સામે આવ્યો છે. આ ઉપરાંત રાજ્યામાં કોઈ મોત થયુ નથી.આ ઉપરાંત આસમમાં ૪૩ કેસ સામે આવ્યા છે. જ્યારે એક વ્યક્તિનું મોત નિપજ્યુ છે.બિહારમાં કોરોનાના ૫૩૬ કેસ સામે આવ્યા છે. જ્યારે ૪ લોકોના મોત નિપજ્યા છે.ચંદીગઢમાં ૧૧૧ કેસ સામે આવ્યા છે. જ્યારે એકનું મોત નિપજ્યા છે. છતીસગઢમાં ૫૯ કેસ સામે આવ્યા છે. જ્યારે મૃત્યુ નોંધાયુ નથી.ગોવામાં કોરોનાના ૭ કેસ સામે આવ્યા હતા. જે તમામને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જેના પગલે ગોવા હાલમાં કોરોનામુક્ત રાજય છે.

હરિયાણામાં કોરોનાના ૫૪૮ કેસ સામે આવ્યા છે. જ્યારે ૬ લોકોના મોત નિપજ્યા છે.હિમાચલ પ્રદેશમાં ૪૨ કેસ સામે આવ્યા છે. જ્યારે ૨ વ્યક્તિનું મોત નિપજ્યુ છે.જમ્મુ-કાશ્મીરમાં ૭૪૧ કેસ સામે આવ્યા છે. જ્યારે આ સંક્રમણના પગલે ૮ લોકોના મોત નિપજ્યા છે.ઝારખંડમાં કોરોનાના ૧૨૫ કેસ સામે આવ્યા છે જ્યારે ૩ લોકોના મોત નિપજ્યા છે.કર્ણાટકમાં જો કરોનાના આંકડાની વાત કરવામાં આવે તો ૬૭૧ લોકો સંક્રમિત

અનુસંધાન પાના નં. ૬

કોરોના સંકટ વચ્ચે સરકારી કર્મચારીઓ માટે આંચકારૂપ સમાચાર

ડીએ બાદ જીપીએફ અને અન્ય ફંડ પર ૭.૧ ટકા વ્યાજ મળશે

ન્યુ દિલ્હી

લોકડાઉન દરમિયાન સરકારી કર્મચારીઓ માટે વધુ એક આંચકારૂપ સમાચાર છે. તાજેતરમાં જ મોંઘવારી ભથ્થા (DA)ને આગામી વર્ષ સુધી ટાળવાની જાહેરાત કરવામાં આવી હતી ત્યારે હવે કેન્દ્ર સરકારે જનરલ પ્રોવિડન્ટ ફંડ (GPF)ના વ્યાજ દરોમાં પણ ઘટાડાનો નિર્ણય લીધો છે. આ મામલે નવા વ્યાજ દર પણ જાહેર કરી દેવાયા છે. અહેવાલ પ્રમાણે ૧ એપ્રિલ ૨૦૨૦થી ૩૦ જૂન ૨૦૨૦ સુધી GPF અને અન્ય ફંડ પર ૭.૧% વ્યાજ મળશે જ્યારે ગત ત્રિમાસિક દરમિયાન તેના પર ૭.૯% વ્યાજ મળતું હતું.

GPFનો વ્યાજ દર ત્રણ મહીનાના ગાળા પર આધારીત હોય છે અને GPF ફક્ત સરકારી કર્મચારીઓ માટે જ છે. તે એક પ્રકારનું રિટાયરમેન્ટ પ્લાનિંગ છે કારણ કે, તેની રકમ કર્મચારીઓને નિવૃત્તિ બાદ મળે છે. સરકારી કર્મચારીઓ પોતાના પગારના ૧૫% સુધી GPF ખાતામાં યોગદાન આપી શકે છે.

સરકારી કર્મચારીઓને રિટાયરમેન્ટ વખતે GPF ખાતામાં જમા રકમનો નિશ્ચિત હિસ્સો મળી જાય છે. તેમના પાસે કેટલીક રકમ પેન્શનમાં આપવાનો વિકલ્પ પણ હોય છે જે તેમને દર

અનુસંધાન પાના નં. ૬

આખરે કેન્દ્ર સરકારે સ્વીકાર્યું-ગુજરાતમાં કોરોનાની સ્થિતિ ભયાનક અને ચિંતાજનક

અમદાવાદમાં રેડઝોનમાં લોકડાઉનના કડક પાલન માટે પેરામિલીટ્રીની ટુકડીઓ મૂકાશે

પેરા મિલિટરીની સાત કંપનીઓ ફાળવવામાં આવી જેમાં ૬ કંપનીઓ બીએસએફ અને એક કંપની સીઆઈએસએફનો સમાવેશ

ગાંધીનગર

આખરે કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગે એ બાબતનો સ્વીકાર કર્યો છે કે મહારાષ્ટ્રની જેમ ગુજરાતમાં પણ કોરોનાની સ્થિતિ ખૂબજ ગંભીર અને ચિંતાજનક છે. ખાસ કરીને અમદાવાદને બચાવવા અને લોકડાઉનના કડક અમલ માટે બીએસએફની કંપનીઓ ઉતારવાનો મહત્વનો નિર્ણય લેવાયો છે. બોર્ડર સિક્યુરીટી ફોર્સ-બીએસએફની આ ટુકડીઓને અમદાવાદના રેડઝોનમાં તૈનાત કરાશે. કેમ કે રેડઝોનમાંથી જ સૌથખી વધુ પોઝીટીવ કેસો બહાર આવી રહ્યાં છે. છેલ્લાં કેટલાક દિવસોથી રોજેરોજ ૨૫૦ કરતાં વધુ કેસો એકલા અમદાવાદમાંથી જ આવી રહ્યાં છે. અને લોકો તેની ગંભીરતા સમજયા વગર બહાર ફરીને પોતાનો અને બીજાનો જીવ જોખમમાં મૂકી રહ્યાં છે. એમ મનાય છે કે પોલીસ તંત્ર લોકડાઉનનું પાલન કરાવવામાં નિષ્ફળ નિવડ્યું હોવાથી છેવટે પેરા મિલીટ્રીની ટુકડીઓને ઉતારવાનો નિર્ણય લેવાયો છે. કેન્દ્રના આરોગ્યમંત્રી ડો. હર્ષવર્ધને એમ કહ્યું છે કે તેમણે મહારાષ્ટ્ર અને ગુજરાતના આરોગ્ય સત્તાવાળાઓ સાથે વાત કરી છે અને ત્યાં સ્થિતિ ખૂબજ ગંભીર છે. ચિંતાજનક છે. તેમની આ કબૂલાત જ કહી રહી છે કે અમદાવાદમાં કેટલી ખરાબ સ્થિતિ છે. અને એમ પણ મનાય છે કે અમદાવાદમાં કોરોના સંક્રમણનો કોમ્યુનિટી ટ્રાન્મિશનનો ખતરનાક તબક્કો ચાલી રહ્યો છે. પરંતુ સત્તાવાળાઓ તેનો ઈકાર કરી રહ્યાં છે.

રાજયના પોલીસ વડા શિવાનંદ ઝાએ આજે પ્રેસ કોન્ફરન્સને સંબોધીને જણાવ્યું કે, રેડ ઝોનમાં અને કન્ટેઈન્ટમેન્ટ વિસ્તારમાં સંક્રમણ વધે નહીં તે માટે અને તે વિસ્તારમાં સંક્રમણ બહારના વિસ્તારમાં ફેલાઈ નહીં તે પૂરતી ફોર્સ સાથે સુરક્ષા વ્યવસ્થા જાળવવામાં આવી રહી છે. અમદાવાદના કન્ટેઈમેન્ટ એરિયામાં સંક્રમણ વધ્યું હોવાથી સરકાર દ્વારા સુરક્ષા વધુ સઘન બનાવવા નિર્ણય કરવામાં આવ્યો છે.

કેન્દ્ર સરકાર તરફથી પેરા મિલિટરીની વધુ ૭ કંપનીઓ ફાળવવામાં આવેલ છે. જેમાં ૬ કંપની BSF અને એક કંપની CISFનો સમાવેશ

અનુસંધાન પાના નં. ૬

પુલવામા એન્કાઉન્ટર: હિઝબુલ કમાન્ડર રિયાઝ નાયકુ સહિત ચાર આતંકી ઠાર

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરના પુલવામા જિલ્લામાં એક્કાઉન્ટરમાં સુરક્ષા દળોએ હિઝબુલના ટોચના કમાન્ડર રિયાઝ નાયકુ ઠાર કર્યો છે. આ સાથે અવંતીપોરાના શારશાલી અને બેગપુરા ખાતે બે અલગ અલગ એક્કાઉન્ટરમાં ચાર આતંકવાદીઓ માર્યા ગયા છે. શરશાલીમાં સુરક્ષાદળો સાથેની એક્કાઉન્ટરમાં બે આતંકવાદીઓ ઠાર કરાયા છે. જેની ઓળખ હજુ થઈ નથી, ત્યાં અવંતિપોરાના બેગપુરા વિસ્તારમાં સુરક્ષા દળોએ હિઝબુલ કમાન્ડર સહિત બે આતંકીઓને ઠાર કર્યા છે.

આ વચ્ચે અધિકારીઓએ જણાવ્યું છે કે, પુલવામાના શારશાલી ગામમાં આતંકવાદીઓની હાજરી અંગેની માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોએ ઘેરો અને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

રિયાઝ નાયકૂ ઉપર ભારતીય લશ્કરે ૧૨ લાખ રૂપિયાનું ઈનામ રાખ્યું હતું. તે ખીણમાં લાંબા સમયથી ડર ફેલાવી રહ્યો હતો. બુરહાન વાની પછી તે આતંકવાદનો નવો પોસ્ટર બોય બન્યો હતો. રિયાઝ બુહરાન વાનીના કોર ગ્રૂપનો સભ્ય હતો અને બુરહાન વાનીને ઠાર કર્યા બાદ તેને ટોચનો કમાંડર બનાવવાની ચર્ચા હતા. ગત વર્ષે તેણે ધમકી સાથેનો એક ઓડિયો જાહેર કર્યો હતો તેમજ વીડિયોમાં જેલ સ્ટાફ ઉપર હુમલો કરવાની ધમકી આપી હતી.

કર્ણાટકમાં ૧,૬૦૦ કરોડના રાહત પેકેજની જાહેરાત, ધોબી-નાઇ અને ડ્રાઇવરને મળશે ૫ હજાર

નાના મોટા વ્યવસાયિકો, ખેડૂતો, ઉદ્યોગો, હેન્ડલૂમ વર્કર્સ, બાંધકામ ક્ષેત્રે મજૂરોને આર્થિક સહાયની જાહેરાત

(જી.એન.એસ)બેંગ્લુરુ,તા.૬

કર્ણાટકમાં મુખ્યમંત્રી યેદિયુરપ્પાની સરકારે બુધવારે કોરોના વાયરસની મહામારી સામે લડવા રૂ. ૧,૬૧૦ કરોડના રાહત પેકેજની જાહેરાત કરી છે. લોકડાઉનને પગલે મુશ્કેલીમાં મૂકાયેલા નાના માણસો, ખેડૂતો સહિત લઘુ તેમજ મોટા ઉદ્યોગોને આ પેકેજથી મદદ મળશે.

મુખ્યમંત્રી યેદિયુરપ્પાએ જાહેર કરેલા પગલાંથી ખેડૂતો, બાગાયતી ખેડૂત, ધોબી, ઓટો રીક્ષા તેમજ ટેક્સી ડ્રાઈવર્સ, સ્જીસ્ઈજ, મોટા ઉદ્યોગો, વણાટ કારીગરો, બાંધકામ મજૂરો અને વાળંદને આર્થિક રાહત મળશે.

રાજ્ય સરકારે બજેટમાં કરેલા છ ટકા એક્સાઈઝ ડ્યુટી વધારા ઉપરાંત વધુ ૧૧ ટકા એક્સાઈઝ ડ્યુટી ઝિંકી છે. મુખ્યમંત્રીએ નોંધ્યું કે છેલ્લા દોઢ મહિનાથી લોકડાઉન અમલમાં હોવાથી સમાજના દરેક વર્ગના લોકો આર્થિક મુશ્કેલી અનુભવી રહ્યા છે.

ફૂલ ઉછેરતા ખેડૂતોએ માગના અભાવે તેમનો સંપૂર્ણ પાક નાશ કરી દીધો છે. એક અંદાજ મુજબ ખેડૂતોએ ૧૧, ૬૮૭ હેક્ટરમાં ફૂલોનું વાવેતર કર્યું હતું. સરકારે બાગાયતી ખેડૂતોની મુશ્કેલીને ધ્યાનમાં લેતા પ્રતિ હેક્ટર રૂ. ૨૫,૦૦૦ના વળતરની જાહેરાત કરી છે જેમાં મહત્તમ એક હેક્ટર સુધી પાકના નુકસાની બદલ વળતર ચૂકવાશે.

ફળો તેમજ શાકભાજી વાવતા ખેડૂતોને પણ બજાર નહીં મળતા તેમને નુકસાની વેઠવી પડી છે જેથી સરકારે તેમના માટે પણ રાહત પેકેજ જાહેર કર્યું છે. કોરોના વાયરસના લોકડાઉનથી વાળંદ, ધોબી અને અન્ય નાના મોટા

અનુસંધાન પાના નં. ૬

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

ગુજરાતના તમામ સ્થળે ટીમ લીડર નીમવાના છે

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ (રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં સભ્ય બની તમારા વિસ્તારમાં અન્યોને મદદરૂપ થાઓ. શુ આપ સહેલાઈથી ઓછો મહેનતે ઘર ચલાવવા કે બચત કરવા માંગો છો? શુ આપ અભ્યાસ સાથે સ્વનિર્ભર બનવા માંગો છો તો આજે જ સંપર્ક કરો

7574888861

(ટ્રસ્ટની સભ્ય ફી માત્ર ૧૦૦ રૂપિયા રહેશે. જોડાવા માટે આધાર કાર્ડ પાન કાર્ડ જરૂરી રહેશે. વાર્ષિક સામાન્ય સભ્યનું ઈ ઓળખ પત્ર મળશે)

-:: ફી મોકલવાની ડિટેલ ::-

Phone pay 7574888859 • Act No. 33586780623
State Bank of India • Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002

કોરોના સંકટ અને લોકડાઉન મુદ્દે કોંગ્રેસે મોદી સરકારને ઘેરી

ના કોઈ પ્લાન,ના કોઈ પેકેજ, લૉકડાઉન-૩ બાદ શું?: સોનિયા ગાંધી

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાયરસનાં વધતા પ્રકોપ અને લોકડાઉન ૩.૦ બાદની સ્થિતિ પર કૉંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી પાર્ટી શાસિત રાજ્યોનાં મુખ્યમંત્રીઓ સાથેની બેઠકમાં આજે નરેન્દ્ર મોદી સરકાર પર જોરદાર નિશાન સાધ્યુ છે. કૉંગ્રેસ અધ્યક્ષે કેન્દ્ર સરકાર પર હુમલો કરતા કહ્યું કે સરકારે એ જણાવવું જોઈએ કે તેણે કયા ધોરણોનાં આધારે લોકડાઉન ૩.૦ લાગુ કર્યું અને ૧૭ મે બાદની શું યોજના છે?

બેઠકમાં સોનિયા ગાંધીએ કહ્યું કે ૧૭ મે બાદ દેશમાં શું થશે? સરકારે લોકડાઉન ચાલું રાખવા માટે કયા માપદંડો અપનાવ્યા? તેમની પાસે લોકડાઉન ૩.૦ બાદ કઈ રણનીતિ છે? બેઠકમાં સામેલ પૂર્વ પીએમ મનમોહન સિંહે કહ્યું કે, "સૌની ચિંતા એ જ છે કે લોકડાઉન ૩.૦ પછી શું થશે? સરકારે જણાવવું જોઈએ કે લોકડાઉન બાદ તેની પાસે શું પ્લાન છે?"

પંજાબનાં સીએમ અમરિંદર સિંહે કહ્યું કે તેમણે બે કમિટિની રચના કરી છે જે લોકડાઉનનાં ઝાટકા અને રિવાઈલ પ્લાન પર રણનીતિ બનાવશે. અમરિંદરે કેન્દ્ર સરકાર પર હુમલો કરતા કહ્યું કે, "દિલ્હીમાં બેઠેલા લોકો જમીની હકીકત જાણ્યા વગર ઝોનનું વર્ગીકરણ કરી રહ્યા છે." છત્તીસગઢનાં સીએમે કહ્યું કે, "રાજ્ય આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે અને તેમને તરત જ મદદની જરૂર છે." તેમણે કહ્યું કે, "છત્તીસગઢમાં ૮૦ ટકા નાના ઉદ્યોગો શરુ થઈ ગયા છે અને લગભગ ૮૫ હજાર વર્કર કામ પર પરત ફર્યા છે."

સોનિયા ગાંધીએ બેઠકમાં કોરોના મહામારીને પહોંચી વળવાનાં સરકારનાં પ્રયત્નો અને દેશનાં અલગ અલગ ભાગોમાં ફસાયેલા પ્રવાસી મજૂરો અને કારીગરોને પરત લાવવાનાં ઉપાયો પર પણ ચર્ચા કરી. બેઠકમાં પૂર્વ પીએમ મનમોહન સિંહ અને કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી પણ સામેલ રહ્યા.

કોરોના સંકટ વધવાથી ૮૬% ભારતીયોને થઈ રહી છે નોકરી ગુમાવવાની ચિંતા: રિપોર્ટ

લંડન

કોરોના વાયરસના સંકટને દૂર કરવા માટે ભારતમાં ત્રીજી વખત લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે જે ચાલુ મહિનામાં ૧૭મી તારીખે પૂર્ણ થશે. આ બધાની વચ્ચે નોકરી-ધંધો કરતા લોકોની ચિંતા બમણી થઈ રહી છે. લોકડાઉનના કારણે ભારતીય અર્થવ્યવસ્થા પર તેની ગંભીર અસર પડી રહી છે. વેપાર-ઉદ્યોગને ભારે નુકસાન થવાના ડરે લોકોને પોતાની નોકરી ગુમાવાનો પણ ડર સતાવી રહ્યો છે.

દુનિયાની અર્થવ્યવસ્થા પર કોરોના વાયરસની ગંભીર અસરો પડી રહી છે. વેપાર-ધંધા જગત પર તેની ખરાબ અસર પડી રહી છે. એવામાં પગાર કાપથી લઈને છટણી પણ શરુ થઈ છે. એક રિસર્ચ પ્રમાણે કોરોના સંકટ વચ્ચે લગભગ ૮૬% લોકોને પોતાની નોકરી ગુમાવવાનો ડર સતાવી રહ્યો છે.

બ્રિટિશ રિસર્ચ ફર્મ ક્રોસ્બી ટેક્સટર ગ્રુપના એક રિસર્ચ રિપોર્ટ મુજબ આ વાત સામે આવી છે. સર્વે પ્રમાણે કોરોના વાયરસની મહામારીના કારણે લોકોને પોતાની નોકરી અને આજીવિકા ગુમાવવાનો ડર સતાવી રહ્યો છે. સર્વેમાં જોડાયેલા ૮૪ ટકા લોકોનું માનવું છે કે કોરોના નામની આ બીમારી હજુ તેના શરુઆતના તબક્કામાં છે અને ઝડપથી વધી રહી છે. બ્રિટન અને ઓસ્ટ્રેલિયાના લોકોનું માનવું છે કે કોરોના વાયરસની મહામારીની અસર હવે ઓછી થઈ રહી છે. હોંગકોંગના લોકોનું માનવું છે કે કોરોના વાયરસ પહેલાથી જ કાબૂમાં છે.

આ વર્ષે સૌથી વધુ ૮૬% ભારતીયોને પોતાની નોકરી ગુમાવવાની ચિંતા સતાવી રહી છે. તેની સરખામણીમાં બ્રિટન ૩૧%, ઓસ્ટ્રેલિયા માત્ર ૩૩%, અમેરિકા ૪૧% અને હોંગકોંગમાં ૭૧% લોકોને નોકરી ગુમાવવાની ચિંતા સતાવી રહી છે.

બ્રિટિશ રિસર્ચ ફર્મ ક્રોસ્બી ટેક્સટર ગ્રુપે ૨૩ એપ્રિલથી ૨૭ એપ્રિલ વચ્ચે ભારત, અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા અને હોંગકોંગમાં નોકરીના સંકટ પર કેન્દ્રીત આ સર્વે કર્યો હતો. સર્વેમાં જોડાયેલા ભારતના ૮૪% લોકો કોરોના વાયરસ સામે લડવાના મોદી સરકારના પ્રયાસોથી સંતુષ્ટ છે.

મોદી સરકાર જે રીતે કોરોના વાયરસની મહામારી સામે લડી રહી છે, તેમાં સર્વેમાં જોડાયેલા ૮૪% ભારતીયો સંતુષ્ટ છે. તેની સરખામણીમાં અમેરિકામાં માત્ર ૪૩ ટકા, બ્રિટનમાં ૫૬ ટકા, હોંગકોંગમાં ૫૩ ટકા અને ઓસ્ટ્રેલિયામાં ૭૧ ટકા લોકો મહામારી સામે લડવા મામલે સરકારના કામકાજથી સંતુષ્ટ છે.

બોલો..ગામ પરત ફરેલો મજૂર પોતાના ખેતરમાં વૃક્ષ પર ક્વોરેન્ટાઈન થયો..!!

ભીલાવાડા

કોરોના વાયરસના ફેલાવા બાદ જીવન એકદમથી બદલાઈ ગયું છે. ક્વોરેન્ટાઈન, આઈસોલેશન, સેનિટાઈઝ વગેરે જેવા શબ્દો આપણા રોજિંદા જીવનનો ભાગ બની રહ્યા છે. કોરોના વાયરસના ફેલાવા બાદ જો કોઈ વ્યક્તિ પોતાના વતન કે ગામ જાય છે તો પહેલા તેને ક્વોરેન્ટાઈન કરવામાં આવે છે. ક્યાંક પ્રશાસન તેની વ્યવસ્થા કરે છે તો વળી ક્યાંક લોકો જાતે પોતાની જાતને હોમ ક્વોરેન્ટાઈન કરે છે. રાજસ્થાનના ભીલવાડા નજીકના એક ગામમાં આવી જ ઘટના બની છે.

અજમેરથી એક યુવક ભીલવાડા નજીક આવેલા તેના ગામ શેરપુર પહોંચ્યો અને એક જાડ પર ક્વોરેન્ટાઈન થયો છે. કમલેશ મીણા નામનો આ યુવક અજમેરના કિશનગઢથી ૧૬૦ કિમી ચાલીને પોતાના ગામ પહોંચ્યો હતો. લોકડાઉન અને કોરોનાના કારણે તેના ગામમાં બહારથી આવતા દરેક વ્યક્તિને પોતાની જાતને ક્વોરેન્ટાઈન કરવી ફરજિયાત હતી. જેથી ગામના લોકોએ કમલેશને ગામમાં આવવાની ના પાડી.

ગામના લોકોએ કમલેશને કહ્યું કે પહેલા જઈને કોરોના ટેસ્ટ કરાવ, પછી જ ગામમાં આવવાની મંજૂરી મળશે. તેનો પરિવાર ઈચ્છતો હતો કે કમલેશને ગામમાં આવવા દેવામાં આવે. ત્યારબાદ સ્વાસ્થ્ય વિભાગને જાણ કરવામાં આવી. સ્વાસ્થ્યકર્મીઓ આવ્યા અને તેમણે કમલેશનુ સેમ્પલ લીધુ અને ક્વોરેન્ટાઈન સેન્ટર લઈ જવાની વાત કરી. ગામના લોકો અને સ્વાસ્થ્ય કર્મીઓ સાથે લાંબી માથાકૂટ બાદ કમલેશે કહ્યું કે તે ગામથી ૨ કિમી દૂર આવેલા પોતાના ખેતરમાં જ ક્વોરેન્ટાઈન થશે.

તેના ખેતરમાં એક ઝાડ છે, કમલેશે આ ઝાડ પર જ પોતાના માટે ક્વોરેન્ટાઈન સેન્ટર ઉભુ કર્યું. હવે ૧૪ દિવસ માટે આ ઝાડ જ તેનું ઘર હતું. કમલેશના પિતા રોજે તેને અહીં ખાવાનું પહોંચાડતા હતા. ઉપરાંત દરરોજ એક મેડિકલ ટિમ આવીને તેની તપાસ પણ કરતી હતી.

કોરોનાનું 'કમ્યૂનિટી ટ્રાન્સમિશન' નથી થતું: આરોગ્ય પ્રધાન

ન્યુ દિલ્હી

દેશના આરોગ્ય પ્રધાન હર્ષ વર્ધને દાવો કર્યો હતો કે દેશમાં હાલમાં કોવિડ-૧૯ (કોરોના વાઈરસ)ના રોગચાળાનું 'કમ્યૂનિટી ટ્રાન્સમિશન' નથી થતું અને કોરોનાના દરદીઓ વધવાનો દર ઓછો થઈ રહ્યો છે. તેમણે જણાવ્યું હતું કે રોગચાળાને લીધે લોકો આરોગ્ય પ્રત્યે વધુ સજાગ બન્યા છે અને હાથ સહિતના શરીરને વધુ ચોખ્ખું રાખી રહ્યા છે, શ્વાસોચ્છ્વાસ પ્રત્યે સરખું ધ્યાન આપી રહ્યા છે અને વાતાવરણને સ્વચ્છ રાખવાની કોશિશ કરી રહ્યા છે. આ બાબત હવે તેઓ માટે રોજિંદા જીવનનો ભાગ બની જશે અને તેને લીધે ભવિષ્યમાં રોગચાળો નહિ ફેલાય. તેમણે જણાવ્યું હતું કે કોરોના વાઈરસના રોગચાળા દરમિયાન 'મેક ઈન ઈન્ડિયા'ને વેગ મળ્યો છે. દેશમાં પર્સનલ પ્રોટેક્શન ઈક્વિપમેન્ટ, એન-૯૫ અને અનેક દવાનું હવે મોટા પાયે ઉત્પાદન કરાઈ રહ્યું છે. હૉસ્પિટલો અને અન્ય આરોગ્ય સેવા કેન્દ્રો ખાતે સુવિધા વધારાઈ છે.

૨૪ કલાકમાં ૨૩૩૩ લોકોના કોરોનાથી મોત,મૃત્યુઆંક ૭૦ હજારને પાર

અમેરિકાએ ખરાબ સમય પસાર કરી લીધો, દેશ ખોલવાની દિશામાં આગળ વધશે: ટ્રમ્પ

વૉશિંગ્ટન

અમેરિકામાં, છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૨,૩૩૩ લોકોનાં મોત નીપજ્યાં છે. સમગ્ર અમેરિકામાં કોરોનાથી લગભગ ૭૦ હજાર લોકોનાં મોત નીપજ્યાં છે. લગભગ અઢી લાખ અમેરિકનોને કોરોનાથી ચેપ લાગ્યો છે, પરંતુ આ બધાની વચ્ચે અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચોંકાવનારા નિવેદન આપીને બધાને આશ્ચર્યચકિત કર્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ યુએસમાં શટડાઉન ખોલવાની તૈયારી કરી રહ્યા છે.

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ એરિઝોના પ્રાંત પહોંચ્યા, જ્યાં તેમણે કહ્યું કે, તેઓ અમેરિકન નાગરિકોને કોરોના સંક્રમણની વચ્ચે યોદ્ધાઓ તરીકે જુએ છે. ટ્રમ્પે શટડાઉન ખોલવાની વાત કરી હતી. એરિઝોના પ્રાંતમાં પહોંચેલા ટ્રમ્પે ત્યાં ફ્રલ્પ માસ્ક બનાવતા હનીવેલ ફેસિલિટી ગયા. ટ્રમ્પે લોકોને કામ પર પાછા ફરવાની વાત કહી અને કહ્યું કે અમેરિકન યોદ્ધાઓ છે. તેઓએ કહ્યું કે, અમે હવે કોરોનાથી સુરક્ષિત છીએ. તેમણે શટડાઉન ખોલવા અને કામ પર પાછા ફરવાની જરૂરિયાતનો વાત કહી.

ટ્રમ્પે અમેરિકન લોકો તેમજ કોરોના યુદ્ધમાં સામેલ લોકોનો આભાર માન્યો. તેમણે કહ્યું કે, હું અમેરિકાની જનતાને યોદ્ધાઓ તરીકે જોઉં છું. હું દેશનાં લોકોનાં સતત પ્રયાસનો આભાર માનું છું. તેમણે કહ્યું કે, અમે ઘણા અમેરિકન નાગરિકોનાં જીવ બચાવ્યા છે. હવે આપણો દેશ કોરોના સાથેનાં આ યુદ્ધનાં આગલા તબક્કામાં છે. ટ્રમ્પે કહ્યું કે, અમે હવે સલામત રહીને દેશને ફરીથી ખોલવાના તબક્કામાં છીએ. ટ્રમ્પે કહ્યું કે હવે દેશમાં કંઈક સારું થવાનું છે. અમે કોરોના સામેની લડતમાં મોટી પ્રગતિ કરી છે.

ટ્રમ્પે માસ્ક બનાવતી કંપની હનીવેલનાં કામની પ્રશંસા કરતાં કહ્યું કે, સામાન્ય રીતે આવી સુવિધા તૈયાર કરવામાં ૯ મહિનાનો સમય લાગે છે. પરંતુ હનીવેલે તે ફક્ત ૫ અઠવાડિયામાં કરી દીધું. આપને જણાવી દઈએ કે, અમેરિકામાં લગભગ ૭૦ હજાર મૃત્યુ કોરોના ચેપને કારણે થઈ છે. ટ્રમ્પે કહ્યું કે જ્યારે હું કોરોનાથી મરી ગયેલા લોકો વિશે વિચારું છું, ત્યારે હું રાત્રે સૂતો નથી. તેનાથી સૌથી વધુ પ્રભાવિત હુ થયો છુ.

કેન્દ્ર સરકારે પેટ્રોલ ૧૦ અને ડિઝલ પર ૧૩ રૂપિયા એક્સાઈઝ ડ્યૂટી વધારી

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકારે મંગળવારે પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટી અનુક્રમે ૧૦ રૂપિયા અને ૧૩ રૂપિયા વધારી છે. પરંતુ આ વધારાના કારણે ગ્રાહકોને નુકસાન ભોગવવું પડશે નહીં તેવું સરકારે સ્પષ્ટપણે જણાવ્યું હતું.

સરકારે રોડ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેસમાં પેટ્રોલ અને ડીઝલ પર ૮ રૂપિયે પ્રતિ લીટરનો વધારો તથા સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટી તરીકે પેટ્રોલ પર બે રૂપિયાનો તથા ડીઝલ પર પાંચ રૂપિયાનો પ્રતિ લીટરે વધારો કર્યો છે. રાષ્ટ્રવ્યાપી લોકડાઉનને કારણે ઘટતા આવકની ભરપાઈ કરવા માટે રાજ્યોએ બે ઈંધણ પર સ્થાનિક વેચાણ વેરો અથવા વેલ્યુ-એડેડ ટેક્સ (વેટ) વધાર્યા પછી વધારો લાગુ કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, દેશની ઓઈલ માર્કેટિંગ કંપનીઓને પોતાના બેઝિક પેટ્રોલ અને ડીઝલના ભાવમાં છેલ્લા માર્ચ મહિનાથી કોઈ પણ વધારો કર્યો નથી.તાજેતરના સપ્તાહમાં વિવિધ રાજ્ય સરકારો દ્વારા વેટમાં વધારો થવાને કારણે ઈંધણના છૂટક ભાવમાં વધારો થયો છે.

રાજસ્થાનના મુખ્યમંત્રી આવાસમાં ફરજ બજાવતો એક ડ્રાઈવર કોરોના પોઝિટિવ

જયપુર

રાજસ્થાનમાં કોરોના વાયરસ ખૂબ જ ઝડપથી પોતાનો આતંક ફેલાવી રહ્યો છે. હવે આ વાયરસ દેશની જનતાની જેમ જ જયપુરમાં મુખ્યમંત્રી નિવાસ સ્થાન સુધી પહોંચી ગયો છે. પ્રાપ્ય જાણકારી પ્રમાણે અશોક ગહેલોતના નિવાસ સ્થાન પર ફરજ બજાવી રહેલા એક ડ્રાઈવરનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતા ફફડાટ શરૂ થઈ ગયો છે. ત્યારબાદ હવે તેના સંપર્કમાં આવેલા લોકોની શોધખોળ હાથ ધરવામાં આવી છે. તેમને શોધીને તે તમામને ક્વોરન્ટાઈન કરવામાં આવશે.

મુખ્યમંત્રી આવાસમાં કાર્યરત મોટક ગેરેજ વિભાગના ડ્રાઈવર યૂસુફ ખાનનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેઓ ડ્રાઈવર તરીકે ત્રણ દિવસ અગાઉ જ સિવિલ લાઈન્સમાં ફરજ બજાવી રહ્યા હતા. યૂસુફ ખાન ગાંધીનગર ક્વાર્ટરમાં રહે છે. યૂરિન ઈન્ફેક્શન થવાના કારણે તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ય માહિતી અનુસાર તેમના સંપર્કમાં આવેલા કેટલાક લોકોનું સેમ્પલ લઈ લેવામાં આવ્યું છે તેમજ કેટલાક લોકોને ક્વોરન્ટાઈન પણ કરવામાં આવી રહ્યા છે. નોંધનીય છે કે રાજસ્થાનમાં આ જીવલેણ વાયરસના કારણે મૃત્યુ પામનારાઓની સંખ્યા વધીને ૯૦ સુધી પહોંચી ગઈ છ. ફક્ત જયપુરમાં જ કોરોના વાયરસના સંક્રમણના કારણે ૫૦ લોકો મોતને ભેટ્યા છે. રાજ્યમાં કોરોનાના કુલ કેસ વધીને ૩૧૯૩ સુધી પહોંચી ગયા છે.

એથિકલ હેકરનો ૯ કરોડ યૂઝરની પ્રાઈવસી પર જોખમ હોવાનો દાવો

આરોગ્ય સેતુ સંપૂર્ણ સુરક્ષિત એપ, પ્રાઈવસીનો કોઈ ખતરો નથી: સરકારની સ્પષ્ટતા

ન્યુ દિલ્હી

ભારતમાં કોરોના વાઈરસના સંક્રમણથી બચવા માટે શરૂ કરવામાં આવેલા મોબાઈલ ટ્રેકિંગ એપ્લિકેશન 'આરોગ્ય સેતુ' પર છેલ્લા કેટલાક દિવસોથી સવાલ ઉઠાવવામાં આવી રહ્યાં છે. કેટલાક લોકોનું કહેવું છે કે, આ એપ્લિકેશનના ઉપયોગથી લોકોની પ્રાઈવસી જોખમાશે. જો કે આ તમામ સવાલોનો જવાબ આપતા સરકારે જણાવ્યું 'આરોગ્ય સેતુ' સંપૂર્ણ સુરક્ષિત છે અને તેનાથી પ્રાઈવસીનો કોઈ ખતરો નથી.

જણાવી દઈએ કે, કોરોના વાઈરસને ટ્રેક કરવા માટે સરકારે 'આરોગ્ય સેતુ' ની શરૂઆત કરી છે. જેના દ્વારા ઘરે બેઠા જાણ થઈ શકે છે કે, કોરોનાના દર્દીઓ ક્યાં-ક્યાં છે? અને એપ્લિકેશનનો ઉપયોગ કરનાર વ્યક્તિ કોરોના સંક્રમિત છે કે કેમ?

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ 'આરોગ્ય સેતુ' એપ પર સવાલ ઉઠાવતા આરોપ લગાવ્યો હતો કે, આ એપથી લોકોની પ્રાઈવસી જોખમમાં મૂકાઈ શકે છે.

આ અંગેનો જવાબ આપતા સરકારે જણાવ્યું કે, આ એપથી કોઈ પ્રાઈવસીનો ખતરો નથી. 'આરોગ્ય સેતુ' એપ પર સવાલ ઉઠી રહ્યાં છે કે, તેનાથી કોણ, ક્યારે અને ક્યાં જઈ રહ્યું છે? તે તમામ જાણકારી મેળવવામાં આવી શકે છે. સરકારે તેનો જવાબ આપતા જણાવ્યું કે, લૉકેશન ફિચરને ખૂબ જ સુરક્ષિત રીતે બનાવવામાં આવ્યું છે. જેમાં યુઝરનું લોકેશન સુરક્ષિત અને કોડ મારફતે એક સર્વરમાં સેવ થઈ જાય છે. લોકેશન ફિચરનો ઉપયોગ માત્ર ૩ સ્થિતિમાં જ થાય છે. પહેલા જ્યારે કોઈ યુઝર્સ આ એપ પર રજિસ્ટ્રેશન કરી રહ્યો હોય, બીજું જ્યારે તે એપમાં કોરોનાની જાણકારી ભરી રહ્યો હોય અને ત્રીજી વખત જાણકારી આપ્યા બાદ એપ ખુદ યુઝરની લોકેશન ઓટોમેટિક ટ્રેક કરી રહ્યું હોય.

ગ્રામીણ વિસ્તારોમાં ૨૨.૭૦ કરોડ જ્યારે શહેરોમાં ૨૦.૫૦ કરોડ યૂઝર્સ

ગામડાઓમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરનારાઓની સંખ્યા પહેલી વખત શહેરો કરતા વધારે

ન્યુ દિલ્હી

ભારતમાં ત્રીજી વખત લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે, જે ૧૭મી મેના રોજ પૂર્ણ થઈ રહ્યું છે. લોકો લોકડાઉનના કારણે ઘરમાં છે તેમાંથી મોટાભાગના લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરીને પોતાનો સમય પસાર કરી રહ્યા છે. આ બધાની વચ્ચે એવા સમાચાર આવી રહ્યા છે કે, ભારતના ગામડાઓએ શહેરોને ઈન્ટરનેટના વપરાશમાં પાછળ છોડ્યા છે.

ભારતના ગામડાઓમાં શહેરોની સરખામણી કરતા ૧૦ ટકા વધારે ઈન્ટરનેટ યુઝર્સ થઈ ગયા છે. ઈન્ટરનેટ અને મોબાઈલ એસોસિએશન ઓફ ઈન્ડિયાના રિપોર્ટ મુજબ ભારતના ગ્રામીણ વિસ્તારમાં ૨૨.૭૦ કરોડ ઈન્ટરનેટ યુઝર્સ છે, જ્યારે શહેરોમાં આ સંખ્યા ૨૦.૫૦ કરોડ છે.

માર્ચ ૨૦૧૯માં દેશમાં ઈન્ટરનેટ યુઝર્સની સંખ્યા ૪૫.૧ કરોડ હતી, જેમાં ૫.૩ કરોડ યુઝર્સનો વધારો થયો છે. જો ઈન્ટરનેટ યુઝર્સના હાલના ટ્રેન્ડ પર નજર કરીએ તો ગામડાઓની સરખામણીમાં શહેરો કરતા ૧૦ ટકા વધારે ઈન્ટરનેટ યુઝર્સ છે. આ આંકડો નવેમ્બર ૨૦૧૯ સુધીનો છે. માર્ચ ૨૦૧૯માં ભારતમાં ૪૫.૧ કરોડ ઈન્ટરનેટ યુઝર્સ હતા, જેમાં ૫.૩ કરોડ યુઝર્સનો વધારો થયો છે. આ સાથે ભારતમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરનારા લોકોની સંખ્યા ૫૦ કરોડને પાર થઈ ગઈ છે. આ પ્રમાણે પાંચ વર્ષ કરતા વધુ ઉંમરના એક્ટિવ ઈન્ટરનેટ યુઝર્સની સંખ્યા ભારતમાં ૫૦.૪૦ કરોડ થઈ ગઈ છે.

રશિયાએ કિમ જોંગ ઉનને સ્મૃતિરૂપ વૉરમેડલથી નવાજ્યા

મૉસ્કો

રશિયન રાષ્ટ્રપતિ વ્હાદિમિટ પુટિને ઉત્તર કોરિયાના પ્રમુખ કિમ જોન્ગ ઉનને દ્વિતિય વિશ્વયુધ્ધમાં રશિયાએ નાઝી જર્મની પર મેળવેલા વિજયની ૭૫મી જયંતી પ્રસંગે સ્મૃતિરૂપ વોરમેડલથી નવાજ્યા છે. એ યુધ્ધમાં, ઉત્તર કોરિયાની ધરતી પર વીરગતિ પામેલા રશિયન સૈનિકોની સ્મૃતિની જાળવણીમાં એમની ભૂમિકા બદલ ઉત્તર કોરિયાના નેતાને મેડલ એનાયત થયું છે, એમ પ્યોન્ગયાન્ગસ્થિત રશિયન એલચી- કચેરીએ જણાવ્યું હતું.

ઉત્તર કોરિયા ખાતેના રશિયન રાજદૂત એલેકઝાન્ડર માત્સેગોરાએ ઉત્તર કોરિયાના વિદેશ પ્રધાન રિસન-ગ્વોનને એવોર્ડ એનાયત કર્યો છે. આ મહિનાના પ્રારંભે જેમની માંદગી વિષે અફવા ફેલાઈ હતી, એ રાષ્ટ્રપતિ કિમ જોન્ગ ઉન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા નહોતા.

ઉત્તર કોરિયામાં અત્યાર સુધી કોરોનાનો એકપણ કેસ નહીં નોંધાયો હોવા છતાં રશિયન અને ઉત્તર કોરિયન અધિકારીઓ એવોર્ડ કાર્યક્રમમાં મોંઢે માસ્ક બાંધીને ઉપસ્થિત રહ્યા હતા. રશિયાએ ગયા વર્ષે ૯મેએ વિજયના ૭૫માં વર્ષની ખુશાલીમાં કિમને મોસ્કો ખાતે આમંત્રિત કર્યા હતા અને લશ્કરી પરેડનું આયોજન કર્યું હતું. જોકે આ વર્ષે પુટિને કોરોના વાઈરસના ઉપદ્રવના પગલે ગયા મહિને અનિશ્ચિત સમયગાળા સુધી પરેડ મોકૂફ રાખવાની ઘોષણા કરી છે.

૨૦૧૫માં, નાઝી જર્મની પરના વિજયની ખુશાલીની ૭૦મી જયંતીનું આવું જ આમંત્રણ, ઉત્તર કોરિયાના નેતાએ ઘરેલૂ કારણો આપીને ફગાવી દીધુ હતુ.

અમેરિકામાં ટ્રમ્પ સરકાર આકરા પાણીએ

ભારતમાંથી મંગાવેલ હાઈડ્રોક્સીક્લોરોક્વિન દવા પર સવાલ ઉઠાવનાર વૈજ્ઞાનિકની હકાલપટ્ટી

વૉશિંગ્ટન

અમેરિકામાં સરકારી નોકરી કરતા એક વૈજ્ઞાનિકે સરકાર પર આરોપ મુક્યો છે કે, ભારત અને પાકિસ્તાનમાંથી મંગાવાઈ રહેલી હાઈડ્રોક્સીકલોરોક્વીન દવાની ગુણવત્તા સામે સવાલ ઉઠાવવા બદલ મારી હકાલપટ્ટી કરવામાં આવી છે.

હેલ્થ એન્ડ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટમાં કામ કરનારા રિક બ્રાાઈટે આ બાબતે યુએસ ઓફિસ ઓફ સ્પેશ્યલ કાઉન્સિલ સમક્ષ ફરિયાદ પણ કરી છે.જેમાં તેમણે આરોપ લગાવ્યો છે કે, ઉપરી અધિકારીઓએ મેં આપેલી ચેતવણીઓને અને ખાસ કરીને કોરોનાની સારવાર માટે મંગાવાયેલી હાઈડ્રોક્સીક્લોરોક્વીન જેવી દવાઓને લઈને આપેલી વોર્નિંગ નજર અંદાજ કરી છે.

બ્રાઈટનો આરોપ છે કે, પાકિસ્તાન અને ભારતમાંથી થતી દવાની આયાતને લઈને વધારે ચિંતા જનક સ્થિતિ છે.કારણકે અમેરિકાના ફેડરલ ડ્રગ ઓથોરિટી દ્વારા આ દવાઓ જે ફેકટરીમાં બને છે તેનુ નિરિક્ષણ કરવામાં આવ્યુ નથી.આ દવાઓ નકલી પણ હોઈ શકે છે અને તેના કારણે લોકોના સ્વાસ્થ્ય સામે જોખમ પણ સર્જાઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે, ઈમરજન્સીને આગળ ધરીને અમેરિકાએ પાંચ કરોડ હાઈડ્રોક્સીક્લોરોક્વીન મંગાવી છે.બ્રાઈટરનો આરોપ છે કે, સુરક્ષિત અને વૈજ્ઞાનિક રુપથી પ્રમાણિત સંસાધનો પર ખર્ચો કરવા પર મેં ભાર મુક્યો હતો.જેના કારણે મને મારા પદ પરથી હટાવી દેવાયો છે.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

યુએનની વારંવાર આડ

પાકિસ્તાનની શરૂઆતથી જ એવી નિતી રહી છે કે જ્યારે પણ કોઈ તક સંયુક્ત રાષ્ટ્રમાં મળે ત્યારે તે ભારતની સામે માહોલ સર્જવાના પ્રયાસ કરે છે. બીજા દેશોની સાહનુભુતિ હાંસલ કરવાના ઈરાદા સાથે આ મુદ્દા યુએનમાં ઉઠાવવામાં આવે છે. જો કે આના કારણે તેની છાપ વધારે ખરાબ થઈ રહી છે. પાકિસ્તાન આ મામલે હવે દુનિયાના દેશોથી અલગ પડી રહ્યુ છે. યુએન આ પ્રકારની બાબતો રજૂ કરવા માટે કોઈ મંચ નથી. સાથે સાથે પાકિસ્તાન પોતાના આવા પ્રયાસો મારફતે દુનિયાના દેશોની સાહનુભુતિ મેળવી પણ શકશે નહી. કાશ્મીરમાં હિઝબુલ લીડર વાનીના મોત અને ત્યારબાદ કાશ્મીરમાં ફેલાયેલી હિંસા તેમજ કાશ્મીરમાં કલમ ૩૭૦ને દુર કરવા જેવી બાબતને લઈને પાકિસ્તાને હમેંશા યુએનમાં રજૂઆત કરી છે. જો કે તેના તર્ક પર ધ્યાન આપવામાં આવ્યુ હતુ. કાશ્મીર મામલે તો વર્ષોથી તેની યુએનમાં અલગ રણનિતી રહેલી છે. ભારતની શરૂઆતથી જ રજૂઆત રહી છે કે કાશ્મીરનો મામલો દ્વિપક્ષીય છે અને ચર્ચા માટે તેને ઉકેલી શકાય છે. ત્રીજા કોઈ દેશની મધ્યસ્થીને ચલાવી લેવામા આવનાર નથી. કાયદો અને વ્યવસ્થાની સ્થિતી રહેલી છે. થોડાક વર્ષો પહેલા યુએનમાં પાકિસ્તાન તરફથી કાશ્મીર અને વાનીને મારી નાંખવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ મુદ્દો યુએનથી જનરલ એસેમ્બલીમાં માનવ અધિકાર પર ચર્ચા દરમિયાન ઉઠાવ્યો હતો. ૧૯૩ સભ્યોની સામે આ મુદ્દો રજૂ કર્યો હતો. પાકિસ્તાન તરફથી કાશ્મીરનો મુદ્દો ઉઠાવતા વાનીને ઠાર મારી દેવાનો મામલો રજૂ કર્યો હતો. તેને મારી નાંખવાના મુદ્દાને એક્સ્ટ્રા જ્યુડિશિયલ કિલિંગ તરીકે ગણાવીને તેની ઝાટકણી કાઢી હતી. ભારતે વળતા ખુબ જ તેજાબી પ્રહારો પાકિસ્તાન પર કર્યા હતા. ભારતે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે પાકિસ્તાન ત્રાસવાદીઓના ગુણગાણ કરે છે. ભારતે એમ પણ કહ્યુ હતુ કે પાકિસ્તાને ત્રાસવાદને સ્ટેટ પોલીસીનો એક હિસ્સ બનાવી લેતા તેના કારણે ત્રાસવાદને પ્રોત્સાહન મળે છે. પાકિસ્તાનની જોરદાર ઝાટકણી કાઢતા ભારતે કહ્યુ હતુ કે તે બીજાના વિસ્તારમાં યુવાનોને ગેરમાર્ગે દોરવાનુ કામ કરી રહ્યુ છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના રાજદુતે એ વખતે કહ્યુ હતુ કે પાકિસ્તાન દ્વારા ખતરનાક નિતી અપનાવવામાં આવી રહી છે. સુત્રોએ કહ્યુ છે કે હાલના વર્ષોમાં પાકિસ્તાનને ભારત દ્વારા આપવામાં આવેલી સૌથી કઠોર પ્રતિક્રિયા છે. ભારત તરફથી કહેવામાં આવ્યુ હતુકે પાકિસ્તાન ત્રાસવાદીઓની મદદ કરી રહ્યુ છે.તે ત્રાસવાદીઓની પ્રશંસા કરે છે. એમ કરવાથી માનવ અધિકાર સંસ્થામાં સસ્થાન મળી શકે નહી. તેને પોતાના ટ્રેક રેકોર્ડ પણ નજર કરવી જોઈએ. પાકિસ્તાન દ્વારા યુએન પ્લેટફોર્મનો પણ દુરૂપયોગ કરવામાં આવી રહ્યો છે. ભારતીય રાજદૂતે કહ્યું હતું કે પાકિસ્તાન દ્વારા સમગ્ર વિશ્વના દેશોને ગેરમાર્ગે દોરવાનું કામ કરવામાં આવી રહ્યું છે. પાકિસ્તાન એક એવા દેશ તરીકે છે જે બીજાના ક્ષેત્રોમાં દરમિયાનગીરી કરે છે અને લાલચ રાખે છે. આ એક એવા દેશ તરીકે છે જે આતંકવાદને સ્ટેટ પોલિસી બનાવીને આગળ વધે છે. આનો અંત લોકોને ગેરમાર્ગે દોરીને થાય છે. આતંકવાદીઓની સતત પ્રશંસા પાકિસ્તાન કરે છે.

ભુલો કરીને પાકિસ્તાન આખરે યુએનમાં પહોંચી જાય છે : પાકિસ્તાનની જુની ટેવ

કોરોનાકાળથી બોધપાઠ લઈને પ્રાથમિકતા આપવાની જરૂર છે....

તબીબી સાધન પર ખાસ ધ્યાન જરૂરી

આરોગ્યના ક્ષેત્રમાં વધુ ઝડપથી કામ કરવાની જરૂર છે. કોરોના વાયરસના કારણે એક બાબત તો ઉભરીને આવી ચુકી છે કે ભારતમાં મર્યાદિત તબીબો સાધનો રહેલા છે. આ સાધનોને વધુ પ્રમાણમાં અતિ ઝડપથી વિકસિત કરવાની જરૂર દેખાઈ રહી છે. કોરોના બાદ હવે દુનિયાના દેશો આરોગ્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા લાગી ગયા છે. અમેરિકા સહિતના દેશો આના પર વધારે ધ્યાન આપી રહ્યા ન હતા. પરંતુ હવે સ્થિતી બદલાઈ ગઈ છે. કોરોના જેવી જીવલેણ બિમારી અને અન્ય તકલીફોની સારવાર ઝડપથી શક્ય બને તેવી સ્થિતી રહેલી છે. આરોગ્યને પ્રાથમિકતા આપી દેવાની જરૂર છે. જુદી જુદી જીવલેણ બિમારીને રોકવા માટે પગલા જરૂરી છે. કોરોના વાયરસના કારણે અનેક નવી બાબતો સપાટી પર આવી રહી છે. જેનાથી શીખીને આગળ વધવાની જરૂર છે. વધુ પ્રમાણમાં ટેસ્ટ વ્યવસ્થા માટે લેબ, હોસ્પિટલો અને અન્ય સુવિધા વિકસિત કરવાની જરૂરછે. તબીબોને યોગ્ય ટ્રેનિંગની પણ જરૂર છે. વધુ પ્રમાણમાં તબીબોની જરૂરીયાત દેખાઈ રહી છે. આરોગ્ય ક્ષેત્રને મોદી સરકાર આવ્યા બાદ વધુ ધ્યાન આપીને નાણાં આપી રહી છે પરંતુ જે રીતે કોરાના કારણે સ્થિતી ઉભી થઈ છે તે જોતા સર્વોચ્ચ ધ્યાન હવે આરોગ્ય પર આપવામાં આવે તે જરૂરી છે. આવનાર સમયમાં પણ તબીબી ચીજવસ્તુઓને વધુ સસ્તી બનાવવામાં આવે તે દિશામાં પહેલ થઈ રહી છે. સસ્તા વિકલ્પો કયા છે તે ઉપર સતત વિચારણા ચાલી રહી છે. મેડિકલના સાધનો અને દવાઓને લઈને ઘણા સમયથી ચર્ચા છે કે આ તમામને ગરીબ અને મધ્યમવર્ગના લોકોને પોષાય તે સ્તરે લાવવામાં આવે અને આ દિશામાં ઘણી પહેલ પણ થઈ ચુકી છે. હવે સરકાર તબીબી સાધનની કિંમતોને મર્યાદિત કરે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. આ તમામ બાબતોની નોંધ લઈને હવે નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈઝીંગ ઓથોરિટીએ જહોનસન



કોરોના સહિત જુદા જુદા જીવલેણ રોગની સારવાર ઝડપથી શક્ય બની શકે તે પ્રમાણમાં પુરતા ટેસ્ટ સાધનો, દવા તૈયાર કરવાની જરૂર છે

એન્ડ જહોન્સન, જીમમેર અને સ્ટ્રેકર જેવી મહાકાય કંપનીઓને કેટલીક સ્પષ્ટ સૂચનાઓ આપી દીધી છે. આ સૂચનાઓને પાળવાની દિશામાં કંપનીઓ આગળ પણ આવી રહી છે. સામાન્ય લોકોને પોષાય તે કિંમતે તબીબી સુવિધા મળે તે દિશામાં પણ ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. વર્તમાન સમયમાં આ પ્રકારના તબીબી સાધનો પર કોઈ પણ કિમત મર્યાદા નક્કી કરવામાં આવી નથી. આનો મતલબ એ થયો કે જુદી જુદી હોસ્પિટલો દ્વારા જુદા જુદા ચાર્જ લેવામાં આવે છે. પરિસ્થિતિ મુજબ લાભ ઉઠાવવામાં આવે છે. પરંતુ હવે એમપીપીએ દ્વારા કમર કસી લેવામાં આવી છે અને કહેવામાં આવ્યુ છે કે કંપનીઓને છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં તેમના દ્વારા અમલી કરવામાં આવેલી કિંમતોમાં વધારાની તમામ માહિતી આપવામાં આવે. સરકારે પણ કાર્ડિયાક સ્ટેન અને ઈમ્પ્લાન્ટ જેવા તબીબી સાધનો માટે ભાવ મર્યાદા નક્કી કરવાની દિશામાં પહેલ કરી છે. કારણ કે આ પ્રકારની ચીજવસ્તુઓ ખૂબ મોંઘી પડે છે. સરકાર એવી ખાતરી કરવા પણ ઈચ્છે છે કે આ સાધનમાં કિંમતમાં વધારો વાર્ષિકરીતે ૧૦ ટકાથી પણ ઓછો હોવો જોઈએ. ઉપરાંત આ સાધનો ડ્રગ્સ એન્ડ કોસ્પમેટિક એક્ટ હેઠળ આવી જવા જોઈએ. આ બિમારીઓની દવાઓ પણ ભાવ નિયંત્રણ હેઠળ આવવી જોઈએ. માત્ર ૧૦ ટકાથી વિશેષ વધારે ઝુકવાની સ્થિતિમાં કંપનીઓ સામે પગલા લેવામાં આવે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. ભારતમાં સામાન્યરીતે હીપ અને ઘૂટણના ઈમ્પ્લાન્ટનો ખર્ચ સરેરાશ ૫૦થી ૯૦ હજારની આસપાસ આવે છે. આમાં પણ ઉપયોગ કરવામાં આવેલા ઈમ્પ્લાન્ટના ટાઈપ ઉપર આ બાબત આધારિત રહે છે. ઈમ્પ્લાન્ટ કિંમતી અને સસ્તા તેના પણ વિકલ્પ રહે છે. આ બાબત નોંધનીય છે કે ભારતમા બીજી વખત એનપીપીએ દ્વારા મહત્તમ રિટેલ કિંમતો અથવા તો એમઆરપી જેવા ડેટા આપવા મેડિકલ સાધનો બનાવતી કંપનીઓને સૂચના આપવામાં આવી છે. આ સૂચના એમપીપીએ દ્વારા આપી દેવામાં આવ્યા બાદ કંપનીઓમાં પણ ભાગદોડ મચી ગઈ છે. કેટલાક મામલાઓમાં આયાતના ખર્ચને પણ આવરી લેવામાં આવે છે કારણ કે ભારતમાં આ પ્રકારના સાધનો ઉપલબ્ધ બનતા નથી.

સરકાર આ પ્રકારના મહત્વના સાધનોની કિંમતો પર નજર રાખવા માંગે છે કારણ કે આ વર્ષની શરૂઆતમાં કિમતોની જાહેરાત નહીં કરવા બદલ કારણદર્શક નોટિસ પણ ફટકારવામાં આવી ચુકી છે. અન્ય એક સંબંધિત ઘટનાક્રમમાં પણ કેટલીક નવી મહત્વની પહેલ કરવામાં આવી ચુકી છે. કોરોના વાયરસના કારણે હવે સ્થિતી વધારે ગંભીર બની ગઈ છે.

અમદાવાદ કમિશનર વિજય નહેરાના ક્વોરન્ટાઈન થવા પાછળનું રાજકારણ શું? સરકાર નિષ્ફળતાનું ઠીકરું અધિકારી માથે ફોડવા માગે છે?

મુખ્યમંત્રી વિજય રુપાણીની ગુડબુકમાં રહેલા વિજય નહેરા છેલ્લા પચાસ દિવસથી ગુજરાતના વિવિધ ઉચ્ચ અધિકારીઓને ખટકી રહ્યા હતા. અમદાવાદમાં કોરોના પોઝિટિવના દર્દીઓની સંખ્યામાં એક તરફ વધારો થઈ રહ્યો હતો. બીજી તરફ કોર્પોરેટ કંપનીઓ સતત રાજય સરકારને લોકડાઉન ખોલવા દબાણ કરી રહી હતી. લોકડાઉન ખોલવાનો સૌથી વધુ વિરોધ વિજય નહેરાએ નોંધાવ્યો હતો. આમ છેલ્લા બે અઠવાડિયાથી વિજય નેહરા અને ગુજરાત સરકાર વચ્ચે ચાલી રહેલા ખટરાગ દરમિયાન વિજય નેહરાએ અચાનક સેલ્ફ ક્વોરન્ટીન થવાની જાહેરાત કરી. રાજય સરકાર અને નેહરા વચ્ચેના ખટરાગને હવે સમર્થન મળી રહ્યું છે.

અમદાવાદના પૂર્વ મ્યૂનિસિપલ કમિશનર મુકેશ કુમારે નેહરાની ગેરહાજરીમાં મ્યૂનિસિપલ કમિશનરનો ચાર્જ સંભાળી લીધો છે. હવે અમદાવાદને સલામત બનાવવાની જવાબદારી તેમના શિરે છે.

અમદાવાદ શહેરમાં ૧૭મી માર્ચે કોરોના વાયરસનો પહેલો પોઝિટિવ કેસ નોંધાયા પછી અમદાવાદ કોર્પોરેશન દ્વારા એગ્રેસિવ ટેસ્ટીંગની શરૂઆત કરવામાં આવી હતી. અમદાવાદની ૮૦ લાખની વસ્તી, ગીચ કોટ વિસ્તાર, હજારોની સંખ્યામાં અમદાવાદ આવી રહેલા એનઆરઆઈ તેમજ જમાતીઓના આગમનને પગલે અમદાવાદની સ્થિતિ વિકટ બની છે.

જોકે વિજય નેહરાની વ્યૂહ રચના પ્રમાણે પોઝિટિવ દર્દીઓની સંખ્યામાં ભલે વધારો દેખાય તો પણ એગ્રેસિવ ટેસ્ટિંગ કરવું અને જડબેસલાક લોકડાઉન રાખવું તેવા નિર્ણયોના કારણે મુંબઈ પછી ભારતમાં સૌથી વધુ પોઝિટિવ કેસ અમદાવાદમાં જોવા મળે છે. વિજય નેહરા માનતા હતા કે, શાહમૃગની જેમ રેતીમાં મોંઢું નાખી તોફાન નથી તેવું માનવાને બદલે સ્થિતિ સામે લડી લેવું જોઈએ, પોઝિટિવ દર્દીઓની સંખ્યા છૂપાવાથી કોરોનાની સ્થિતિ વધુ વિકટ બનશે.

જોકે સમગ્ર દેશમાં કોરોનાની મહામારી દરમિયાન જે રીતે રાજકીય નેતાગીરી ભૂગર્ભમાં ચાલી ગઈ તે જ રીતે ગુજરાત અને અમદાવાદમાં પણ રાજકીય નેતાઓ અધિકારીઓના ભરોસે ગુજરાતીઓને મુકી ગયા હતા.

વિજય નેહરા દ્વારા લેવામાં આવી રહેલા પગલા મેરિટના આધારે નક્કી કરવાને બદલે પોઝિટિવ દર્દીઓની સંખ્યા કેમ વધી રહી છે. તેવી સતત પુછપરછ રાજય સરકાર દ્વારા કરવામાં આવી રહી હતી.

બીજી તરફ લોકડાઉનને કારણે કોર્પોરેટ કંપનીઓ સતત સરકારને દબાણ કરી રહી હતી કે લોકડાઉન ખોલી નાખવામાં આવે અથવા ધંધા રોજગાર ચાલી શકે તેટલી છૂટછાટ આપવામાં આવે. ૨૬મી એપ્રિલના રોજ રાજય સરકારે અમદાવાદમાં ધંધા રોજગારને છૂટ આપવાનો નિર્ણય લઈ લીધો હતો પરંતુ વિજય નેહરાએ તેનો સખ્ત વિરોધ કરી અમદાવાદમાં કોઈપણ ભોગે તેઓ લોકડાઉન દરમિયાન છૂટછાટ આપશે નહીં તેવું રાજય સરકારને સ્પષ્ટ કરી દીધું હતું. જયંતિ રવિ, અનિલ મુકીમ, અશ્વિની કુમાર, કે કૈલાસનાથન સહિતના અધિકારીઓ હવે વિજય નેહરા સાથે સહમત થઈ રહ્યા ન હતા.

આ સ્થિતિમાં વિજય નેહરાને અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર તરીકે ખસેડી અન્ય મ્યૂનિસિપલ કમિશનર મુકવાનો રાજય સરકારે નિર્ણય કર્યો હતો, આમ સરકાર પોતાની સ્ટ્રેટેજી ફેલીયર માટે વિજય નેહરાને જવાબદાર ઠેરવવા માગતી હતી પરંતુ કોઈ એક મુદ્દે વિજય નેહરાના કામ પર આંગળી મુકી શકાય તેવી સ્થિતિ ન હતી. કોર્પોરેટ હાઉસના દબાણ અને સિનિયર સેક્રેટરીસની નારાજગી વચ્ચે વિજય નેહરાને રજા પર ઉતારી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, પરંતુ આવા સમયે વિજય નેહરા રજા પર જાય તો ખુદ નેહરા અને રાજય સરકારની બદનામી થાય તેવો ડર હોવાને કારણે વિજય નેહરાએ પોતાને સેલ્ફ ક્વોરન્ટીન કર્યા છે તેવું ટ્વીટ તેમની પાસે કરાવી મુકેશ કુમારને અમદાવાદનો હવાલો સોંપાયો છે.

મુકેશ કુમાર અમદાવાદના કમિશનર રહી ચુક્યા છે, તેઓ અમદાવાદની ભૂગોળ, સમસ્યા અને વહીવટી તંત્રથી વાકેફ છે. તેમની દાનત અને મહેનત પર કોઈ શંકા નથી પરંતુ કોઈપણ મેચમાં અડધી મેચમાં કેપ્ટન બદલવામાં આવે ત્યારે નવા કેપ્ટન માટે પણ મેચ જીતવી મુશ્કેલ કામ હોય છે. હવે આ કાંટાળો તાજ મુકેશ કુમારના માથે છે.

કોરોના મહામારીમાં અધિકારીઓ આગળ, મંત્રીઓ ક્યાંય જડતા જ નથી આવું કેમ રૂપાણી સાહેબ?

ભૂકંપ-પૂર-ગોધરા જેવી આપત્તિમાં મેનેજમેન્ટ અને કંટ્રોલરૂમ સંભાળનારા મંત્રીઓ.કોરોનામાં ક્યાં લપાઈ ગયા? : જો ડોક્ટરો-નર્સો જાનનું જોખમ લઈને કોરોનાનો સામનો કરી રહ્યાં હોય તો કેટલાક મંત્રીઓ કે ધારાસભ્યો જોખમ ના લઈ શકે.?

ગુજરાતમાં કોરોના મહામારીએ એટલી માઝા મૂકી છે કે એક જ દિવસમાં ૪૯ લોકોના મોત થયા છે. કુલ ૩૩ જિલ્લામાંથી ૩૨ જિલ્લામાં કોરોના ફેલાઈ ગયો છે. લોકડાઉન-૨ અને લોકડાઉન-૩માં કોરોના કેસો એકલા અમદાવાદમાં એટલા બધા વધ્યા કે ક્યાંક અમદાવાદ બીજુ વુહાન ના બની જાય....! ગુજરાતમાં એટલી ભયાવહ સ્થિતિ છે કે લોકોને તંત્ર પર વિશ્વાસ રાખવો કે કેમ તે એક સવાલ છે. કેમ કે કેસો વધતાં ગયા ત્યારે સરકાર તરફથી પ્રવક્તા મહિલા અધિકારી દ્વારા એમ કહેવાયું કે ભવે કેસો વધે, પણ ડોન્ટ વરી...ગભરાશો નહીં...! કેસ વધે તો સરકાર ભલે ચિંતા ના કરે પરંતુ લોકોને તો ચિંતા થાય તે સ્વાભાવિક છે. પરંતુ એક બીજી અસ્વાભાવિક બાબતની ગુજરાત નોંધ લઈ રહ્યું છે આપત્તિના સમયે કાઠુ કાઢનાર ગુજરાતમાં આ વખતે કોરોના મહામારીમાં મંત્રીઓ કેમ ગાયબ છે આપત્તિનો સામનો કરવામાં...?મોરબી ડેમ તૂટ્યો ત્યારે તે વખતના મુખ્યમંત્રી ગાંધીનગર છોડીને મોરબીમાં ધામા નાંખીને રહ્યાં હતા અને રાહત કાર્ય પર સીધી દેખરેખ રાખી હતી. હાલના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અમદાવાદના સૌથી વધુ કોરોનાના કેસો નોંધાયા એ વિસ્તારની મુલાકાતે ગયા...? જવાબ આપવાની જરૂર છે ખરી...?

ગુજરાતનો એ વારસો રહ્યો છે કે આપત્તિના સમયે મંત્રીઓએ મોરચો સંભાળ્યો છે. ભૂકંપ વખતે મંત્રીઓને જે તે ભૂકંપગ્રસ્ત જિલ્લા કે વિસ્તારની જવાબદારી સોંપાઈ હતી. ગોધરાના રમખાણો વખતે મંત્રીઓએ પોલીસ કન્ટ્રોલ રૂમમાં બેસીને કામગીરી પર સીધી દેખરેખ રાખી હતી. પૂર વખતે પણ મંત્રીઓને જે તે પૂરગ્રસ્ત વિસ્તારોની જવાબદારી સોંપવામાં આવતી હતી. પરંતુ આ વખતે કદાચ કોરોનાનો ચેપ ના લાગે તેવી કોઈ બીક કે ડરના માર્યા મંત્રીઓ મોરચેથી ગાયબ છે. ગાયબ શું આવ્યાં જ નથી. આવ્યાં હોય તો ગાયબ થાય. અહીં તો એક પણ મંત્રીને કોરોનાગ્રસ્ત જિલ્લાની જવાબદારી સોંપવામાં આવી નથી. રેડઝોન અમદાવાદમાં તો એટલી ખરાબ હાલત છે કે એક એક વિસ્તારમાં એક એક મંત્રીને નિમવા પડે તો જ રોગચાળાને કાબુમાં લેવામાં કંઈક સફળતા મળે. પરંતુ કોરોના સામેની લડાઈમાં અગ્રમ મોરચે કોણ છે....?


ચૂંટાયેલી પાંખના મંત્રીઓના સ્થાને અધિકારીઓનો ચહેરા ટીવી દ્વારા લોકો સુધી પહોંચી રહ્યાં છે. કોરોનાની માહિતી માટે મહિલા અધિકારી જયંતિ રવિ. સરકારના પગલાની માહિતી માટે અશ્વિનીકુમાર. અને હવે અમદાવાદનો હવાલો કમિશ્નર વિજય નેહરાને હટાવીને સીધા ગાંધીનગરથી મૂકાયેલા રાજીવ ગુમાને સોંપાયો, આરોગ્ય વિભાગનો હવાલો પંકજકુમારને સોંપાયો. ક્યાંય મંત્રીઓના નામો દેખાતા નથી....!


આ તે કેવી સરકાર છે....આ તે કેવા મંત્રીઓ છે કે જે પ્રજાની મુશ્કેલીમાં તેમની પડખે નથી....! મંત્રીઓની સાથે સાથે સત્તાપક્ષ ભાજપના કોઈ ધારાસભ્ય કે સાંસદ કોરોનાની મહામારીમાં તેમના ખબરઅંતર પૂછવા પણ જતાં નથી...! ભૂકંપ વખતે મંત્રીઓને જવાબદારી સોંપાઈ હતી. ભલે તેમાં કોઈ લાભાલાભ ના હોય પણ હાલમાં કોરોનાની મહામારીમાં જો પ્રજાના પ્રતિનિધિઓ પ્રજાની વચ્ચે જશે તો તેમાં જીવનનો લાભા જ લાભ છે....! હાલમાં મંત્રીઓ કે ધારાસભ્યો વગેરે. કોરોનાગ્રસ્તોને મળશે તો તેઓ તેમને જીવનભર યાદ રાખશે. યાદ રહે કે ગાંધીજીએ કુષ્ઠરોગીઓની સારવાર કરી હતી. કમસે કમ તેમાંથી પ્રેરણા લઈને કોઈ મંત્રી લીલીઝંડી ફરકાવવાને બદલે સીવીલ હોસ્પિટલની મુલાકાત લે તો કેટલાય કોરોના દર્દીઓમાં રોગ સામે લડવાનો જોમ અને જુસ્સો વધે. તેમને એમ થાય કે મંત્રીઓ કે પ્રતિનિધિઓ માત્ર વોટ લેવા જ આવતા નથી, તેમની કપરી મુશીબતમાં પણ ખબર કાઢવા આવે છે.

કોરોના સામેની લડાઈમાં ભાજપ સરકારના મંત્રીઓ અને મુખ્યમંત્રીની ગેરહાજરી એ બાબતનો પુરાવો છે કે રૂપાણી સરકાર અધિકારીઓના ભરોસે ચાલી રહી છે. સરકારના મંત્રીઓ પણ કોરોનાના ચેપીરોગથી ડરીને સરકારી બંગલામાં લપાઈને બેસી ગયા છે. ૨૫ વર્ષ સત્તા ભોગવનાર સરકારને હજુ પણ ખબર નથી કે આપત્તિનો સામનો કઈ રીતે કરવો અને સરકારના મંત્રીઓની તેમાં શું ભૂમિકા હોવી જોઈએ. જિલ્લા આયોજનમંડળની બેઠકમાં પ્રભારી મંત્રી નિયમિત હાજરી આપે તો કોરોનાના કપરાકાળમાં કોઈ સરકારી હોસ્પિટલની મુલાકાત લેતાં શરમ નથી આવતી પણ તેમને કદાચ પેલા શબ્દો યાદ આવતા હશે- જાન હૈ તો જહાન હૈ....! સાહેબાન, જો આ જ શબ્દો કોરોના સામે લડી રહેલા કોરોના વોરિયર્સ ડોક્ટરો-નર્સો યાદ રાખે તો શું થાય...?

જો ડોક્ટરો-નર્સો જાનનું જોખમ લઈને કોરોનાનો સામનો કરી રહ્યાં હોય તો કેટલાક મંત્રીઓ કે ધારાસભ્યો જોખમ ના લઈ શકે....?

માતા અને પત્ની સાથેનો રિશી કપૂરનો ફોરો શેર કરી દીકરી રિધ્ધિમા કહી ભાવુક વાત





મુંબઈ

રિધ્ધિમા કપૂરે પિતા રિશી કપૂરને યાદ કરીને સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી છે. ૬૭ વર્ષીય રિશી કપૂરનું મૃત્યુ ૩૦ એપ્રિલે થયું હતું. પિતાના નિધનના દિવસે રિધ્ધિમા મુંબઈમાં હાજર ન હતી. શનિવારે મોડી રાત્રે તે દિલ્હીથી મુંબઈ બાય રોડ પહોંચી હતી. રિધ્ધિમા સોશિયલ મીડિયા પર પિતાને યાદ કરીને પોસ્ટ કરતી રહેતી હોય છે. તેણે પિતાનો અને માતા નીતુ કપૂરનો લગ્નનો ફોટો શેર કર્યો હતો. ઉપરાંત રિશી કપૂર અને તેમના મમ્મી કિષ્ના રાજ કપૂરનો ફોટો તેણે ઈન્સ્ટા સ્ટોરીમાં શેર કર્યો હતો. તેણે લખ્યું કે, તેમના સૌથી વધુ ગમતા વ્યક્તિને ફરી મળી ગયા.

બે વર્ષ સુધી કેન્સર સામે લડ્યા બાદ રિશીએ ૩૦ એપ્રિલે મુંબઈની રિલાયન્સ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. રિશી કપૂરની અંતિમ વિધિમાં તેમની દીકરી રિધ્ધિમા લોકડાઉનને કારણે હાજર રહી શકી ન હતી. દિલ્હી કોર્પોરેશન દ્વારા રિધ્ધિમાને મંજૂરી મળતા તે અંદાજે ૩૬ કલાકમાં દિલ્હીથી મુંબઈ ૧૪૦૦ કિલોમીટરનો સફર ખેડીને શનિવારે મોડી રાત્રે બાય રોડ પહોંચી હતી. રિધ્ધિમા તેની દીકરી સમારા સાથે મુંબઈ આવી છે. રિધ્ધિમાના આવ્યા બાદ ઘરે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. બાણગંગા ટેંકમાં રિશીની અસ્થિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

ઈંગ્લેન્ડ અને 'ધ હંડ્રેડ' માં રોકાણ કરવાની તૈયારી માં કિંગ ખાન



મુંબઈ

કોરોના વાયરસના સંકટના કારણે હાલ દેશમાં લોકડાઉન છે જેથી ક્રિકેટની મોટી ટુર્નામેન્ટ ઈન્ડિયન પ્રીમિયર લીગ હાલ રદ કરવામાં આવી છે. લોકડાઉન હટ્યા બાદ આઈપીએલનું આયોજન કરવામાં આવશે કે નહીં તે અંગે અત્યારે કોઈ સ્પષ્ટતા નથી. પરંતુ ક્રિકેટ ફેન્સને આશા છે કે લોકડાઉન બાદ આઈપીએલનું આયોજન થઈ શકે છે. ત્યારે આ દરમિયાન આઈપીએલની ફ્રેન્ચાઈઝી કોલકાતા નાઈટ રાઈડર્સના માલિક(શાહરૂખ ખાન અને અન્ય) ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડના નવા ક્રિકેટ ટુર્નામેન્ટ 'ધ હંડ્રેડ' માં રોકાણ કરવાની યોજના બનાવી રહ્યા છે. એક મીડિયા રિપોર્ટ મુજબ શાહરૂખ ખાનના માલિકીની કેકેઆર ફ્રેન્ચાઈઝી ૧૦૦ બોલ વાળી પ્રતિયોગિતામાં રોકાણ કરવા માટે તૈયાર છે.

માહિતી મુજબ 'ધ હંડ્રેડ' ક્રિકેટ ટુર્નામેન્ટ આ વર્ષે જુલાઈમાં શરૂ થવાની હતી પરંતુ મહામારી કોરોના વાયરસના સંકટના કારણે આને આગામી વર્ષ માટે સ્થગિત કરવામાં આવી છે. રિપોર્ટ મુજબ કેકેઆર માલિકોની હિસ્સેદારી વેસ્ટ ઈન્ડિઝમાં થનારી 'કેરેબિયન પ્રીમિયર લીગ'માં પણ છે. કેકેઆરએ ૨૦૧૫માં ત્રિનિદાદ ફ્રેન્ચાઈઝીને ખરીદી હતી.

રૈનાના દાવા પર ટીમ ઈન્ડિયાના પૂર્વ ચીફ પસંદગીકાર એમએસકે પ્રસાદે વળતો જવાબ

૨૦૧૮-૧૯ની સીઝનમાં રૈના ફોર્મમાં આવે તેવુ લાગતુ જ નહોતુ એટલે નહોતું થયું સિલેકશન





નવી દિલ્હી

ભારતીય ક્રિકેટર સુરેશ રૈનાએ હાલમાં જ સોશિયલ મીડિયા પર કહ્યું હતુ કે રાષ્ટ્રીય પસંદગી સમિતિ તેની સાથે અન્યાય કરી રહી છે. પોતે ફીટ હોવા છતાં ટીમ ઈન્ડિયામાં તેને સ્થાન મળ્યું નથી. એટલું જ નહી રૈનાએ દાવો કર્યો છે કે તેને કોઈ કારણ પણ નથી આપવામાં આવ્યું કે શા માટે તેને ટીમમાંથી બહાર રાખવામાં આવ્યો છે. સુરેશ રૈનાએ આ આરોપો પર ટીમ ઈન્ડિયાના પૂર્વ ચીફ પસંદગીકાર એમએસકે પ્રસાદે વળતો જવાબ આપ્યો હતો. પ્રસાદે કહ્યું કે વર્ષ ૨૦૧૮-૧૯ની ઘરેલું સીઝનમાં રૈના ફોર્મમાં આવે તેવુ લાગતુ જ નહોતુ. ભારત માટે ૨૨૬ વનડે અને ૭૮ ટી-૨૦ સિવાય ૧૮ ટેસ્ટ રમાઈ ગયા છે અને ૩૩ વર્ષનો રૈના છેલ્લે આંતરરાષ્ટ્રીય મેચ જુલાઈ ૨૦૧૮માં ઈંગ્લેન્ડ વિરૂદ્ધ રમ્યો હતો.

ગયા વર્ષે નેધરલેન્ડમાં ઘૂંટણની સર્જરી કરાવનાર સુરેશ રૈના ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી રમીને ઈન્ડિયન પ્રીમિયર લીગમાં પાછા ફરવા માંગે છે. પણ હવે લીગ મુલતવી રાખવામાં આવી છે. પ્રસાદે કહ્યું, 'વીવીએસ લક્ષ્મણને ૧૯૯૯માં ભારતીય ટેસ્ટ ટીમમાંથી બહાર કરવામાં આવ્યા હતા, ત્યારબાદ તે ઘરેલું ક્રિકેટ રમ્યો હતો. ૧૪૦૦ રનમાં, સિનિયર ખેલાડીઓ પાસેથી આ અપેક્ષા છે. રૈનાએ ૨૦૧૮-૧૯ની સ્થાનિક સીઝનમાં પાંચ રણજી મેચોમાં ૨૪૩ રન બનાવ્યા હતા. આઈપીએલ ૨૦૧૯માં તે ૧૭ મેચોમાં ૩૮૩ રન બનાવી શક્યો હતો. પ્રસાદે કહ્યું, સુરેશ રૈનાનું ફોર્મ ઘરેલું ક્રિકેટમાં દેખાતું નથી જ્યારે અન્ય યુવાનોએ શાનદાર પ્રદર્શન કરીને પોતાનો દાવો સાબિત કર્યો હતો.

રૈનાએ યુટ્યુબ શો 'સ્પોર્ટ્સ તકમાં પસંદગીકારો પર આરોપ મૂક્યો હતો કે તેને શા માટે પડતો મુકાયો તે કારણો આપ્યા નથી. જ્યારે પ્રસાદે કહ્યું કે તે સાચું નથી. તેણે કહ્યું, આ ખુબદ દુ:ખદ વાત છે તેણે કહ્યું કે પસંદગીકારો રણજી મેચ જોતા નથી. છેલ્લા ચાર વર્ષમાં રાષ્ટ્રીય પસંદગી સમિતિએ કેટલા મેચ જોયા છે તેના પર બીસીસીઆઈના રેકોર્ડ તપાસો. જો એમએસકે પ્રસાદનો આ દાવો સાચો છે, તો શું સુરેશ રૈના ખોટું બોલે છે? સાચું શું છે, તે બહુ જલ્દી સામે આવશે.

કોરોનાથી ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડને ૩૬૦૦ કરોડના નુકસાનની સંભાવના

પહેલીવાર ઈંગ્લેન્ડમાં થનાર 'ધ હન્ડ્રેડ' લીગને એક વર્ષ માટે મુલતવી




નવી દિલ્હી

કોરોનાવાયરસથી ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઈસીબી) ને આશરે ૩૬૦૦ કરોડ (૩૮૦ મિલિયન પાઉન્ડ) નું નુકસાન થવાની સંભાવના છે. ઈસીબીના ચીફ એક્ઝિક્યુટિવ ટોમ હેરિસને મંગળવારે સાંસદોને આ માહિતી આપી હતી. હેરિસનના મતે, કોરોનાને કારણે ૧ જુલાઈ સુધી દેશમાં પ્રોફેશનલ ક્રિકેટ પર સંપૂર્ણ પ્રતિબંધ છે. 'ધ હન્ડ્રેડ' (૧૦૦-૧૦૦ બોલ ટૂર્નામેન્ટ) પણ આગામી વર્ષ માટે મુલતવી રાખવામાં આવી છે. લીગ આ વર્ષે ૧૭ જુલાઈથી ૧૫ ઓગસ્ટ સુધી યોજાવાની હતી. તે જ સમયે, લોકડાઉનને કારણે પ્રોફેશનલ ક્લબને ૮૦૦ દિવસના ક્રિકેટનું નુકસાન થશે. ઈસીબીના ચીફે કહ્યું કે, આ વર્ષે લિમિટેડ ઓવર ક્રિકેટ થવાની સંભાવના બહુ ઓછી છે. જોકે અમે સમરમાં ટેસ્ટ ક્રિકેટ રમીને થતાં નુકસાનથી અમુક અંશે વળતર આપીશું. ઈંગ્લેન્ડે વેસ્ટ ઈન્ડીઝ અને પાકિસ્તાન સામે જુલાઈ અને ઓગસ્ટમાં ટેસ્ટ સિરીઝ રમવાની છે. આ ઉપરાંત આયર્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામે વનડે સીરિઝ પણ કોરોનાથી પ્રભાવિત છે.

પહેલીવાર ઈંગ્લેન્ડમાં થનાર 'ધ હન્ડ્રેડ' લીગને કોરોનાના કારણે એક વર્ષ માટે મુલતવી રાખવામાં આવી છે. આ છતાં, ઈસીબી ચીફને તેની સફળતાની આશા છે. તેમણે કહ્યું કે આ ટૂર્નામેન્ટ માટે ઈસીબીએ ૧ લાખ ૭૦ હજાર ટિકિટ વેચી હતી, જ્યારે પ્રથમ વર્ષમાં લીગનું બજેટ લગભગ ૩૭૬ કરોડ રૂપિયા (૪૦ મિલિયન પાઉન્ડ) હતું. બીબીસી પર લાઈવ ક્રિકેટ બતાવવાના હતા. આનાથી રોમાંચનો અંદાજ લગાવી શકાય છે. હેરિસને કહ્યું કે, એક અનુમાન પ્રમાણે લીગને પહેલા વર્ષે જ ૧૦૩ કરોડ રૂપિયા (૧૧ મિલિયન પાઉન્ડ)નો નફો થવાનો હતો. આનાથી ખબર પડે છે કે, આપણે કેટલી મજબૂત સ્થિતિમાં છીએ. ક્રિકેટ વર્લ્ડ કપને સિવાય અન્ય કોઈ ટૂર્નામેન્ટમાં આટલી ઝડપથી ટિકિટ વેચાણી નથી.

તમન્ના ભાટિયાએ અબ્દુલ રઝ્ઝાક સાથે સંબંધની વાતને એક અફવા ગણાવી



મુંબઈ

સાઉથ ઈન્ડિયન અભિનેત્રી તમન્ના ભાટિયા ગત કેટલાક સમયથી તેની પર્સનલ લાઈફને લઈને ચર્ચામાં છે. ખબર આવી રહી હતી કે તે પાકિસ્તાની ક્રિકેટર અબ્દુલ રઝ્ઝાકથી લગ્ન કરવાની છે. વર્ષ ૨૦૧૭થી બન્નેના સંબંધને લઈને વાત કરવામાં આવી રહ છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે બન્નેની સગાઈ થઈ ગઈ છે અને જલદી લગ્ન થવાના છે. લાંબા સમયથી ચાલી રહેલી આ ખબરને લઈને તમન્ના ભાટિયાએ નિવેદન આપ્યું છે. તમન્નાએ અબ્દુલ સાથે સંબંધની વાતને માત્ર એક અફવા ગણાવી છે અને કહ્યું કે તે સિંગલ છે. તેમણે કહ્યું કે કોઈ દિવસ અભિનેતા તો કોઈ દિવસ ક્રિકેટર, આ અફવાઓ સાંભળીને લાગી રહ્યું છે કે હું પતિ ખરીદવા નીકળી પડી છું. હું પ્રેમની ઈચ્છત કરું છું પરંતુ મને પોતાને લઈને આવી પાયાવિહોણી અફવા મને પસંદ નથી. હું સિંગલ છું અને ખુશ છું.

હાલ મારા પરિવારના લોકો પણ મારા માટે છોકરો શોધી રહ્યા નથી. સાથે જ તેણે સ્પષ્ટ કર્યું કે તેનો પ્રેમ હાલ માત્ર તેનું કામ છે. તે નથી જાણતી કે હંમેશા શુટિંગમાં વ્યસ્ત રહેતા તેના માટે આવી વાતો કેમ કરવામાં આવી રહી છે. તે જ્યારે પણ લગ્ન કરવાનો નિર્ણય કરશે લોકોને જણાવશે, આ પહેલા તમન્નાનું નામ અમેરિકાના રહેવાસી એક ડોક્ટર સાથે જોડાયું હતું. પરંતુ તેણે પણ એક અફવા ગણાવી હતી.

સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી હતી જે તસવીરમાં તમન્ના પાકિસ્તાની ક્રિકેટર અબ્લુલ રઝ્ઝાક ની સાથે કોઈ જ્વેલરી શોપમાં નજરે પડી રહી હતી. તે બાદથી બન્નેના સંબંધને લઈને ચર્ચા શરૂ થઈ ગઈ હતી. ઉલ્લેખનીય છે. કે અભિનેત્રી રીના રોયથી લઈને ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝા પાકિસ્તાની ક્રિકેટર્સથી લગ્ન કરી ચુકી છે.

અચાનક ૨૪ કલાકમાં બે વખત સંભાવના શેઠની તબિયત લથડતા સારવાર માટે ખસેડાઈ



મુંબઈ

લોકડાઉન દરમિયાન બિગ બોસના પૂર્વ સ્પર્ધક સંભાવના શેઠની તબિયત લથડી હતી. તેના પતિએ આપેલી માહિતી પ્રમાણે સંભાવનાને એક રાત અગાઉ તેની તબિયત લથડતાં તેને હોસ્પિટલમાં દાખલ કરવી પડી હતી. પરંતુ સવારે પાંચ વાગ્યે ડોકટરોએ તેને રજા આપી. તે ઘરે આવી હતી. પરંતુ બાદમાં તેની હાલત ફરી બગડવાની શરૂઆત થઈ, જેના કારણે તેને ફરીથી હોસ્પિટલમાં દાખલ કરવી પડી હતી. સંભાવનાના સોશિયલ મીડિયા ફેન્સ પરેશાન છે. લોકો તેની જલદી સારી થવા માટે પ્રાર્થના કરી રહ્યા છે.

આ માહિતી એવી રીતે બહાર આવી હતી કે સંભાવના શેઠ તેના સોશિયલ મીડિયા ફેન્સ માટે દરરોજ વીડિયો બ્લોગ બનાવે છે. આવી સ્થિતિમાં, તેના પતિએ તેના ચાહકોને નૈતિકતાના આધારે તેની સ્થિતિ વિશે જણાવ્યું. તેમના પતિ અવિનાશ દ્વિવેદીએ સંભાવના શેઠના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી માહિતી આપી હતી કે સંભાવનાને ગઈરાત્રે હોસ્પિટલમાં દાખલ કરવી પડી હતી. તેની તબિયત સારી નહોતી. પરંતુ બાદમાં તેને રજા આપવામાં આવી હતી અને અમે બંને સવારે પાંચ વાગ્યે ઘરે પરત ફર્યા હતા. જો કે, હું ફરીથી તેની સાથે હોસ્પિટલમાં જાઉં છું. તેથી તમે આજનો વિડિઓ બ્લોગ શોધી શકશો નહીં. આ પછી, સેલિબ્રિટી વિશ્વના કામ્યા પંજાબી, સોનાલી રાઉત, સબ્યાસાચી સહિતના ઘણા લોકો ટિપ્પણીઓ દ્વારા તેમના પ્રારંભિક સ્વસ્થતા અને તેની માંદગી વિશે જાણવા માંગતા હતા. ઘણા લોકોએ પૂછ્યું કે સંભાવનાનું શું થયું? ઘણા લોકોએ પૂછ્યું કે આ રીતે અચાનક બે વાર હોસ્પિટલમાં જવાની સંભાવના પાછળનું કારણ શું છે. તેની પર તેના ફેન્સે કહ્યું કે તેણે જૂના વીડિયોમાં બ્લોગમા એક વખત તેની ચર્ચા કરી હતી કે તેણે બ્લડ પ્રેશર સંબંધી સમસ્યા છે. જોકે, હાલ પણ તેની બીમારીને લઈને કોઈ જાણકારી સામે આવી નથી.

દ.કોરિયા અને તાઈવાનમાં દર્શકો વગરની બેસબોલ લીગ, કટઆઉટ અને રોબોટ સામે પરફોર્મ

નવી દિલ્હી

લગભગ ત્રણ મહિનાથી કોરોનાવાયરસથી પીડિત દક્ષિણ કોરિયા અને તાઈવાન ટ્રેક પર પાછા આવી રહ્યા હોય તેવું લાગે છે. બંને દેશોમાં બેસબોલ લીગ શરૂ થઈ ગઈ છે. દક્ષિણ કોરિયામાં શુક્રવારથી ફૂટબોલ લીગ પણ શરૂ થઈ ગઈ છે. સ્ટેડિયમમાં દર્શકોની એન્ટ્રી પર પ્રતિબંધ છે.

દ. કોરિયામાં કેટલાંક અઠવાડિયા મોડી શરૂ થયેલ બેસબોલ ચેમ્પિયનશીપમાં નકલી ટોળા એકત્ર કરવામાં આવ્યા હતા, એટલે કે ચાહકોના કટઆઉટ્સ લગાવવામાં હતા. ચીયરલીડર્સ કટઆઉટ સામે પરફોર્મ કરતા જોવા મળ્યા હતા. જો કોઈપણ ટીમનો સભ્ય કોરોના પોઝિટિવ હોવાનું જણાય છે તો લીગ ત્રણ અઠવાડિયા માટે રોકી દેવામાં આવશે. તાઈવાનમાં ચાઈનીઝ લીગ દરમિયાન, ત્યાં ચાહકોના કટઆઉટ અને ડમી લગાવવામાં આવેલા. પ્રેક્ષકોની જગ્યાએ રોબોટ મૂકવામાં આવ્યા છે. ચીયરલીડર્સ તેમની સામે પરફોર્મ કરી રહ્યા છે.

પ્રોડયુસર શાહરુખ ખાનની નેટફ્લિક્સ પરની વેબ સિરીઝ 'બેતાલ'નો ફર્સ્ટ લુક રિલીઝ

મુંબઈ

શાહરુખ ખાનના પ્રોડક્શન હાઉસ રેડ ચિલીઝ એન્ટરટેનમેન્ટ હેઠળ બનેલ વેબ સિરીઝ 'બેતાલ'નો ફર્સ્ટ લુક રિલીઝ થયો છે. વિનીત કુમાર, આહના કુમાર અને જીતેન્દ્ર જોશી સ્ટારર આ હોરર થ્રિલર વેબ સિરીઝ ઓનલાઈન સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર રિલીઝ થશે. આ ઝોમ્બી ડ્રામાને પ્રતીક ગ્રાહમ અને નિખિલ મહાજને ડિરેક્ટ કરી છે. ઈમરાન હાશ્મી સ્ટારર 'બાર્ડ ઓફ બ્લડ' વેબ સિરીઝ બાદ હવે શાહરુખ ખાનના પ્રોડક્શન હાઉસની આ બીજી સિરીઝ છે. 'બેતાલ' સિરીઝમાં એક ગામડાંની સ્ટોરી બતાવવામાં આવશે. ત્યાં બ્રિટિશ સેનાના અંગ્રેજ ઓફિસરનું ભૂત ભટકતું આવી જાય છે. તેની સાથે તેની આખી ભૂતની સેના પણ પહોંચી જાય છે. ત્યારબાદ આ આખી ભૂતની ગેંગ ગામના લોકોને હેરાન કરે છે. આ સિરીઝ ૨૪ મેના રિલીઝ થશે.

કેન્દ્ર સરકારમાં પણ કાગળ પર ઘોડા દોડાવનારા છે કે શું.....?

વિશ્વના દેશોને હચમચાવી નાખનાર કોરોના વાયરસે ભારતને છેલ્લા દસ દિવસથી વધુ ઝડપે હચમચાવી નાખવાનું શરૂ કર્યું છ જેના કારણે ભારતભરમાં લોકો ફફડી ગયા છે તેની પાછળનું કારણ છે લોકો છેલ્લા ૪૫ દિવસથી પોતાના ઘરોમાં પુરાઈ ગયા છે.... શરૂમા અણચિતવ્યો કર્ફ્યુ નાખ્યા બાદ તુરત ર્ઘ્ષ્ઠાર્ઘ્હ જાહેર કરવામાં આવ્યુ.... પુનઃ લોકડાઉન જાહેર કર્યુ અને બીજુ લોકડાઉન પૂર્ણ થતાં પહેલાં ત્રીજી વાર લોકડાઉનની જાહેરાત કરવામાં આવી. સરકારની ગણતરી કોરોના સાકળ તોડવાની હતી..... પરંતુ દેશભરમાં છેલ્લા દસ દિવસમાં કોરોનાએ પોતાની ઝડપ વધારી દીધી છે પરિણામે દેશભરમાં કોરોના કેસની સંખ્યા ૪૫ હજારના આકને આબવા તરફ જઈ રહી છે અને મૃતાક ૧૬૦૦ ને આંબવાની નજીક છે. સરકારે લોકડાઉન પાલન કરવા સાથે જરૂરી સૂચનો કર્યા હતા તેમાં ખાસ તો જરૂરી કામ સિવાય ઘરની બહાર નીકળવું નહી,ઘરના વૃધ્ધોની ખાસ કાળજી રાખવાની,માસ્ક બાંધવા, કામ કરવાવાળાને પગાર આપવા પણ કામ કરવા માટે ઘરે નહી બોલાવવાના, ગરીબ જરૂરતમંદોને સહાય કરવી સહિતના વિવિધ સુચનો કર્યા હતા. અને એ કારણે દેશ ભરના નાના-મોટા દરેક ક્ષેત્રેના ઉદ્યોગો, ધંધા- રોજગાર ઠપ થઈ ગયા. પરિણામે દરેક ક્ષેત્રના લોકોની આવક બંધ થઈ ગઈ.... કરોડો લોકોએ પોતાની આવક ગુમાવી દીધી. જેમા ખાસ તો ગરીબ વર્ગ,મજુર વર્ગ,રોજમદાર વર્ગ, લોઅર મધ્યમ વર્ગનો સમાવેશ થાય છે. અને તેમા પણ જે તે રાજ્યોમાં પર પ્રાંતીઓ વિશેષ સંખ્યામાં છે. આવા લોકોની હાલત વધુ કફોડી બની ગઈ.... સરકાર દ્વારા મફત અનાજ સહાય આપવા છતાં લાખો લોકો સહાયથી વંચિત રહ્યા..... અનેક નાના-મોટા દાતાઓ-ભામાશાઓ મેદાનમાં ઉતરી પડ્યા લોકોને ખાવાનું આપ્યું છતાં લાખો લોકો લોકડાઉનને કારણે ભૂખથી ટળવળી રહ્યા હતા. આવક બંધ હતી, થોડી બચત કરેલી એ પણ અનાજ વગેરે પાછળ ખર્ચાઈ જતા આમાંના મોટાભાગના ઠન ગોપાલ બની ગયા હતા. છેવટે તેમને માટે એક જ રસ્તો હતો ગમે તેમ કરી વતન પહોંચવું પણ ર્ઘ્ષ્ઠાર્ઘ્હ ને કારણે ચુપ હતા. આખરે સરકારે લોકડાઉનના ૪૦ દિવસે નિર્ણય કર્યો કે પર પ્રાંતિયોને વતન મોકલવા... પરંતુ તેમાં પણ વાહન, બસ, ટ્રેન બાબતે કોઈ જ સ્પષ્ટતા કરી ન હતી.... પરિણામે પર પ્રાંતીઓ વધુ મુંઝાયા... તો રાજ્ય સરકારો પણ અટવાઈ પડી હતી. કારણ આવો નિર્ણય કરનાર પણ અસંમજસતામાં હોઈ શકે.....!

Lockdownના કારણે લોકોની આવક બંધ થઈ ગઈ હતી તો માથે ઘરભાડું, પાણી સહિતના ઘરના વેરા, સંતાનોની શિક્ષણ ફી, લાઈટ બિલ ભરવાનું દેવુ વધતું ચાલ્યું હતું... જે માટે રાજસ્થાનની અશોક ગેહલોત સરકાર સિવાય કોઈ પણ રાજ્ય સરકારે રાહત- માફી આપી નથી. અને જ્યારે લોકો કોરોના વાયરસના ફફડાટમા ડૂબી ગયા હતા ત્યારે કેન્દ્ર સરકારે ૬૮ હજાર કરોડ માફ કરી ડિફોલ્ટરો, શ્રીમંતોને રાહત આપી. જે વાત જાહેર થતાં દેશભરની પ્રજામાં આક્રોશ ફાટી નીકળ્યો..... અને એ જ સમયમાં કેન્દ્રના આરોગ્ય મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે દેશમાં કોરોના સંક્રમિતોનો આક અને મૃતાક આકડાને કારણે કોરોનિએ ભયાનક રકપ લીધુ છે તેવુ માનવાની જરૂર નથી તેમજ વધેલા કોરોના કેસો અને મોત માટે રાજ્યો જવાબદાર છે.... તેના આંકડા છુપાવતા હતા પરંતુ કેન્દ્ર સરકારે નવી વ્યવસ્થા કરતા મોટા આંકડા બહાર આવી રહ્યા છે.... આ બાબતે દેશભરના લોકોમાં આક્રોશ ફરી વળ્યો છે... પરંતુ બીન ભાજપાની રાજ્ય સરકારોના ભવા ખેચાયા છે....! કારણ ખુદ વડાપ્રધાન મોદીજીએ રાજસ્થાનની અશોક ગેહલોત સરકારના કોરોના અટકાવવા લીધેલા પગલા બાબતે ભર પેટ વખાણ કર્યા હતા.... અને અન્ય રાજ્યોને રાજસ્થાન મોડેલ અપનાવવા સલાહ આપી હતી. ત્યારે આરોગ્ય મંત્રાલયના પ્રવક્તાની વાતને શું કહીશુ....? શુ કેન્દ્ર સરકાર લોકોને કે રાજ્યોને "ખો" આપવા માંગે છે.....?" ગુજરાતમાં રાજ્ય સરકારની લોકોના હેલ્થ બાબતે મોટી મોટી જાહેરાતો, લોકોને અનાજ સહાય, આર્થિક સહાયની મોટી વાતો, કોરોના દર્દીઓ માટે હોસ્પિટલો અને તેમાની દરેક સુવિધાની મોટી જાહેરાતો, સરકાર પોતે સજાગ છે ચિતા કરવાની જરૂર નથી....પરંતુ આ જાહેરાતોની પોકળતા દિન બ દિન બહાર આવવા લાગી છે. અને લોકોમાં આક્રોશ સાથે અજંપો વધવા લાગ્યો છે....! કારણ ગુજરાતનો કોરોના મૃતાક ૬૭૦ થી આગળ વધવા લાગ્યો છે તો કોરોના સંક્રમિતોનો આંક ૬ હજારને પાર થઈ આગળ વધવા લાગ્યો છે. ત્યારે ખ્યાતનામ અમદાવાદની સિવિલ હોસ્પિટલની કોરોના દર્દીઓ માટેની અનદેખી બાબતોના વીડિયો વાઈરલ થવા લાગ્યા છે.... જ્યારે પર પ્રાંતીઓ પાસે વતન જવા ખાનગી બસો દ્વારા બેફામ ભાડા વસુલવાની બાબતો જાહેર થતી જાય છે.....!ટ્રેનો મૂકવાની વતન જનારનુ ટિકીટ ભાડુ લેવામાં નહી આવે તેવી જાહેરાત કેન્દ્ર સરકાર દ્વારા કરવામા આવે છે પરંતુ સરકારના જવાબદાર અધિકારી પ્રેસ સમક્ષ કહે છે કે વતન જનારાઓ પાસેથી ટ્રેન ભાડું લેવામાં આવશે..... અને વતન જનાર કામદારોને ટ્રેન ટિકીટનુ ભાડુ ચુકવવાની નોબત આવી પડી.... હવે જેના કામ ધંધા રોજગાર બંધ છે એટલે કે આવક નથી, પૈસા નથી, ખાવા પીવાનું નથી તેવા લોકો વતન જવા ટિકિટ કઈ રીતે ખરીદી શકે....? કેન્દ્ર સરકારની જાહેરાત કાગળ પર દોડતા ઘોડા જેવી બની રહી.....! અને કોંગ્રેસ પક્ષ દ્વારા પરપ્રાતૃઓનું ભાડું ચૂકવી આપવાની જાહેરાત કરતા ભાજપના નેતાઓ- રાજનેતાઓની ઊઘ હરામ થઈ ગઈ અને બચાવવામાં આવી ગયા કે વતન જનારાઓનું ભાડુ નહુ લેવાય તે નક્કી છે કેન્દ્ર ૮૫ ટકા અને રાજ્યો ૧૫ ટકા નાણા આપશે.... પરંતુ ભાંડો ફૂટી ગયો રેલ મંત્રાલયનો પત્ર જાહેર થતા....જેમા ટિકિટ ભાડું લેવાની વાત હતી. ત્યારે ગુજરાતમાં રાજકોટના કાનુડા મંડળ અને અમદાવાદમા ખાનગી સંસ્થાઓએ વતન જનારા કામદારોની ટિકિટના પૈસા ચૂકવી દીધા.... ત્યારે સવાલ ઉઠે છે કે કેન્દ્ર સરકારને શું કહીશું.....? કેન્દ્ર સરકારમા પણ કાગળ પર ઘોડા દોડાવનારા છે કે શુ.....? કે....પછી.....!? વંદે માતરમ્

કોરોના વાયરસની રસી તૈયાર કરી હોવાનો ઈટાલીનો દાવો

રોમ

ઈટાલીએ દાવો કર્યો છે કે તેણે કોરોના વાયરસની રસી તૈયાર કરી છે. ઈટાલિયન સરકારે કહ્યું કે તેણે એન્ટિ-બોડીઝની શોધ કરી છે. જેણે માનવ કોષોમાં હાજર કોરોના વાયરસને ખતમ કરી દીધો છે.

જો આ દાવો સાચો સાબિત થાય છે, તો તે વિશ્વ માટે મોટી રાહતની વાત હશે. ઈટાલિયન સમાચાર એજન્સી એએનએસના જણાવ્યાનુંસાર રોમની સ્પાલનજાની હોસ્પિટલમાં ચેપી રોગ સાથે સંકળાયેલ આ રસીનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને ઉંદરમાં એન્ટિ-બોડી તૈયાર કરવામાં આવ્યું હતું. તે પછી તેનો ઉપયોગ માનવો પર કરવામાં આવ્યો અને તેણે તેની અસર દર્શાવી છે.

વૈજ્ઞાનિકોએ ઉંદરો પર રસીનું પરીક્ષણ કર્યું હતું. પ્રથમ રસી પછી જ ઉંદરોની અંદર શરીર એન્ટી બોડિઝ તૈયાર થઈ ગઈ હતી, જે વાયરસને કોષોને સંક્રમિત કરતા અટકાવી છે. આ રીતે પાંચ જુદી જુદી રસીના ઉપયોગથી ઘણી એન્ટિ-બોડીઝ બનાવવામાં આવી. જેમાં સંશોધનકારોએ બે એન્ટિ-બોડીઝની પસંદગી કરી કે જેણે શ્રેષ્ઠ પરિણામો આપ્યા છે.

રોમની લાજારો સ્પાલનજાની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર ઈન્ફેક્શન ડિસીઝના સંશોધનકારોએ જણાવ્યું હતું કે જ્યારે આ રસીનો ઉપયોગ માણસો પર કરવામાં આવ્યો હતો, ત્યારે એવું જોવા મળ્યું હતું કે તેણે કોષમાં હાજર વાયરસની હત્યા કરી હતી.

આ સારા સમાચાર એવા સમયે આવ્યા છે જ્યારે કોવિડ -૧૯ સામે ડબ્લ્યુએચઓના નિષ્ણાતોએ દાવો કર્યો છે કે બની શકે કે એચઆઈવી અને ડેન્ગ્યુની રસી નથી મળી એમ કોરોના વાયરસ રસી પણ ન મળે.

કોરોના સંકટઃ તેલંગાણા સરકારે લૉકડાઉન ૨૯મે સુધી લંબાવ્યુ

હૈદરાબાદ

તેલંગાણા સરકારે લોકડાઉનમાં વધારો કર્યો છે. સરકારે ૨૯ મે સુધી લોકડાઉન વધારવાનો નિર્ણય લીધો છે. તેલંગાણા સરકારે કહ્યું કે તે આ સ્થિતીમાં લોકડાઉન હટાવીને જોખમ લેવા માગતા નથી. જ્યારે રાજ્યમાં કોરોનાના પ્રસારને નિયંત્રિત કરવામાં ખુબ પ્રગતિ કરી છે. આ પ્રકારે તેલંગાણા દેશનું પ્રથમ રાજ્ય બની ગયુ છે. જેને કેન્દ્ર તરફથી જાહેર ૧૭ મે સુધીના લોકડાઉન પછી પણ લોકડાઉન ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે.

રાજ્ય સરકારે હૈદરાબાદ અને ૫ અન્ય રેડ ઝોન જિલ્લામાં કોઈ પણ પ્રકારની છુટ ના આપવાનો નિર્ણય લીધો છે. મુખ્યપ્રધાને કહ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં આર્થિક ગતિવિધીઓની અનુમતિ માટે દિશાનિર્દેશનું પાલન કરવામાં આવશે. હૈદરાબાદ અને અન્ય રેડ ઝોન જિલ્લામાં માત્ર નિર્માણ ગતિવિધીને છોડીને બાકી કોઈ પણ પ્રકારની ગતિવિધીને પરવાનગી મળશે નહીં. ઉલ્લેખનીય છે કે તેલંગાણામાં અત્યાર સુધી કોરોનાના ૧૦૯૬ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૬૨૮ લોકો રિક્વર પણ થઈ ચૂક્યા છે, જ્યારે ૪૩૯ એક્ટિવ કેસ છે અને કોરોનાના કારણે ૨૯ લોકોના મોત થયા છે.

મૌલાના સાદના દિકરાની દિલ્હી ક્રાઈમ બ્રાન્ચે બે કલાક પૂછપરછ કરી

ન્યુ દિલ્હી

દિલ્હી સ્થિતિ તબલીગી જમાતનાં મરકઝનાં સંચાલક મૌલાના સાદની ધરપકડ અત્યાર સુધી થઈ શકી નથી. આ દરમિયાન મુદ્દાની તપાસ કરી રહેલી દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે મૌલાના સાદનાં દીકરાની પુછપરછ કરી છે. મૌલાના સાદનાં દીકરાથી પુછપરછમાં એ લોકોની જાણકારી માંગવામાં આવી છે જેઓ મરકઝનું કામકાજ સંભાળતા હતા.

માર્ચ મહિનામાં કોરોના વાયરસનાં ખતરાની વચ્ચે મરકઝમાં નિયમોનું ઉલ્લંઘન કરતા મોટી સંખ્યામાં જમાતીઓ ભેગા થયા હતા. આમાંથી મોટી સંખ્યામાં જમાતીઓ કોરોના સંક્રમિત મળ્યા હતા, ત્યારબાદ મરકઝનાં સંચાલક મૌલાના સાદની વિરુદ્ધ એફઆઈઆર નોંધાવવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચ અનેક નોટિસ મૌલાના સાદને મોકલી ચુકી છે, પરંતુ સંતોષજનક જવાબ મળ્યો નથી.

હવે ક્રાઈમ બ્રાન્ચે સત્યને સામે લાવવા મૌલાના સાદનાં પરિવારની પુછપરછ શરુ કરી છે. ક્રાઈમ બ્રાન્ચે મૌલાના સાદનાં એક દીકરાની પુછપરછ કરી છે. મૌલાના સાદનાં દીકરા સઈદ સાથે મંગળવારનાં લગભગ ૨ કલાક પુછપરછ કરવામાં આવી. આ દરમિયાન ટીમે સઈદ સાથે લગભગ ૨૦ લોકોની ડિટેલ્સ માંગી છે જેમણે મરકઝમાં આવતા-જતા લોકો અને ત્યાંની સંપૂર્ણ વ્યવસ્થાની જવાબદારી સંભાળી છે.

કોરોના સંકટઃ ગોલ્ડ જીમએ પોતાને દેવાળિયુ જાહેર કર્યું

વૉશિંગ્ટન

જો તમે બોડી બિલ્ડીંગના શોખીન છે અથવા ફિટનેસની ચિંતા કરો છો તો તમારા માટે એક ખરાબ સમાચાર છે. આખી દુનિયામાં પોતાના જિમ માટે જાણિતા Gold Gym એ પોતાને દેવાળિયું જાહેર કર્યું છે. કંપનીએ અમેરિકામાં આ અંગે એક અરજી પણ દાખલ કરી છે.

અમેરિકાની સૌથી જાણિતી જિમ ચેન ગોલ્ડ જિમએ જાહેરાત કરી છે કે લોકડાઉન અને કોરોના સંક્રમણના લીધે સંક્રમણના લીધે તેમના બિઝનેસ પર ખરાબ અસર પડી છે. Gold Gymએ અમેરિકામાં ચેપ્ટર ૧૧ હેઠળ રાહત માંગતા અરજી દાખલ કરી છે કે તેમને દેવાળિયા જાહેર કરી દેવામાં આવે. કંપનીએ કહ્યું કે લોકડાઉનમાં બિઝનેસ ઠપ્પ પડી ગયો છે. સાથે જ કંપનીએ તાત્કાલિક પ્રભાવથી પોતાના ૩૦ જિમ બંધ કરવાની જાહેરાત કરી દીધી છે.

જાણકારોનું કહેવું છે Gold Gym આખી દુનિયામાં ફેલાયેલ છે. આ ફિટનેસ ચેનના ભારતમાં લગભગ ૧૨૦ જિમ ચાલે છે. મોટાભાગના જિમ મહાનગરોમાં જ છે. ગોલ્ડ જિમવાળા અને અમીરો માટે એક ક્લાસ જિમ ગણવામાં આવે છે. આ જિમમાં મોટાભાગના વાર્ષિક પેકેજ પર સભ્યપદ આપવામાં આવે છે. જો ગોલ્ડ જિમ દેવાળિયા જાહેર થયા તો ભારતમાં પણ હજારો લોકો પ્રભાવિત થશે. ઉલ્લેખનીય છે કે ભારતમાં ગોલ્ડ જિમે ૨૦૦૨માં મુંબઈથી પોતાના બિઝનેસની શરૂઆત કરી હતી.

પંજાબ સરકારે પ્રવાસી મજૂરોને પરત મોકલવા માટે ૩૫ કરોડના બજેટની મંજૂરી આપી

ચંડીગઢ

પંજાબ સરકારે શરૂઆતની રીતે પ્રદેશમાં ફસાયેલા પ્રવાસી મજૂરોને પરત મોકલવા માટે ૩૫ કરોડ રૂપિયાની મંજૂરી આપી છે. પંજાબનાં જાલંધરથી ૧,૨૦૦ મજૂરોનાં પહેલા જથ્થાને ઝારખંડ ટ્રેનનાં માધ્યમથી મોકલીને આ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે.

રાજ્ય સરકારનું અનુમાન છે કે પથી ૬ લાખ આસપાસ પ્રવાસી મજૂરો પંજાબથી ટ્રેનોનાં માધ્યમથી પરત જઈ શકે છે. અન્ય મજૂરોને રોડ માર્ગથી મોકલવામાં આવી શકે છે. આના પર રાજ્ય સરકારને લગભગ ૬૫૦ રૂપિયા પ્રતિ વ્યક્તિ ટિકિટ પર ખર્ચ કરવાનો રહેશે. શરૂઆત તરીકે નેશનલ ડિઝાસ્ટર રિલીફ એક્ટ ૨૦૦૫ અંતર્ગત ૩૫ કરોડ રૂપિયાનાં બજેટને કેપ્ટન અમરિંદર સિંહે મંજૂરી આપી છે.

પ્રદેશનાં તમામ ડીસીને અધિકૃત કરવામાં આવ્યા છે કે તેઓ જે પ્રકારે સ્પેશલ ટ્રેનોની રવાનગી અલગ અલગ પ્રવાસી મજૂરોનાં પ્રદેશમાં કરાવશે એ જ રીતે ભારતીય રેલવેને આનું પેમેન્ટ પણ કરી દેવામાં આવે. ટ્રેનોમાં જવાને લઈને અફરા-તફરી ના મચી જાય તે માટે જનારા વ્યક્તિઓનાં મોબાઈલ પર મેસેજ મોકલવામાં આવશે અને એ એસએમએસને જોઈને જ વ્યક્તિને મેડિકલ સ્ક્રીનિંગ કર્યા બાદ મોકલવામાં આવશે.

ઉ.પ્રદેશમાં કોરોના વોરિયર પર થૂંકનારાને પાંચ વર્ષ સુધીની સજા થશે

ન્યુ દિલ્હી

દેશમાં ચાલી રહેલી કોરોનાની લડાઈ વચ્ચે યોગી સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. યુપીમાં હવે સ્વાસ્થ્ય કર્મીઓ સાથે સફાઈ કર્મીઓ, સુરક્ષા કર્મીઓ અને દરેક કોરોના વોરિયરની સલામતી માટે નવો કાયદો બનાવાયો છે.જેને કેબિનેટે મંજૂરી પણ આપી દીધી છે.

નવા કાદયા હેઠળ તમામ પ્રકારના કોરોના વોરિયર પર હુમલો કરનારાને અથવા તો તેમની સાથે અભદ્ર વર્તન કરનારાને ૬ મહિનાથી લઈને સાત વર્ષ સુધીની સજા થશે.તેમની પાસેથી પચાર સ હજાર રુપિયાથી લઈને પાંચ લાખ સુધીનો દંડ પણ વસુલ કરવામાં આવશે.

સાથે સાથે કોરોના વોરિયર્સ પર થૂકનારા કેઆઈસોલોશેનનો નિયમ તોડનારા પર પણ કાર્યવાહી થશે. કોરોના વોરિયર્સ સામે લોકોને ભડકાવનારાને પણ છોડવામાં નહી આવે.જેમાં બે થી પાંચ વર્ષની સજા અને ૫૦૦૦૦ થી બે લાખ રુપિયા સુધીના દંડની જોગવાઈ છે.

જ્યારે ક્વોરેન્ટાઈનનુ ઉલ્લંઘન કરનારા, હોસ્પિટલમાંથી ભાગનારા કે હોસ્પિટલમાં સ્ટાફ સાથે અભદ્ર વર્તણૂંક કરનારાને એક થી ત્રણ વર્ષની સજા અને દસ હજાર રુપિયા સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે.લોકડાઉન તોડનારાને પણ આકરી સજા કરાશે.

જો કોઈ વ્યક્તિ પોતે કોરોના પોઝિટિવ હોવાની માહિતી છુપાવશે અને જાણી જોઈને પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરીને મુસાફરી કરશે તો તેને એક થી ૩ વર્ષની જેલ થઈ શકે છે.

કોર્પોરેટર સેક્ટર મોટા પેકેજની આશા ન રાખેઃ સરકાર

ન્યુ દિલ્હી

કોર્પોરેટ સેક્ટર દ્વારા કોરોના સંકટને કારણે આવેલી મંદીનો સામનો કરવા માટે મોટા પેકેજની માગણી કરવામાં આવી રહી છે જે અંગે સરકારે હવે પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું છે. કેન્દ્ર સરકારે જણાવ્યું છે કે, કોઈ મોટા કોરોના પેકેજની આશા કરવી જોઈએ નહીં. ગ્રોથને ગતિ આપવા માટે વહેલી તકે પેકેજની જાહેરાત કરવામાં આવશે પરંતુ અન્ય દેશોની સાથે તુલના કરવી જોઈએ નહીં. દેશના મુખ્ય આર્થિક સલાહકાર કેવી સુબ્રમણ્યને જણાવ્યું કે, પહેલા ક્વોર્ટરમાં આર્થિક ગ્રોથ નેગેટિવ હોઈ શકે છે. જો કે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧માં દેશનો જીડીપી ગ્રોથ ૨ ટકા સુધી પહોંચી શકે છે. આંતરરાષ્ટ્રીય મુદ્રો કોષે ભારતનો જીડીપી ગ્રોથ ૧.૯ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. સુબ્રમણ્યને જણાવ્યું કે, આપણે કોઈ અન્ય દેશની તુલના કરીને પેકેજની માગ કરી શકતા નથી. એટલું જ નહીં તેમણે ૧૯૧૮માં ફેલાયેલા સ્પેનિશ ફ્લૂ મહામારીનો ઉદાહરણ આપતા જણાવ્યું કે, ત્યારે પણ અર્થવ્યવસ્થાએ પોતાની જાતે જ ગ્રોથ કર્યો હતો.

અંતિમ સેશનમાં શેરબજારમાં તેજીઃ સેન્સેક્સ ૨૩૨ અંક વધ્યો

મુંબઈ

શરૂઆતી સેશનમાં વેચવાલી અને ટ્રેડિંગ દરમિયાનની વધઘટ બાદ અંતિમ સેશનમાં માર્કેટમાં ફરી તેજી જોવા મળી છે. બીએસઈ બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૨૩૨ અંક અથવા ૦.૭૪ ટકા વધીને ૩૧,૬૮૫ નજીક જ્યારે નિફ્ટી ૫૦ આંક ૬૫ અંક અથવા ૦.૭૧ ટકા વધીને ૯,૨૭૦ નજીક સેટલ થયા છે.

બેંક નિફ્ટની વાત કરીએ તો ઈન્ડેક્સ ૪૨૨ અંક ઉછળી ૧૯,૬૯૪ નજીક બંધ આવ્યો છે. જ્યારે બીએસઈ પર મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૦.૭૮ ટકા અને ૦.૪૯ ટકા વધીને સેટલ થયા છે. અન્ય સેક્ટર્સની વાત કરીએ તો ઓટો, મેટલ, પાવર અને રિયલિટીમાં તેજી જોવા મળી છે. મીડિયા રિપોર્ટ મુજબ આજે ૧૦૭૪ સ્ક્રિપ્ટમાં સુધારો, ૧,૨૨૩ સ્ક્રિપ્ટમાં મંદી જોવા મળી. જ્યારે ૧૪૧ સ્ક્રિપ્ટ ફેરફાર વગર રહી.

આ પહેલા શરૂઆતી સેશનમાં વેચવાલી થતા સેન્સેક્સ અને નિફ્ટીમાં મંદ વલણ જોવા મળ્યું હતું. મીડિયા રિપોર્ટ મુજબ બીએસઈની માર્કેટ કેપ ૧૨૩ લાખ રૂપિયા રહી. જ્યારે ૩૨ કંપનીઓના શેર્સ ૧ વર્ષની ટોચની સપાટી જ્યારે ૮૯ કંપનીઓના શેર્સ એક વર્ષની નીચલી સપાટીએ નોંધાયા. ઉપરાંત, ૨૨૭ કંપનીઓના શેર્સમાં અપર સર્કિટ અને ૨૬૯ કંપનીઓના શેર્સમાં લોઅર સર્કિટ લાગી.

ગૃહ મંત્રાલયમાં તૈનાત સીઆરપીએફના બે જવાન કોરોના પોઝિટિવ

ન્યુ દિલ્હી

કોરોના વાયરસનો ચેપ ખતરનાક રીતે વધી રહ્યો છે. ડ્યૂટી પર તૈનાત કોરોના વોરિયર્સ પણ ખુબ ઝડપથી તેની ઝપેટમાં આવી રહ્યાં છે. હવે એવા અહેવાલો છે કે ગૃહ મંત્રાલયના કંટ્રોલ રૂમમાં તૈનાત બે સીઆરપીએફના જવાનોમાં કોરોનાનો ચેપ હોવાની પુષ્ટિ થઈ છે.

સીઆરપીએફની ૫૫મી અને ૨૪૩મી બટાલિયનના જવાનો કોરોનાથી સંક્રમિત જોવા મળ્યા છે. આ મામલો સામે આવતા જ કંટ્રોલ રૂમ નંબર એકને બંધ કરી દેવાયો છે. હવે કંટ્રોલ રૂમને સેનેટાઈઝ કરવામાં આવશે. આ ઉપરાંત જવાનોના સંપર્કમાં આવેલા લોકોની સતત ભાળ મેળવવામાં આવી રહી છે. ભાળ મળતા જ તેમને ક્વોરન્ટાઈન કરવામાં આવશે.

કોરોના વાયરસ ખતમ થયા પછી પંજાબ પરત ફરશે અને ખેડૂત બનશેઃ હરભજન સિંહ

નવી દિલ્હી



ભારતના અનુભવી ઓફ સ્પિનર હરભજન સિંહે ખુલાસો કર્યો છે કે તે કોરોના વાયરસ ખતમ થયા પછી પંજાબ પરત ફરશે અને ખેડૂત બનશે. ટીમ ઈન્ડિયાના સ્ટાર સ્પિનર આર અશ્વિન સાથે ઈન્સ્ટાગ્રામ પર લાઈવ સેશન દરમિયાન હરભજન સિંહે આ વાતનો ખુલાસો કર્યો છે. ૩૯ વર્ષના હરભજને આ સેશનમાં બતાવ્યું કે તે કેવી રીતે ખેતી કરશે અને જરુરિયાતમંદ લોકોને ખાવાનું આપશે. અશ્વિને સવાલ કર્યો હતો કે દુનિયા આ સંકટમાંથી કેવી રીતે બહાર આવશે તો હરભજને કહ્યું હતું કે આ બધુ એટલા માટે થઈ રહ્યું છે કે કારણ કે ભગવાન આપણી પાસે ઈચ્છા રાખે છે કે આપણે કાંઈક બાબતો શીખીએ. તેણે પોતાના વિશે કહ્યું હતું કે તે હંમેશા પ્રવાસ કરતો રહે છે. ઘરે સહેજ પણ સમય પસાર કરતો નથી. કદાચ આપણે બધા પૈસા પાછળ ભાગી રહ્યા હતા. આપણે લાલચી થઈ ગયા છીએ. હવે ભગવાને આપણને પોતાને જોવાની તક આપી છે. એ જોવાની તક આપી છે કે આપણે ક્યાં ઉભા છીએ અને જીવનમાં શું મહત્વનું છે. ફક્ત પૈસા કમાવવા પાછળ ના ભાગશો. હરભજને કહ્યું હતું કે જે રીતે તેણે પૈસા કમાવ્યા છે, કદાચ તેને બાકી રહેલા જીવનમાં ખર્ચ ના કરી શકે. જીવન જીવવા માટે વધારે પૈસાની જરુર નથી ફક્ત થોડ પૈસાની જરુર છે. હરભજને કહ્યું કે શું આપણને પ્રેમ અને બીજાની સંભાળ રાખવાની જરુર નથી. આ મુશ્કેલી સમયમાં આપણે શીખવું પડશે. પોતાની યોજના વિશે વાત કરતા હરભજને કહ્યું કે આ બધુ ખતમ થયા પછી તે પંજાબ જશે અને ઘણા ખેતર ખરીદશે. જ્યાં શાકભાજી અને ઘઉં ઉગાડવાનું શરુ કરશે. હું ખેડૂત બનીશ. આ પછી પૈસા વગર ખાવાનું વહેંચીશ. આ ખાવાનું મંદિરમાં જશે. જરુરિયાતમંદ લોકો પાસે જશે. આમથી તેમ ભાગવાના બદલે તેને આમાં વધારે સંતોષ થશે. ફક્ત પૈસા કમાવવા જ પુરતા નથી. એકબીજાની મદદ કરવી પણ મહત્વપૂર્ણ છે.

બીએસએફના વધુ ૮૫ જવાનો કોરોનાની લપેટમાં આવતા કુલ આંક ૧૫૪

ન્યુ દિલ્હી

બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)ના વધુ ૮૫ જવાનો કોરોનાની લપેટમાં આવી જતા બુધવાર સુધીમાં કોરોના સંક્રમિત જવાનોનો આંક ૧૫૪ પર પહોંચી ગયો છે. દિલ્હીમાં જામિયા તેમજ ચાંદની મહેલ વિસ્તારમાં લોકડાઉનના કડક અમલ તેમજ કાયદો અને વ્યવસ્થા માટે ફરજ પર રહેલી ૬૦ ટુકડીઓના સૌથી વધુ કેસ હોવાનું જણાયું છે. જ્યારે છ કેસ આંતર મંત્રીઓની મધ્યસ્થ ટીમના એસ્કોર્ટમાં રહેલા જવાનોના હોવાનું જણાયું છે. આ ટીમે પશ્ચિમ બંગાળમાં કન્ટેઈન્મેન્ટ પગલાંની સમીક્ષા મુલાકાત લીધી હતી.

બીએસએફમાં ૩૭ ચેપગ્રસ્ત જવાનો ત્રિપુરા ફ્રન્ટીયરના હોવાનું જણાયું છે. નવા ૮૫ કેસ પોઝિટિવ હોવાનું સામે આવ્યું છે. બીએસએફના પ્રવક્તાના જણાવ્યા મુજબ આ દળો આવશ્યક તેમજ ફરજ બજાવી રહ્યા હતા. મંગળવારના બીએસએફના કુલ ૬૯ પોઝિટિવ કેસ હતા જ્યારે આજે આંકડો વધીને ૧૫૪ થઈ ગયો છે. બોર્ડર સિક્યોરિટી ફોર્સના ૨.૫ લાખ જેટલા જવાનો પાડોશી પાકિસ્તાન તેમજ બાંગ્લાદેશ સરહદે દેશની સુરક્ષા કાજે ફરજ બજાવી રહ્યા છે.

દેશમાં ૨૪ કલાકમાં પહેલા પાનાથી ચાલુ

થયા છે. જ્યારે ૨૯ લોકોના મોત નિપજ્યા છે.કેરલમાં કોરોનાના ૫૦૨ કેસ સામે આવ્યા છે. જ્યારે ૪ લોકોના મોત નિપજ્યા છે. લદાખમાં ૪૧ કેસ સામે આવ્યા છે.મધ્ય પ્રદેશમાં કોરોનાના ૩૦૪૯ કેસ સામે આવ્યા છે. જ્યારે ૧૭૬ લોકોના મોત નિપજ્યા છે.

રાજધાની દિલ્હીમાં કાલ સુધી કોરોના વાયરસના કેસોની કુલ સંખ્યા ૫૦૦૦ને પાર કરી ગઈ. દિલ્લી સરકારના અધિકારીઓ અનુસાર એક દિવસમાં ૨૦૬ લેટેસ્ટ કેસ નોંધવામાં આવ્યા છે. વળી, ઓરિસ્સામાં કોરોના વાયરસનો વધુ એક કેસ પૉઝિટીવ સામે આવ્યો છે અને એક વ્યક્તિનુ મોત થઈ ગયુ છે. રાજ્યોમાં અત્યાર સુધી ૧૭૭ કેસ સામે આવ્યા છે. આમાંથી ૧૧૫નો ઈલાજ ચાલુ છે. ૬૦ દર્દી રિકવર થઈ ગયા છે. મરનારની સંખ્યા ૨ થઈ ગઈ છે.

ડીએ બાદ પહેલા પાનાથી ચાલુ

મહીને પેન્શન સ્વરૂપે મળે છે.

કર્મચારીઓ PF ખાતામાં જે યોગદાન આપે છે તે ઈક્મ ટેક્સની કલમ ૮૦(C) અંતર્ગત ટેક્સ ફ્રી છે. આ નિયમ તમામ પ્રકારના PF ખાતા પર લાગુ પડે છે.

અમદાવાદમાં પહેલા પાનાથી ચાલુ

થાય છે. જેમાંથી અમદાવાદના કન્ટેઈન્મેન્ટ એરિયા માટે બીએસએફની ચાર કંપનીઓ ફાળવવામાં આવેલ છે. અને સાથે જ RAFની એક કંપની પણ ફાળવવામાં આવી છે. અગાઉ ૩ અને હાલની પાંચ કંપનીઓ મળી કુલ ૮ કંપનીઓ કન્ટેઈમેન્ટ વિસ્તારની અભેદ્ય કિલ્લાબંધી કરવામાં આવશે. આમ અમદાવાદમાં એસઆરપી અને પેરામિલિટરીની મળીને કુલ ૩૮ કંપનીઓ ફાળવવામાં આવી છે.

રાજયના અન્ય કન્ટેઈન્મેન્ટ વિસ્તારમાં પણ કંપનીઓ ફાળવવામાં આવશે. વડોદરામાં હાલ ૨ કંપની પેરામિલિટરીની તહેનાત છે, સુરત શહેરમાં અગાઉ ૩ કંપની ફાળવવામાં આવેલ હતી તે ઉપરાંત વધુ ૩ કંપની પેરામિલિટરી ફાળવવામાં આવી રહી છે. આમ સુરતના કન્ટેઈન્મેન્ટ વિસ્તાર માટે કુલ ૬ કંપની ફાળવવામાં આવશે. ધાર્મિક આયોજનો અને મેળાવડા બંધ રાખવા માટે અપીલ કરવામાં આવી છે. ગઈકાલે અમદાવાદમાં ગુરુદ્વારામાં ભેગાં થયેલાં લોકો વિરુદ્ધ કેસ કરવામાં આવેલ છે.

કર્ણાટકમાં પહેલા પાનાથી ચાલુ

વ્યવસાયીકોની રોજી ઠપ થઈ ગઈ છે. આ તમામ લોકોને એક વખત માટે રાજ્ય સરકારે રૂ. ૫,૦૦૦ આપવાનો નિર્ણય કર્યો છે જેનો લાભ ત્રણ લાખ કારીગરોને થશે.

કર્ણાટક સરકારે ૭.૭૫ લાખ ઓટો તેમજ ટેક્સી ચાલકોને પણ એક વખત માટે રૂ. ૫,૦૦૦નું વળતર આપવાની જાહેરાત કરી છે. સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને પણ લોકડાઉનથી ફટકો પડ્યો છે જેને પગલે તેમના બે મહિનાના વીજ બિલ પરના ફિક્સ ચાર્જને નાબૂદ કરવા જણાવાયું છે. હાથ વણાટ કરતા કારીગરો માટે રૂ. ૧૦૯ કરોડની ઋણ માફી યોજના જાહેર કરી છે જે પેટે ૨૦૧૯-૨૦માં રૂ. ૨૯ કરોડ અપાયા છે અને બાકીના ૮૦ કરોડ તાત્કાલિક ધોરણે ફાળવાશે. જેને પગલે વણાટ કારીદરોને ફરીથી નવી લોન લેવાની તક મળશે.

જયંતી રવિના સ્થાને પંકજ કુમાર અને વિજય નેહરાના સ્થાને મુકેશકુમારની નિમણુંક કરાઈ

ACS ડો.રાજીવ કુમાર ગુપ્તાને અમદાવાદમાં કોવિડ-૧૯ માટે ઓવરઓલ ચાર્જ સોંપવાનો નિર્ણય

અમદાવાદ

ગુજરાતની સ્થિતિ વણસે તે પહેલા જ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સમયસર નિર્ણય લઈ મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ- છઝજી પંકજ કુમારના સુપરવિઝન હેઠળ આરોગ્ય વિભાગ મુક્યો છે. કોવિડ-૧૯ની મહામારીને પ્રસરતી રોકવામાં પરિણામ ન મળતા સરકારમાં અગ્રસચિવ ડો.જંયતિ રવિની પાંખો વધુ એકવાર વેતરાઈ છે. છેલ્લા ૬ દિવસથી અમદાવાદમાં સતત પોઝિટીવ કેસ અને મૃત્યુદર વધી રહ્યો છે. હોટસ્પોટમાં પણ સ્થિતિ નિયંત્રણ હેઠળ ન આવતા મુખ્યમંત્રીએ પરીણામલક્ષી ટાસ્ક માટે જાણિતા ACS ડો.રાજીવ કુમાર ગુપ્તાને અમદાવાદમાં કોવિડ-૧૯ માટે ઓવરઓલ ચાર્જ સોંપવાનો નિર્ણય કર્યો છે.

ગત સપ્તાહે શુક્રવારે ગાંધીનગરમાં સ્થિતિ વણસી ત્યારે પણ આખુ પાટનગર ડો.ગુપ્તાને હવાલે મુકી દેવાયુ હતુ. તેમણે ત્રણ જ દિવસમાં ગાંધીનગરમાં લોકડાઉનનો ચૂસ્ત અમલ, કોવિડ-૧૯ માટે ચારથી વધુ હોસ્પિટલો ડેજિગ્નેટ કરીને તંત્રને દોડતુ કર્યુ છે, નાગરીકોને ઘરમાં રાખ્યા છે. અમદાવાદ મ્યુ. કમિશનર વિજય નહેરાએ ૧૪ દિવસ માટે ક્વોરોન્ટાઈનમાં રહેવાનો નિર્ણય કરતા મુખ્યમંત્રીએ તેમને ચાર્જ અગાઉ અમદાવાદમા કમિશનર રહી ચૂકેલા GMLના CEO મુકેશકુમારને સોંપવાનો નિર્ણય કર્યો હતો. છઝજી પંકજ કુમાર પૂર્વકાળમાં હાલ આરોગ્ય અગ્રસચિવ પણ રહી ચૂક્યા છે.

મહેસૂલ વિભાગના ACS હોવાથી સાંપ્રત સ્થિતિમાં કોવિડ-૧૯ના નિયંત્રણ માટે વહિવટી સ્તરે કલેક્ટર સહિત રાજ્યભરના જિલ્લા તંત્ર સાથે સીધા સંપર્કમાં હોવાથી ત્યાં પણ સરળતાથી તાલમેલ કરીને ભૂતકાળના અનુભવ સાથે આરોગ્ય વિભાગમાં આ મહામારી સામે લડવા હોસ્પિટલોનું સંચાલન પણ સુપરે કરી શકે તેમ છે. હાલની આપદામાં તેઓ પહેલાથી અમદાવાદમાં સિવિલ હોસ્પિટલ સહિત કોવિડ-૧૯ માટે હોસ્પિટલો અને તેમાં મેડિકલ ફેસેલિટી, હ્યુમન રિસોર્સ સહિતની બાબતો સંભાળી રહ્યા છે. હવે તેઓ આરોગ્ય અગ્રસચિવ ડો.જંયતિ રવિની ઉપર રાજ્યભરમાં કોવિડ-૧૯ને સ્પર્શતી તમામ બાબતો સંદર્ભે વિશેષ અધિકારી તરીકે મોનિટરીંગ કરશે.

નડિયાદમાં કોરોના કેસનો આંક ૧૭એ પહોચ્યો છતાં હોટલોને હોમડીલીવરી ની મંજુરી

નડિયાદ

નડિયાદ શહેરમાં કોરોના વાયરસનો રોગચાળો વકરી રહ્યો છે. શહેરમાં લોકલ સંક્રમણના કારણે કોરોના પોઝિટિવ કેસમાં વધારો થઇ રહ્યો છે. નગરમાં આજદિન સુધીમાં ૧૭ લોકો કોરોના ભરડામાં સપડાયા છે. અને અનેક વિસ્તારો કોરેન્ટાઇન કરવામાં આવ્યા છે. જેને લઇને નગરજનોમાં દહેશત પ્રવર્તી રહી છે. ત્યારે જિલ્લા કલેકટરે આવી પરિસ્થિતિમાં શહેરની ૧૭ હોટલ – રેસ્ટોરન્ટને હોમડીલીવરી ભોજન પહોચાડવાની મંજૂરી આપતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામાને નગરના બુધ્ધિજીવીઓએ હાંસી ઉડાવી હતી. તેમજ કોના ઇશારે આ નિર્ણયો લેવાઇ રહ્યા છે.

નડિયાદ શહેર કોરોના વાયરસથી ભયભીત બની રહ્યું છે. શહેરના વિવિધ વિસ્તારોમાં કોરોનાગ્રસ્ત બની ગયા છે. શહેરમાં મંગળવાર સુધીમાં કોરોના પિડીતનો આંક ૧૭ પહોંચી ગયો છે. આ ઉપરાંત નગરના વિવિધ વિસ્તારોમાં અવરજવર કરવા માટે પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. તેમછતાં નગરની ૧૭ હોટલ રેસ્ટોરન્ટને તૈયાર ખોરાક (ભોજન) હોમડીલીવરી નગરજનોને પહોંચાડવાની પરવાનગી આપવામાં આવી છે. મોટાભાગની હોટલ ઉતરસંડા રોડ ઉપરની છે. હોટલ રેસ્ટોરન્ટને ભોજનની હોમડીલીવરીની મંજૂરી અપાઇ છે. તેમજ બીજીબાજુ અગાઉના જાહેરનામામાં સાંજે ૭ થી સવારના ૭ સુધી કરફ્યું લગાવવામાં આવ્યું છે. તો કેવીરીતે હોટલનું ભોજન રાત્રિના ૯ વાગ્યા સુધી ભોજન ડીલીવરી કરવામાં આવશે તે અંગે પણ નગરમાં ચર્ચા એરણે ચઢી હતી.

કોરોનામુક્ત અમરેલીમાં વેપારીઓએ ઓડ ઈવન ફોર્મ્યુલાનું પાલન કરી દુકાનો ખોલી

અમરેલી

સમગ્ર દેશ અને દુનિયામાં કોરોનાની મહામારી ચાલી રહી છે. કોરોનાના કહેરથી સમગ્ર ગુજરાતના તમામ જિલ્લાઓ ચપેટમાં આવી ગયા છે. ત્યારે ગુજરાતમાં એકમાત્ર અમરેલી જિલ્લામાં આજદિન સુધી કોરોનાનો એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી. આજ કારણોસર અમરેલી જિલ્લાને ગ્રીન ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યો છે. જેથી અમરેલી જિલ્લામાં જનજીવન રાબેતા મુજબ શરૂ થયું છે. બજારમાં વેપારીઓએ ઓડ-ઈવન ફોર્મ્યુલા સાથે દુકાનો ખુલી રાખી છે. તેમજ લોકો સોશિયલ ડિસ્ટનસીંગના પાલન સાથે માસ્કની સાથે ઘરની બહાર નીકળતા નજરે પડી રહ્યા છે. ઓડ ઈવન ફોર્મ્યુલા એટલે કે એકી-બેકી સંખ્યામાં દુકાન ખોલવાની મંજૂરી વહીવટી તંત્ર દ્વારા આપવામાં આવી છે. આજે બેકી સંખ્યાની દુકાનો ખુલી રાખવામાં આવી છે. એકી-બેકી સંખ્યામાં એક દુકાન ખુલી હોય તો તેની બાજુની દુકાન બંધ હોય અને ત્યારબાદ આવતી દુકાન ખુલી જોવા મળે છે. મુખ્ય બજારના એક વેપારીએ જણાવ્યું હતું કે, ગ્રાહકો સ્વેચ્છાએ સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરે છે અને ફેસ માસ્કનો પણ ઉપયોગ કરે છે. અમરેલી જિલ્લાને ગ્રીન ઝોન તરીકે જાહેર કરવામાં આવતાં બજારો પણ રાબેતા મુજબ શરૂ થઈ ગઈ છે. જેથી ઘણાં દિવસો બાદ જનજીવન ફરીથી જાગૃત બન્યું હોય તેવું લાગે છે.

લોકડાઉનમાં માલવણ અપડાઉન કરતા ICICI બેંકના કેશિયરને કોરોના,નોંધાઈ ફરિયાદ

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર નેશનલ હાઈવે પર આવેલા માલવણમાં કોરોના વાયરસનો કેસ સામે આવતા હડકંપ મચ્યો છે. માલવણની આઈસીઆઈસીઆઈ બેંકના કેશિયરનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં તેમના સંપર્કમાં આવેલા અનેક લોકોમાં સંક્રમણનું જોખમ સર્જાયું છે. આ કિસ્સો એટલા માટે ચેતવણીરૂપ છે કારણે કે બેંકો લૉકડાઉનમાં ખુલ્લી જ હતી અને તેમાં લોકોની અવરજવર પણ શરૂ હતી. આ કિસ્સામાં અનેક લોકોના સંક્રમણનું જોખમ હોવાનું આરોગ્ય વિભાગનું માનવું છે. આ કેસની વિગત જાણીએ તો નેશનલ હાઈવ પર આવેલા માલવણની બેંકના કેશિયરને કોરોના થયો છે. પાટડી માલવણ હાઈવે પર આવેલી બેંકનો કેશિયર મૂળ અમદાવાદનો વતની છે અને મણિનગરથી રોજ અપડાઉન કરતો હતો. સાથે બેંકના મેનેજર પણ આવનજાવન કરતા હતા.

દરમિયાન કેશિયરની તબિયત નાદુરસ્ત જણાતા તેનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આમ લોકડાઉનમાં અપડાઉન કરતા કેશિયલને કોરોના રિપોર્ટ આવતા હાહાકાર મચી ગયો હતો. આ ઘટના બાદ બેંકના કેશિયર સહિત ત્રણ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. કોરોના વાયરસના સંક્રમણને ધ્યાનમાં જોતા કેશિયરના સંપર્કમાં આવેલા લોકોની યાદી તૈયાર કરવામાં આવી છે. બેંક દ્વારા સ્વાસ્થ્ય વિભાગને સોંપવામાં આવેલી યાદી ચારપાનાની છે. આમ અનેક લોકોને સંક્રમણનું જોખમ છે. રાજ્યમાં કોરોના વાયરસ બેકાબૂ બન્યો છે. ખાસ કરીને અમદાવાદ શહેરમાં કોરોનાના કેસો અધધ છે.

લોકડાઉનમાં લાખણીના વાસણા ગામે બોર બગડતાં ગ્રામજનો પીવાના પાણીના રઝળપાટ

લાખણી

લાખણી તાલુકાના વાસણા (વાતમ) ગામે ગ્રામ પંચાયત દ્વારા બનાવવામાં આવેલા પાણીના બોર બગડતા છેલ્લા ચાર દિવસથી ગામ લોકોને પીવાના પાણી માટે રઝળપાટ કરવાનો વારો આવ્યો છે. તેમજ તંત્ર દ્વારા બોર રીપેરીંગનુ કામ ધીમી ગતીએ કરવામાં આવતુ હોવાની ગામ લોકોમાં ભારે ચર્ચા જોવા મળી હતી. લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. જેથી લોકો પોતાના ઘરે પુરાઈ રહે છે. જ્યારે આ આફત વચ્ચે લાખણી તાલુકાના વાસણા ગામે પંચાયત દ્વારા બનાવવામાં આવેલ પાણીના બોરમાં ફોલ્ટ થતા ગ્રામજનો ને લોક ડાઉનમાં કોરોનાની દહેશત વચ્ચે ગામમાં વસવાટ કરતા એક હજાર જેટલા લોકોને સીમ વિસ્તારના અન્ય બોર ઉપર પાણી માટે રઝળપાટ કરવાનો વારો આવ્યો છે. જયારે અન્ય પરિવારોએ પોતાના પશુઓ માટે કરી સ્વ ખર્ચે પાણીના ટેકર ભરી લાવવા મજબૂર બન્યા છે. તેમજ તંત્ર દ્વારા ઝડપથી બોર રીપેરીંગ કરાવવામાં આવે તેવી અપેક્ષા રાખી રહ્યા છે.

મોરબીમાં ૨૫ જિલ્લામાંથી ૬૫૬ લોકોએ કર્યો પ્રવેશ, તમામની કરાઈ ચકાસણી

મોરબી

લોકડાઉન દરમિયાન ગુજરાત રાજ્યના ૨૫ જિલ્લામાંથી કુલ ૬૫૬ લોકો મોરબી જિલ્લામાં પ્રવેશ કર્યો હોવાની વિગતો આરોગ્ય વિભાગે આપી છે. મોરબી જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જે એમ કતીરા અને ડૉ. સી એલ વારેવરિયા દ્વારા બહારના જિલ્લામાંથી આવેલા મુસાફરોની સત્તાવાર યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં મોરબી જિલ્લામાં રાજ્યના વિવિધ ૨૫ જિલ્લામાંથી કુલ ૬૫૬ લોકોએ મોરબી જિલ્લામાં પ્રવેશ કર્યો છે.

લોકડાઉનના અમલ સમયથી લઈને અત્યાર સુધીમાં મોરબી જિલ્લામાં પ્રવેશેલા લોકોની વિગતો પર નજર કરીએ, તો અમદાવાદથી ૧૭૮, અમરેલીથી ૦૪, આણંદથી ૨, કચ્છથી ૧૯, અંક્લેશ્વરથી ૧, બનાસકાંઠાથી ૨, ભાવનગરથી ૧૨, બોટાદથી ૨, દાહોદથી ૧૨, દ્વારકાથી ૪, ગાંધીનગરથી ૫, સુરેન્દ્રનગરથી ૪૪, રાજકોટથી ૧૬૭, હિમતનગરથી ૧, જામનગરથી ૩૯, જૂનાગઢથી ૨૬, ખેડાથી ૨, કોટાથી ૩, મહેસાણાથી ૭, નવસારીથી ૧૭, પાટણથી ૧૯, પોરબંદરથી ૫, સાબરકાંઠાથી ૧, સુરતથી ૪૪ અને વડોદરાથી ૪૦ સહીત કુલ ૬૫૬ લોકો મોરબી જિલ્લામાં પ્રવેશ કર્યો છે.

આ અંગે ડૉ. વારેવાડીયા સાથેની વાતચીતમાં અધિકારીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, અન્ય જિલ્લામાંથી પ્રવેશ કરેલા કુલ ૬૫૬ લોકોની યાદી આરોગ્ય વિભાગ પાસે આવી છે. આ તમામ લોકોની પ્રાથમિક આરોગ્ય ચકાસણી કરવામાં આવી છે.

પતિએ નપુંસક હોવાની વાત છુપાવી લગ્ન કરી પત્ની સાથે છેતરપિંડી કર્યાની ફરિયાદ

આણંદ

તાલુકાના મેવડ ગામના યુવકે નપુંસક હોવા છતાં પોતાના માતા તથા ભાઈઓ સાથે મળી આ બાબત છુપાવી વસો તાલુકાના દેવા ગામની યુવતી સાથે લગ્ન કરી લઈ આ બાબત કોઈને જણાવીશ તો જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આપી ત્રાસ આપ્યાની ફરિયાદ સોજીત્રા પોલીસ મથકમાં નોંધાઈ છે. મહેસાણા તાલુકાના મેવડ ગામનો શખ્સે પત્નીને અંધારામા રાખી લગ્ન સંબંધમાં અસમર્થ હોવાનો કિસ્સો પ્રકાશમાં આવતાં ચકચાર મચી છે. ખેડા જિલ્લાના વસો તાલુકાના દેવા વાંટા ગામની યુવતિના લગ્ન ફેબ્રુઆરી ૨૦૧૯માં મહેસાણા તાલુકાના મેવડ ગામે જ્ઞાતિના રીત રિવાજ મુજબ કરવામાં આવ્યા હતા. લગ્ન બાદ યુવતિ પોતાના સાસરીમાં રહેવા માટે ગઇ હતી. લગ્નની પહેલી રાતે સાસરીમાં આવેલી પરણિતા તેઓના પતિએ જણાવેલ કે, અમારે માતાજીની બાધા હોઈ તે બાધા પતે પછી દેવની પરવાનગી લેવાની છે.

અને ત્યારબાદ શારીરિક સંબંધ બાંધવાનો રિવાજ છે. તેમ કહી પત્નીને દૂર રાખતા બીજી રૂમમાં સૂવા જતા રહ્યા હતા. ત્યારબાદ આડાઅવળા બહાના કાઢી અઠવાડિયા સુધી આ વાત ચાલુ રાખી હતી. લગ્નના એક માસ સુધી પતિ દ્વારા પત્ની સાથે કોઈ જ સહવાસ રાખ્યો ન હતો. અને પરણિતાને જુદા-જુદા બહાના કાઢી પિયર તેમજ બહેનના ઘરે રહેવા પણ મોકલી દીધી હતી. લગ્નના એક વર્ષ સુધી પતિ દ્વારા પત્ની સાથે કોઈ જ શારીરિક સંબંધ બાંધવામાં આવ્યા ન હતા અને લગ્નના ઘણા સમય પછી પરિણીતાએ ઘણું બધું ગુમાવી દીધા બાદ પતિએ જણાવેલ કે, હું શારીરિક સંબંધો બાંધવા માટે અસમર્થ છુ.

અગાઉ પણ એકવાર મારા લગ્ન નક્કી કર્યા હતા. પરંતુ મારી ખામીને કારણે મેં લગ્ન કર્યા ન હતા પરંતુ આ વખતે મારી માતા તેમજ ભાઈઓના દબાણને કારણે મેં લગ્ન કર્યા છે. તેમ જણાવતા પરિણીતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. અને પતિ સાસુ સહિતના સાસરિયાઓએ ભેગા મળી આ બાબત કોઈને જણાવીશ તો જીવતી સળગાવી દઈશુ તેવી ધમકીઓ આપી હતી. આ બનાવ બાદ પિયર દેવાવાંટા ગામની યુવતિએ સોજિત્રા પોલીસ મથકમાં પતિ, સાસુ, જેઠ સહિત તમામ (રહે મેવાડ, તા.જી-મહેસાણા) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુરેન્દ્રનગરના સાંસદ ડો.મહેન્દ્રભાઈ મુંજપરા દ્વારા સામુહિક આરોગ્ય કેન્દ્ર વિરમગામની આકસ્મિક મુલાકાત લેવામાં આવી



વિરમગામ તાલુકાની કોવિડ - ૧૯ની વર્તમાન પરીસ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ

કોવિડ - ૧૯ની મહામારીને ધ્યાને લઇ સુરેન્દ્રનગરના સાંસદ ડો મહેન્દ્રભાઈ મુંજપરા દ્વારા સામુહિક આરોગ્ય કેન્દ્ર વિરમગામની બુધવારે આકસ્મિક મુલાકાત લેવામાં આવી હતી. સાંસદ દ્વારા સામુહિક આરોગ્ય કેન્દ્ર ના વિવિધ વિભાગો અને કોવિડ-૧૯ આઈશોલેશન વોર્ડની મુલાકાત લેવામાં આવી હતી. સાંસદ ડો મહેન્દ્રભાઈ મુંજપરા દ્વારા વિરમગામ તાલુકાની કોવીડ-૧૯ની પરીસ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ મુલાકાત દરમ્યાન નવદિપભાઈ ડોડીયા, કિરીટસિંહ ગોહીલ, બળવંતભાઈ ઠાકોર, તાલુકા હેલ્થ ઓફિસર વિરલ વાઘેલા, ડો.નિમેષ પટેલ, ડો.પ્રણવ મોદી, નીલકંઠ વાસુકિયા, જયેશ પાવરા, આરોગ્ય કર્મચારીઓ સહીતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. સાંસદ ડો મહેન્દ્રભાઈ મુંજપરા દ્વારા કોવિડ -૧૯ની પરીસ્થિતિમા કોઈ પણ પ્રકારની જરૂરીયાત હોય તો તાત્કાલિક ધ્યાન દોરવા જણાવ્યું હતું.

લોકડાઉનનાં કારણે રાજ્યની ખાનગી શાળા કોલેજો એક ક્વાર્ટર ફી માફ કરવા કોંગ્રેસની માંગ

ગાંધીનગર

રાજ્યની ખાનગી શાળા-કોલેજોમાં અભ્યાસ કરતા મધ્યમ અને નાના વર્ગના બાળકોના પરીવારને રાહત મળી રહે તે માટે એક કવાર્ટર (ત્રણ મહિના)ની ફી માફ કરવા પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ વિજય રૂપાણીને પત્ર લખ્યો છે. કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ પોતાના આ પત્રમાં જણાવ્યું છે કે, કોરોના વાયરસનું વધતું પ્રમાણ અટકાવવા અને બાળકોમાં કોરોનાનો ચેપ ન લાગે તે માટે રાજ્યમાં આવેલા તમામ શાળા-કોલેજો લૉકડાઉન પહેલાંથી એટલે કે ૧૫ માર્ચથી બંધ કરવાના આદેશો આપેલા છે. શાળા-કોલેજો બંધ કરવામાં આવ્યા તે સમયે શૈક્ષણિક સત્રના દોઢ મહિના જેવો સમય બાકી હતો. લૉકડાઉનના કારણે શાળા કોલેજો બંધ થતાં ખાનગી શૈક્ષણિક સંસ્થાઓને ઈલે કટ્રિસિટી, પાણી, ટ્રાન્સપોર્ટેશન, સફાઈ વગેરે જેવા દૈનિક ખર્ચાઓ થતાં નથી. લૉકડાઉનના કારણે મધ્યમ અને નાના વર્ગના નોકરી અને ધંધા-રોજગાર કરતાં પરિવારોને નાની-મોટી આર્થિક સંકળામણમાં રાહત આપવાની વ્યાપક માંગ ઉઠી છે.

ત્યારે રાજ્ય સરકારે ખાનગી શાળા-કોલેજોના સંચાલકો સાથે બેઠક યોજી હતી અને આ બેઠકમાં સંચાલકોની માંગણી મુજબ આગામી શૈક્ષણિક વર્ષની ફી ન વધારવાનું નક્કી થયું તે મુજબ રાજ્યમાં આગામી વર્ષે ફી વધારવામાં નહીં આવે તેવી જાહેરાત થયેલ છે. આ બેઠકમાં રાજ્ય સરકારે ફી નક્કી કરતી વખતે પણ વાલીઓનો અભિપ્રાય લીધો નથી. માત્ર સંચાલકો અને સરકારે ફી નક્કી કરી છે. સરકારે રચેલી ફી નિર્ધારણ સમિતિએ અગાઉથી ખાનગી શાળાઓને લાખો રૂપિયાની ફી ઉઘરાવવાના પરવાના આપેલા છે એટલે એક વર્ષ આવી શાળાઓ ફીમાં વધારો ન કરે તો તેની કોઈ ફેર પડવાનો નથી. તેમ છતાં અમુક મોટી શાળાઓ દ્વારા એડવાન્સ ફીના ચેક લેવામાં આવે છે અને બીજી બાજુ આવા શાળા સંચાલકો દ્વારા સરકારને કોરોનામાં મદદરૂપ થવા દાન કરવામાં આવે છે.

રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરાની જાણીતી શાળાઓએ વાલીઓને ઈમેઈલ, એસએમએસ કે વોટ્સએપ ગૃપ મારફતે ફી જમા કરાવવાની નોટીસ પણ આપી દીધી છે. કોરોના મહામારી અને લોકડાઉનના પગલે મધ્યમ અને ગરીબ વર્ગના વાલીઓ ચિંતામાં આવી ગયા છે. દેશમાં અન્ય રાજ્યો જેવા કે પંજાબ અને દિલ્હીમાં ત્રણ મહિનાની ફી ન વસુલવા, ટ્રાન્સપોર્ટેશન ચાર્જ ન વસુલવા આદેશ થયેલા છે. આવા આદેશોનું ભંગ કરે તો વાલીઓને ટોલ ફી નંબર આપવામાં આવેલ છે તેમજ આદેશનો ભંગ કરનાર શાળાની માન્યતા રદ કરવાની જાહેરાત કરીને, ફી ઉઘરાવવા વાલીઓને દબાણ ન કરવાની સુચનાઓ આપવામાં આવી છે.

૩ દિવસથી ચાલી રહેલા રેસ્કયુ ઓપરેશનમાં વન વિભાગને સફળતા

તળાજાના ખારડી ગામે દીપડો પાંજરે પૂરાયો

ભાવનગર

તળાજાના ખારડી ગામે ૩ દિવસ પહેલા મધુભાઈ કાળુભાઈ ભંમરની વાડીમાં શેરડીના વાવેતરમાં દીપડો દેખાતા વન વિભાગને જાણ કરવામાં આવી હતી. આથી ટીમ દોડી આવી દીપડાના સગડ મેળવવા પ્રયાસ હાથ ધરવામાં આવ્યા હતા. તેમજ પાંજરૂ ગોઠવી દેવામાં આવ્યું હતું. દીપડાના ભયના કારણે ખેડૂતો વાડી-ખેતરે જવામાં ડર અનુભવી રહ્યા હતા. વન વિભાગના સતત ત્રણ દિવસના પ્રયત્નો બાદ આખરે દીપડો પાંજરે પૂરાયો હતો.

તળાજા પંથકમાં દીપડાની સંખ્યા વધુ માત્રામાં છે અને અવારનવાર આસપાસના ગામોમાં અને વાડી વિસ્તારમાં દેખાતા હોય છે. થોડા દિવસો પૂર્વે અલંગ શીપમાં દીપડો ઘૂસી ગયો હતો તે પહેલા તળાજા પંથકમાં રાત્રીના સમયે વાડીમાં સૂતેલી બાળાને ઉઠાવી ગયો હતો પરંતુ લોકોએ દેકારો કરતા બાળકીને મુકીને નાસી ગયો હતો. પરંતુ બાળકીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. દીપડો પાંજરે પૂરાયો હોવાની જાણ થતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

૧૦ થી ૧૫ દિવસમાં શ્રમિકોને વતન મોકલવાની કામગીરી પૂરી કરી દેવાશે

વતનમાં જવા ઈચ્છતાં બધા જ લોકોને ઘરે પહોંચાડવા કરાશે યોજનાબદ્ધ વ્યવસ્થા

વિદેશમાં ફસાયા ગુજરાતીઓ માટે માટે ૭ મેથી ફ્લાઈટની વ્યવસ્થા

ગાંધીનગર

કોરોનાના કારણે હાલમાં ગુજરાતમાં પરિસ્થિતિ વકરી રહી છે. ત્યારે પર પ્રાંતિયોને પોતાના વતન મોકલવા માટે સરકારે ઝુબેંશ ઉપાડી છે અને રોજ ઘણી ટ્રેનો અહીંથી રવાના કરવામાં આવે છે. ત્યારે સીએમ સચિવ અશ્વિની કુમારની પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી અને એમાં તેણે તમામ માહિતી આપી હતી. તેણે કહ્યું હતું કે, જે પણ પોતાના વતન જવા ઈચ્છતા હોય તે તમામને મદદ કરવામાં આવશે અને ઘરે પહોંચાડાશે. જ્યાં સુધી પરપ્રાંતિય જવા ઈચ્છતા હોય તેમને સારી રીતે પહોંચાડવાની વ્યવસ્થા કરવાની રહેશે. ધક્કામુક્કી કે અવ્યવસ્થા વગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવે. ગઈકાલ સુધીમાં ૩૯ ટ્રેનોમાં ૪૬ હજાર જેટલા પરપ્રાંતીઓ રવાના થયા છે. આજે બીજી ૩૦ ટ્રેનનું આયોજન છે, ગુજરાતમાંથી ઉત્તર પ્રદેશમાં જશે. યુપીમાં ૧૮ બિહારમાં ૭ ટ્રેન જશે. સાંજ સુધીમાં ૮૨ હજાર ૮૦૦ જેટલા પરપ્રાંતિયો રવાના થશે. આજે પોણા ચાર લાખ સુધીનો આંકડો પહોંચી ગયો છે. મુખ્યમંત્રીએ પરપ્રાંતિયોને ધીરજ ધરવાની અપીલ કરી છે. આ કામગીરી ૧૦ થી ૧૫ દિવસમાં પૂરી કરી દેવાશે. જો જરૂર પડશે તો તેમાં વધારો કરવામાં આવશે.

પરપ્રાંતિયો માટે તેમણે જણાવ્યું કે, જ્યાં સુધી જિલ્લા વહીવટ તંત્ર તથા અધિકૃત કરાયેલ સમાજ તરફથી જાણ કરવામાં નહિ આવે કે કેટલા વાગે બસમાં બેસવાનુ છે, ત્યા સુધી બહાર નીકળવાનું ટાળો. રોડ પર આવવાથી ટોળુ ભેગુ કરવાથી કોઈ ફાયદો નથી. આ પોઈન્ટ ટુ પોઈન્ટ ઓપરેશન છે. વ્યક્તિ ખોટી ટ્રેનમાં બેસી જશે તો તેને મોટી મુશ્કેલીનો સામનો કરવો પડશે. તેથી ડિટેઈલ માઈક્રોપ્લાનિંગમાં તમારા સાથ સહકારની જરૂર છે. રજિસ્ટ્રેશન થયા બાદ ફોન કે રૂબરુ સૂચના આપવામાં ન આવે, ત્યા સુધી રોડ પર ન નીકળો. જે જિલ્લામાં શ્રમિકો છે, તેઓને તેમના વતનમાં મોકલવા માટેની સંપૂર્ણ ટ્રેન વ્યવસ્થા કરાશે. જ્યાં સુધી શ્રમિકો જવા ઈચ્છશે, ત્યા સુધી કામગીરી ચાલુ રખાશે. સમગ્ર દેશમાં જે ટ્રેન ચલાવાઈ છે, તેમાં સૌથી વધુ ટ્રેન ગુજરાતને ફાળવાઈ છે. મહારાષ્ટ્રમાંથી ૧૩ નીકળી, ગુજરાતમાંથી ૩૯ ટ્રેનો દોડી છે. તેથી તેમાં સાથ સહકાર આપો. ચાર દિવસમાં ગુજરાતમાંથી ૩૯ ટ્રેનો રવાના થઈ છે. આજે ૩૦ ટ્રેનો જશે. આવતીકાલે એના કરતાં પણ વધુ ટ્રેન જશે.

વિદેશમાં ગુજરાતના જે લોકો ફસાયા છે તે માટે ૭ મેથી ફ્લાઈટની વ્યવસ્થા કરવામાં આવી છે. તેના માટે ઈન્ડિયન મિશનમાં નોંધણી કરાવવાની રહેશે તેવી ભારત સરકારની સૂચના છે. ફિલીપાઈન્સથી પહેલી ફ્લાઈટ, યુએસ અને સિંગાપોરથી ફ્લાઈટ આવશે. ૧૫૫૦ જેટલા ગુજરાતીઓને પ્રથમ તબક્કામાં વિદેશથી પરત લાવવામાં આવશે. બાકીનાને બીજા અને ત્રીજા તબક્કામાં પરત ગુજરાત લાવવામાં આવશે. વિદેશથી આવતા ગુજરાતીઓને સ્વખર્ચે લાવવામાં આવશે. આઈએએસ અધિકારી મમતા વર્માની માટે નિમણૂક કરવામાં આવી છે. સુરત કલેક્ટરને પણ સૂચના આપી છે. સૌરાષ્ટ્રમાંથી આવતા રત્નકલાકારોને પોતાના વતન જવા માટે છૂટછાટ આપવામાં આવી છે. રજિસ્ટ્રેશન કર્યા પછી એસટી બસની પણ સગવડ કરવામાં આવશે. રત્ન કલાકારોને જવા માટે પોતાના વાહન લક્ઝરી ઉપરાંત રાજ્ય સરકારની એસટી બસ પણ ફાળવવામાં આવશે.

રાજકોટ મનપામાં ૬ કર્મચારીઓ માસ્ક વગર ઝડપાતા વસુલાયો ૧-૧ હજાર દંડ

રાજકોટ

વિશ્વમાં કોરોના વાઈરસની મહામારીના કારણે હાહાકાર મચ્યો છે. એવામાં ભારતમાં પણ કોરોના વાઈરસ હવે બેકાબૂ થઈ રહ્યો છે. જેને રાજયના મોટાભાગના શહેરોમાં ફરજિયાત માસ્ક લોકોને પહેરવાનું કહેવામાં કહેવામાં આવ્યું છે. ત્યારે રાજકોટમાં પણ લોકોને ઘરની બહાર નીકળતા સમયે માસ્ક અથવા મોં પર રૂમાલ ફરજિયાત બાંધવાનો મનપા દ્વારા આદેશ જાહેર કરાયો છે. પરંતુ રાજકોટ મનપાની સેન્ટ્રલ ઝોનની કચેરીમાં જ કેટલાક કર્મચારીઓ વગર માસ્ક વગર કામ પર આવ્યા હતા.

જે અંગે મનપા કમિશ્નરને જાણ થતાં તેમના દ્વારા કર્મચારીઓને દંડ ફટકારવામાં આવ્યો હતો. ૬ જેટલા કર્મચારીઓ પાસેથી ૧-૧ હજારનો દંડ વસુલવામાં આવતા કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો હતો.ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં મનપાની ટીમ દ્વારા દરરોજ અલગ અલગ વિસ્તારમાં તપાસ કરવામાં આવી રહી છે અને માસ્ક ન પહેરનારા લોકો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

સુરેન્દ્રનગરમાં પબજી ગેમનો રાઉન્ડ પાર ન થતા કિશોરે આત્મહત્યા કરતાં ચકચાર

સુરેન્દ્રનગર

હાલમાં લોકડાઉન છે અને લોકો પણ ઘરમાં છે, ત્યારે બધા કંઈક અલગ અલગ રીતે કામ કરી રહ્યા છે. કોઈ ગેમ રમીને તો કોઈ નવું નવું ખાવાનું બનાવીને. પરંતુ બાળકોમાં ગેમને લઈ એક અલગ જ ઉત્સાહ જોવા મળતો હોય છે. એમાં પણ પબજી ગેમના કારણે તો છોકરાઓ ગાંડા થયા છે. હાલમાં જ આ ગેમ રમતા લોકો માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે.

સુરેન્દ્રનગરમાં પબજી ગેમ રમતા કિશોરનો આપઘાતનો કિસ્સો બન્યો છે. વઢવાણમાં ૧૫ વર્ષીય કિશોરે આપઘાત કર્યો છે. ગેમનો રાઉન્ડ પાર ન થતા આપઘાત કર્યો છે. ત્યારબાદ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સુરેન્દ્રનગરમાં પબજી ગેમનો રાઉન્ડ પાર ન થતા કિશોરે આત્મહત્યા કરતાં ચકચાર મચી ગઈ હતી. મૃતકના પિતાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ લખાવી છે. પબજી રમતા લોકો માટે લાલબત્તી સમાન આ કિસ્સો અવગણવા જેવો નથી. વઢવાણ ૧૫ વર્ષીય કિશોરની આત્મહત્યાથી વઢવાણના વિસ્તારોમાં શોકનો માહોલ જોવા મળ્યો હતો. હાલમાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોરબંદર કોરોન્ટાઇન સેન્ટરોમાં "હું"ની ગાઈડલાઈનનું કરાયું ઉલ્લંઘનઃ રામદેવ મોઢવાડીયા

પોરબંદર

જિલ્લામાં સરકાર દ્વારા જાહેર કરેલા કોરોન્ટાઈન સેન્ટરોમાં ગોઢાણીયા કોલેજમાં અને સાંદિપનીની બાજુ આત્માની ખેતીવાડી તાલીમ કેન્દ્ર સરકારી ખર્ચે કરવામાં આવે છે અને વ્યક્તિ પોતાના ખર્ચે રૂમ ભાડું ચૂકવીને ચોપાટીની બાજુમાં આવેલા તોરણ બંગલામાં રહી શકે છે. તોરણ બંગલોમાં એક વ્યક્તિએ ભાડું ચૂકવીને એક જ રૂમમાં રહેવાની નિયમોની ફરજ પાડવામાં આવે છે. પરંતુ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી સાંદીપની બાજુમાં ખેતીવાડી તાલીમ કેન્દ્રમાં અને કોલેજમાં એક જ રૂમમાં બે, પાંચ કરતાં વધારે વ્યક્તિઓને રાખવામાં આવે છે અને આ બધાને સંયુક્ત રીતે એક જ બાથરૂમ અને શૌચાલયનો ઉપયોગ કરવામાં આવે છે અને મચ્છરોનો ત્રાસ પણ ખૂબ જ છે તેવી અનેક ફરિયાદો ઉઠી છે. રામદેવ મોઢવાડિયાએ રાજ્ય સરકારને વિનંતી કરી કે, પોરબંદરમાં રેડ ઝોનમાંથી આવનાર વ્યક્તિને નિયમોનું પાલન કરાવો અને તેને જે જગ્યાએ રાખવામાં આવ્યો છે, તેને દરરોજ સેનિટાઈઝ કરવામાં આવે.

ગાંધીનગર જિલ્લા કલેકટરે જાહેરનામું બહાર પાડી આપ્યા આદેશ

ગાંધીનગરમાં આવનાર દરેક વ્યક્તિને ફરજિયાત ૧૪ દિવસ હોમ ક્વોરન્ટીન

ગાંધીનગર

પાટનગરમાં પોઝિટિવ કેસોની સંખ્યા વધી રહી છે. કોરોનાના કેસો જિલ્લાની બહારથી આવતી વ્યક્તિઓ અને તેના સંપર્કમાં આવેલા લોકોના કારણે વધી રહ્યા છે. જેને લઈ ગાંધીનગર જિલ્લા અને શહેરમાં આવતાં લોકોએ પોતાના નામ, સરનામું, મોબાઈલ નંબર, ગાંધીનગરમાં ક્યારે અને ક્યાં સ્થળે તેમજ ક્યાં વ્યવસાય સાથે સંકળાયેલા છે તેની જાણ જિલ્લાના કંટ્રોલરૂમ પર જાણ કરવાની રહેશે.

જિલ્લા કલેકટર કુલદીપ આર્યએ જાહેરનામું બહાર પાડી જણાવ્યું છે કે કોરોનાના કેસો જિલ્લાની બહારથી આવતી વ્યક્તિઓ અને તેના સંપર્કમાં આવેલા લોકોથી વધી રહ્યા છે. જેને કાબુમાં લેવા અમદાવાદ અને અન્ય જગ્યાએથી આવ્યા હોય અને જિલ્લામાં કોઈ જગ્યાએ રહેતા હોય તો તેમનું મેડીકલ ચેકઅપ જરૂરી છે. જેથી તેવા વ્યકિતઓની તમામ માહિતી ટોલ ફ્રી નંબર ૧૦૭૭, જિલ્લા કંટ્રોલરૂમ નંબર ૦૭૯ ૨૩૨૫૬૭૨૦ અને ૦૭૯ ૨૩૨૫૬૬૩૯ પર જાણ કરવાની રહેશે. તેમજ ૧૪ દિવસ સુધી સેલ્ફ ક્વોરન્ટીન રહેવું પડશે. જો કોઈ વ્યક્તિ જાણ નહિ કરે તો જાહેરનામા ભંગ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ હેઠળ ગુનો નોંધવામાં આવશે.

મહેસાણામાં કોરોનાના કુલ ૪૩ પોઝિટીવ કેસો આવતા તંત્રે હાથધરી ખાસ કામગીરી

મહેસાણા

મહેસાણા જિલ્લામાં કોરોના પોઝિટીવ કેસોની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. વધુ પાંચ કોરોના દર્દીઓનો ઉમેરો થતાં કોરોના પોઝેટીવ કેસોની સંખ્યા ૪૩ સુધી પહોંચી ગઈ છે. જેમાં મલાવ, સુંદરપુર, છઠીયારડા, વડનગર અને ખેરાલુમાં એક-એક દર્દીનો રીપોર્ટ પોઝિટીવ આવ્યો છે. નોંધપાત્ર છે કે, સોમવારે પોઝિટીવ દર્દીના સંપર્કમાં આવેલા મહેસાણા તાલુકાના સઠીયારડા ગામના પાંચ સહિત છ વ્યક્તિના રીપોર્ટ પોઝિટીવ આવ્યા હતા. નવાઈની વાત છે કે મહેસાણા શહેરના લાખવડી ભાગોળ વિસ્તારને એકાદ સપ્તાહ અગાઉ બફર ઝોન જાહેર કરેલા વિસ્તારને એકાએક બફર ઝોન મુક્ત કરાતાં લોકોમાં તર્ક વિતર્ક સર્જાયા છે. મહેસાણા જિલ્લામાં મંગળવારના રોજ પાંચ દર્દીઓનો કોરોના રીપોર્ટ પોઝિટીવ આવતાં આરોગ્યતંત્રમાં દોડધામ મચી હતી.

જેમાં અમદાવાદથી ટ્રવેલીંગ હિસ્ટ્રી ધરાવતા વિજાપુર તાલુકાના મલાવ ગામના યુવાન, વડનગર વૃધ્ધાશ્રમમાં રહેતા એક વૃધ્ધા તેમજ મહિલા આરોગ્ય કર્મી ઉપરાંત પોઝિટીવ દર્દીના સંપર્કમાં આવેલા છઠીયારડા અને ખેરાલુના બે વ્યક્તિઓનો સમાવેશ થાય છે. અગાઉ અમદાવાદ આરપીએફમાં ફરજ બજાવતા છઠીયારડાના યુવાનને શરદી ખાંસી થતાં સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેનો રીપોર્ટ પોઝિટીવ આવતા તેના કલોઝ સંપર્કમાં આવેલા પરિવારના સભ્યો, પડોશી તેમજ મિત્ર સહિત ૮ વ્યક્તિને ક્વોરેન્ટાઈન કરાયા હતા. અને તેમના સેમ્પલ લેવામાં આવતાં સોમવારે છ જણાના રીપોર્ટ પોઝિટીવ આવ્યા હતા. જયારે બેના રીપોર્ટ પેન્ડીંગ રહ્યા હતા. જે પૈકી એકનો રીપોર્ટ મંગળવારે પોઝિટીવ આવ્યો છે.

આરપીએફમાં ફરજ બજાવતા પોતાના કોરોના પોઝિટીવ મિત્રના સંપર્કમાં આવેલા જીવણખાન બેસીમનો રીપોર્ટ પણ પોઝિટીવ આવતા તેઓ જે સોસાયટીમાં રહે છે તે બાસણાનગરમાં મહેસાણા નગરપાલિકા દ્વારા દવાનો છંટકાવ કરીને સેનેટાઈઝ કરવામાં આવ્યું હતું. ખેરાલુ પોલીસ લાઈનમાં રહેતા ટીકટોક સ્ટાર મહિલા પોલીસ કર્મી અલ્પિતા ચૌધરીનો રીપોર્ટ પોઝિટીવ આવતા હાલ વડનગર મેડિકલ કોલેજ કોવિદ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. દરમિયાન કલોઝ સંપર્કમાં આવેલા તેણીના માતા ભીખીબેન ચૌધરીનો સેમ્પલ લેવામાં આવ્યો હતો. જેનો મંગળવારે રીપોર્ટ પોઝિટીવ આવતા સારવાર માટે ખસેડાયા હતા.

અમદાવાદના કમિશનરને અચાનક જ ક્વોરેન્ટાઈન ને લઈ કોંગ્રેસે ઉઠાવ્યા સવાલ

અમદાવાદમાં વધુ કોરોના કેસો શોધ્યા એ નાગરિકોનુ હિત હતું, પરતુ ભાજપની ગુજરાત સરકાર માટે શુ અહિત હતુ..?

અમદાવાદ

કોરોના પોઝિટિવ વ્યકિતના સંપર્કમાં આવતાં અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરા ૧૪ દિવસ માટે હોમ ક્વોરેન્ટાઈન થયા છે. વિજય નહેરા ની મ્યુનિસિપલ કમિશનરની ગેરહાજરીમાં અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરનો ચાર્જ જરાત મેરીટાઈમ બોર્ડના વાઈસ ચેરમેન અને CEO મુકેશકુમારને સોંપવામાં આવ્યો છે. આ સાથે જ ગાંધીનગરમાં વિવિધ ચર્ચાઓ શરૂ થઈ હતી. ત્યારે કોંગ્રેસ ના ધારાસભ્ય શૈલેષ પરમારે વિજય નહેરા મુદ્દે અનેક સવાલો ઉઠાવ્યા છે.

ધારાસભ્ય શૈલેષ પરમારે આ મુદ્દે સવાલો ઉઠાવ્યા કે, અમદાવાદના કમિશનરને અચાનક જ ક્વોરેન્ટાઈન કરવાનુ કારણ શું? અમદાવાદ શહેરના મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાએ ૪૦ દિવસ સુધી અમદાવાદ શહેરના નાગરિકોના હિત ખાતર અન્ય રાજયો કરતા પણ શહેરમાં વધારે ટેસ્ટ કરાવ્યા. ૪૦૦૦ કરતા વધુ પોઝિટિવ કેસો શોધી કાઢી સરાહનીય કામગીરી કરી છે. તેઓ સતત કોરોના પોઝિટિવ દર્દીઓ વચ્ચે હોસ્પિટલમાં, રેડ ઝોન વિસ્તારમાં તથા કોરોનાને લગતી અન્ય કામગીરીમાં હાજર રહ્યાં હતા.

ત્યારે અચાનક જ કોરોના પોઝિટિવના સંપર્કમાં આવ્યાનું કારણ બતાવી તેઓને ૧૪ દિવસ માટે ક્વોરેન્ટાઈન કરવાનું કારણ શું? અમદાવાદ શહેરમાં સૌથી વધુ કોરોના પોઝિટિવ કેસો શોધ્યા એ શહેરના નાગરિકોનુ હિત હતું, પરતુ ભાજપની ગુજરાત સરકાર માટે શુ અહિત હતુ? કારણ કે કોરોના પોઝિટિવના શહેરમાં વધુ કેસોના કારણે ભાજપ સરકારની છબી તો ખરડાતી નહોતી ને ? અમદાવાદ શહેરના મ્યુનિસિપલ કમિશનરને તેમની કોરોના માટેની કામગીરી બદલ અભિનંદન.

કોરોના ને પગલે પોસ્ટ વિભાગ વડીલોને ઘેર બેઠા આપી રહ્યું છે મેડિકલ સેવા

સાબરકાંઠા

કોરોના વાઈરસ સામેના જંગમાં આરોગ્ય, પોલીસ અને મીડિયાના લોકો ફ્રન્ટ્રલાઈન વોરિયર્સ તરીકે કામ કરી રહ્યા છે. ત્યારે પોસ્ટના કર્મીઓએ પણ લોકોમાં ઘરમાં જ રહે તે હેતુથી ૭૦૦થી વધારે ગંભીર હાલતમાં પીડાતા દર્દીઓને ઘેર બેઠાં દવા તેમજ મેડિકલ સેવા પહોંચાડી છે. સાબરકાંઠા અને અરવલ્લીના ૧૧૩૦ પોસ્ટ વિભાગના કર્મીઓ સામાન્ય દિવસોમાં લોકોના ઘર સુધી પોસ્ટ, કુરીયર કે અન્ય પાર્સલ સુવિધાઓ હોમ ડિલીવરી કરે છે. પણ આ સંકટના સમયે પોસ્ટના કર્મીઓની જવાબદારી વિશેષ બની જતી હોય છે.કેન્દ્ર સરકારે પણ લોકો ઘરની બહાર ન નીકળે તે માટે આવશ્યક સેવાઓ માટે હોમ ડિલિવરીનો આગ્રહ રખાયો છે.

ત્યારે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના પોસ્ટ વિભાગના કર્મચારીઓએ અન્ય જિલ્લા કે, તાલુકામાંથી આવતી દવાઓને ગંભીર રોગથી પીડાતા હોય તેવા ૭૩૪ દર્દીઓને ઘર સુધી પંહોચાડવાનું અમૂલ્ય કાર્ય કર્યુ છે.તો વળી ૬૫૮થી વધુ મેડિકલ પાર્સલ બુક કરીને અન્ય જિલ્લામાં પંહોચાડવાનું કામ પોસ્ટ વિભાગ દ્વારા થઈ રહ્યું છે. લોકડાઉનના સમયમાં જિલ્લાની ગંગા સ્વરૂપ બહેનો ઘરની બહાર નિકળી ક્યાંક કોરોના સંક્રમણનો ભોગ ન બને તેમજ આર્થિક સંકટનો સામનો ન કરવો પડે તે માટે પોસ્ટ વિભાગના ૫૧થી વધુ પોસ્ટમેન અને ૮૬૪ ગ્રામિણ ડાક સેવા કર્મીઓએ ૧૭,૮૭૦ બહેનાના ઘરે જઈ રૂપિયા ૩.૯૮ કરોડથી વધુની મૂડી તેમના હાથમાં સોંપી છે.

જ્યારે આવા જ ગ્રામિણ વિસ્તારના લોકો બેંક સુધી ન જઈ શકે તો તેમના બેંક એંકાઉન્ટના નાંણા પંહોચાડવાની સેવા આ પોસ્ટકર્મીઓએ કરી જેમાં આધારકાર્ડ સાથે લિક્કઅપ ધરાવતા ૧૦, ૪૨૯ ખાતાધારકોને રૂપિયા ૧.૯૦ કરોડ બેંકના પગથિયે ગયા વિના જ ઘરે બેઠા મળી ગયા છે. પોસ્ટના કર્મીઓ માત્ર કામ જ નથી કરતા પરંતુ સાથે સાથે કોરોના જાગૃતિનું પણ કામ કરી રહી રહ્યા છે, ત્યારે કોરોના સામેની જંગમાં પોસ્ટના કર્મીઓ સાચા વોરીયર્સ બની રહ્યા છે ત્યારે અન્ય વિભાગમાં લોકો પણ વૈશ્વિક મહામારી સામે બનતી તમામ મદદ કરી તે ઈચ્છનીય છે.

વતન મોકલવા મોટું ભાડું લીધું છતાં વડોદરામાં શ્રમિકોના પાણી માટે પણ વલખા

ગાંધીનગર

ગુજરાતમાં શ્રમિકો વતનની વાટ પકડી છે અને ટ્રેન, બસ, લક્ઝરી દ્વારા ગુજરાતમાં ફસાયેલા લોકોને પોત પોતાને ઘરે જવા દેવામાં આવી રહ્યા છે પરંતુ વાત આટલેથી અટકી નથી. આ બિનગુજરાતીઓ એટલે કે પરપ્રાંતિયો પાસેથી ટિકિટનો પૂરેપરો ચાર્જ વસૂલાયા બાદ પણ તેમને પાણી જેવી પ્રાથમિક જરૂરિયાત પૂર ન કરી શકનારી ગુજરાત સરકાર સામે સવાલો ઉઠી રહ્યા છે. કેન્દ્ર સરકારે છેલ્લા દોઢ મહિનાથી ફસાયેલા લોકોને પોતાના વતન જવા માટે મંજૂરી આપતા જ ગુજરાત સહિત દેશભરમાં ફસાયેલા અન્ય રાજયોના નાગરિકોએ પોતાના વતન જવા તૈયારી કરી લીધી હતી ત્યારે આ શ્રમિકો પાસેથી ભાડુ વસુલીને તેમને વતન મોકલી રહેલી સરકાર પર પ્રશ્નો ઉઠી રહ્યા હતા. એવામાં આ શ્રમિકો પાસેથી ભાડુ વસુલાયા બાદ પણ તેમને કોઈ સગવડો અપાઈ નથી રહી. ન તેમને પાણી અપાઈ રહ્યુ છે ન બીજી કોઈ સવલત. શ્રમિકો મામલે તંત્ર નિંદ્રામાં ઝડપાયું છે. વડોદરામાં શ્રમિકોની હાલત કફોડી થઈ છે. બિહાર જવા માટે શ્રમિકો બસમાં લવાયા છે. સવારે ૭ વાગ્યેથી શ્રમિકો બસમાં બેઠા છે. શ્રમિકોને પાણી કે જમવાનું નથી મળી રહ્યું. વડોદરામાં ૪૦૫ કેસ નોંધાયા છે અને ૩૦ લોકોના મોત થઈ ચુક્યા છે. ગઈકાલે નવા ૨૦ કેસ નોંધાયા હતા અને ૩ લોકોના મોત થયા હતા. ગુજરાતમાં કોરનાના ૬૨૪૫ કેસ થઈ ચુક્યા છે. ૩૬૮ લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે. ગઈકાલે એક જ દિવસમાં ૪૯ લોકોના મોત થયા છે જ્યારે ૪૪૧ નવા કેસ નોંધાઈ ચુક્યા છે.

ખંભાતમાં કોરોનાગ્રસ્ત દર્દીના અંતિમ સંસ્કારને લઈ સ્થાનિકોનો વિરોધ

ઘર્ષણ બાદ પોલીસ પર પર પથ્થરમારો, બે પોલીસકર્મી ઘાયલ

આણંદ

ખંભાતમાં કોરોના પોઝિટિવ દર્દીના અંતિમ સંસ્કાર વખતે સ્થાનિકોએ વિરોધ કરીને પોલીસ પર પથ્થરમારો કર્યાની ઘટના સામે આવી છે. પથ્થરમારામાં બે પોલીસકર્મી ઘાયલ થયા છે. ખંભાતના મીરકોઈ વાડા વિસ્તારના ૬૩ વર્ષીય પુરુષનું બે દિવસ પહેલા કોરોનાને કારણે મોત થયું હતું. મૃતકના સગા પણ ક્વોરન્ટીન હોવાથી તેઓ અંતિમ સંસ્કાર કરી શક્યા ન હતા. અંતિમ સંસ્કાર માટે સૌપ્રથમ આણંદ ઈલેક્ટ્રિક સ્મશાન ગૃહની પસંદગી કરવામાં આવી હતી. આણંદ સ્મશાન ગૃહમાં ટેક્નિકલ ફોલ્ટ હોવાથી અગ્નિ સંસ્કાર વિદ્યાનગર સ્મશાન ગૃહમાં કરવાનું નક્કી થયું હતું.

અંતિમવિધિ માટે વિદ્યાનગર સ્મશાન ગૃહની પસંદગી કરવામાં આવતા જ મૃતકને ત્યાં લઈ જતા સ્થાનિકોએ જોરદાર વિરોધ કર્યો હતો. જે બાદમાં પોલીસ અને રહીશો વચ્ચે ઘર્ષણ થયું હતું. એટલું જ નહીં ખંભાતના મૃતક કોરોનાના દર્દીની અંતિમવિધિ માટે આવેલા ખંભાત પાલિકાના પ્રમુખની ગાડી પર પણ પથ્થરમારો થયો હતો. હરિઓમ નગર ખાતે પોલીસ પર થયેલા હુમલામાં બે પોલીસકર્મીને ઈજા પહોંચી હતી. આશરે એક હજાર જેટલા સ્થાનિક રહીશોનું ટોળું આવી પહોંચ્યું હતું. હુમલા બાદ પોલીસે લોકોને વીખેરવા માટે ટીયરગેસના સેલ છોડવા પડ્યાં હતાં. ગુજરાતમાં કોરોના વાયરસ પ્રચંડ ગતિએ ફેલાઈ રહ્યો છે ત્યારે લોકોમાં ડર ફેલાયો છે. આ જ કારણે રહેણાક વિસ્તારોમાં કોરોના સેન્ટરો તેમજ અંતિમ સંસ્કારનો પણ વિરોધ કરવામાં આવતા હોવાના બનાવો ધ્યાનમાં આવ્યા છે. આ મામલે ખંભાત પાલિકાના જીતેન્દ્ર ડાભીએ જણાવ્યું હતું કે, આ મૃતદેહ બે દિવસથી કરમસદ મેડિકલમાં પડ્યો હતો. તેમના વારસદારો પણ ક્વોરન્ટીન છે.

આણંદ કલેક્ટરની સૂચના બાદ અમે તેની ડેડબાડી લઈને પૂરતી વ્યવસ્થા સાથે અહીં પહોંચ્યા છીએ. આણંદ ખાતે ટેક્નિકલ ખામી આવતા હરિઓમ નગર ખાતે ડેડબોડી લઈને આવ્યા છીએ. અહીં રહીશોએ પીપીઈ કીટ પહેરેલા લોકોને જોતા તેમનામાં ડર પેસી ગયો હતો. આથી તેમણે અગ્નિ સંસ્કારનો વિરોધ કર્યો હતો. આ મામલે પોલીસે જણાવ્યું હતું કે, કોરોના પોઝિટિવ દર્દીના અંતિમ સંસ્કાર મામલે સ્થાનિકોમાં કોઈ અફવા ફેલાઈ હતી. આથી તે લોકોનો આગ્રહ હતો કે અહીં અંતિમ સંસ્કાર કરવામાં ન આવે. જે બાદમાં પોલીસ અને લોકો વચ્ચે ઘર્ષણ થયું હતું. આ દરમિયાન બે પોલીસકર્મીને ઈજા પહોંચી છે. હાલ તેઓ સારવાર હેઠળ છે. આ કેસમાં હવે ધરપકડ શરૂ કરવામાં આવશે અને દોષિથો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

કોરોના અને શ્રમિકોની સમસ્યાને લઈ કોંગ્રેસના સરકાર સામે સળગતા સવાલ

ગાંધીનગર

દેશમાં કોરનાની મહામારીની સૌથી ભયંકર અસર મહારાષ્ટ્ર બાદ ગુજરાતમાં જોવા મળી રહી છે. રાજ્યમાં કોરોનાને લઈને પોઝિટિવ દર્દીઓની સંખ્યામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે કોંગ્રેસ દ્વારા સરકાર પર કોરોના ફેલવાને લઈને ગંભીર આક્ષેપો કરવામાં આવી રહ્યાં છે. પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાએ અમદાવાદમાં યોજાયેલા ''નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમને લઈને રાજ્ય સરકારને આડે હાથ લીધી છે. ગુજરાતમાં કોરોનાથી વણસી રહેલી પરિસ્થિતિને લઈને કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષે રાજ્ય સરકાર પર નિશાન તાકતા ગંભીર આક્ષેપ લગાવ્યાં છે. જેમાં અમિત ચાવડાએ અમદાવાદમાં યોજાયેલા 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમથી કોરોના ફેલવાની શરૂઆત થઈ હોવાના આક્ષેપ લગાવ્યાં છે. કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાએ રાજ્ય સરકાર પર ગંભીર આક્ષેપો લગાવ્યાં છે. અમિત ચાવડાએ કહ્યું કે 'નમસ્તે ટ્રમ્પ' ના કાર્યક્રમને લઈને હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવશે. આ કાર્યક્રમને લઈને ન્યાયિક તપાસની માગ કરવામાં આવશે.

ડોનાલ્ડ ટ્રમ્પ અભિવાદન સમિતિ, ગુજરાત ક્રિકેટ એસોસિયેશન સામે તપાસ થાય તેવી માંગણી કરવામાં આવશે. જાન્યુઆરીના પ્રથમ સપ્તાહથી જ ભારત સરકારને જાણ હતી કે રોગ કેટલો ગંભીર છે તેમ છતાં કેમ સાવચેતીના પગલા લેવામાં આવ્યાં નહીં.

અમિત ચાવડાએ જણાવ્યું કે હું એ પહેલાથી જ કહ્યું હતું કે માનવથી માનવ રોગ ફેલાઈ રહ્યો છે. તેમ છતાં સરકારે ગંભીરતાને અવગણીને રાજકીય લાભને વશ થઈ 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમ યોજયો. 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમથી હું ની ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરાયું. આ અજાણતા થયેલી ભૂલ નથી, ગુનાહિત બેદરકારી છે. શ્રમિકોને વતન મોકલવા મામલે સરકારનું ભેદી મોન અને વિપક્ષનો પ્રયાસ બેમાંથી એકેય હાલ તો કારગત નથી લાગતા. ગુજરાત કોંગ્રેસના વિપક્ષના નેતા પરેશ ધાનાણી સાથે ખાસ મુલાકાત કરીને કોંગ્રેસનો પ્લાન જાણવાની કોશિશ કરતા જાણવા મળ્યુ કે સરકાર કેટલોક ટેડા પોતે જ છુપાવી રહી છે અથવા તો તેમની પાસે સંકલનનો અભાવ છે જ્યારે બીજે પક્ષે પરેશ ધાનાણી પાસે પણ એડી ચોટીનું જોર લગાવ્યા છતાં હજુ સુધી કોઈ ખાસ પ્લાન નથી. હું એ પહેલેથી જ કહ્યુ હતુ કે, આ વૈશ્વિક મહામારી છે. દેશમાં કોરોના વાયરસ નોંધાયા બાદ પણ નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ કરીને ગુજરાતમાં ભીડ ભેગી કરી છે. કોરોનાનો બોમ્બ ફૂટી ચુક્યો છે. કોરોનાની સ્થિત સરકારના હાથમાં નથી એટલે જ મુખ્યમંત્રીએ સ્વીકારવું પડ્યુ છે કે, આ લડત લાંબી ચાલવાની છે.

કોરોનાને પગલે મહેસાણા ગંજબજાર અચોક્કસ મુદત સુધી બંધ રાખવા નિર્ણય

મહેસાણા

કોરોના મહામારીના કારણે બંધ થઈ ગયેલા મહેસાણા ગંજબજારમાં ૨૧મી એપ્રિલથી ફરીથી વિવિધ તકેદારી સાથે અનાજ માર્કેટમાં વેપારનો પ્રારંભ કરાયો હતો. જો કે, કોરોનાનો કહેર વધતાં ઉત્તર ગુજરાતનાં મોટાભાગનાં ગંજબજાર બંધ થઈ જતાં મહેસાણા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિએ અને વેપારીઓએ પણ બુધવારથી અચોક્કસ મુદ્દત માટે અનાજ માર્કેટ બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. દેશભરમાં કોરોના વાયરસને પ્રસરતો અટકાવવા માટે લોકડાઉનનો અમલ કરાયો ત્યારે વિવિધ ગંજબજારોમાં પણ વેપારો બંધ થઈ ગયા હતા, જો કે, લાંબા સમય સુધી ગંજબજાર બંધ રહેતાં ખેડૂતોએ મહામુશીબતે પકવેલો માલ વેચી શકતા ન હોઈ આર્થિક સંકડામણનો ભોગ બનવું પડ્યું હતું. જેના કારણે રાજ્ય સરકારે કોરોના વાયરસ ના ફેલાય તે માટે વિવિધ તકેદારી રાખીને ગંજબજારમાં વેપારો શરૂ કરવાનો આદેશ કર્યો હતો. જે મુજબ મહેસાણા ગંજબજારમાં પણ ૨૧મી એપ્રિલથી અનાજ માર્કેટમાં વેપારો શરૂ થયા હતા. જેના આશરે પંદર દિવસમાં મહેસાણા ગંજબજારમાં ખેડૂતોના ઘઉં, રાયડો, એરંડા, અજમો વગેરે કુલ ૫૯૧૯ ક્વિંટલ ખેતપેદાશોના વેપાર થયા હતા. જે નાણાંની દૃષ્ટિએ જોઈએ તો કુલ ૨,૩૧,૮૨,૫૬૦ રૂપિયાના વેપાર થયા છે. પરંતુ કોરોનાનો કહેર વધતાં ઉત્તર ગુજરાતના મોટાભાગના ગંજબજારોમાં વેપારો બંધ થઈ ગયા છે અને મજુરો પણ ન હોવાથી મહેસાણા ગંજબજારમાં પણ અનાજમાર્કેટ બંધ કરવાનો નિર્ણય કરાયો છે. ખેડૂત માલની હરાજી માટે શનિવારથી નવા ખેડૂતોની નોંધણી પણ બંધ કરી દેવાઈ હતી. પરંતુ તે પહેલાં નોંધણી કરાવી હોય તેવી તા.૬થી ૮ મે સુધી હરાજી માટે ખેડૂત માલની કરાયેલી નોંધણી પણ રદ કરાઈ છે. જેથી આવા ખેડૂતોને પણ હરાજી માટે માલ લઈને ન આવવા માર્કિટ કમિટીએ જણાવી દીધું છે. ઉપરાંત વેપારીઓને વેપાર-ધંધા માટે બજાર સમિતિએ ઈસ્યુ કરેલા લોકડાઉન મુક્તિ પાસ પણ ૬ મેથી રદ કરાયા છે અને પાસ બજાર સમિતિની ઓફિસે જમા કરવા જણાવી દેવાયું છે.

અમદાવાદ કનેક્શનને કારણે ગાંધીનગરમાં કોરોનાના આંકડામાં સતત વધારો

ગાંધીનગરમાં ૨ અધિકારીઓનો રિપોર્ટ કોરોના પોઝિટીવ આવતા સારવાર માટે ખસેડાયા

ગાંધીનગર

રાજયનાં પાટનગરમાં કોરોનાનો કહેર વધી રહ્યો છે. ત્યારે અમદાવાદ કનેક્શનને કારણે ગાંધીનગર શહેરમાં કોરોના પોઝિટિવ દર્દીઓનાં આંકડામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે અમદાવાદ સરકારી ગોડાઉનમાં આસી. મેનેજર તરીકે ફરજ બજાવતાં અને સેક્ટર-૩૦માં રહેતાં ૪૨ વર્ષિય સરકારી કર્મચારી કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. આ ઉપરાંત ગત અઠવાડીયે પોઝિટિવ આવેલી અમદાવાદ કેન્સર રીસર્ચ સેન્ટરની તબીબ યુવતિનો પતિ પણ આજે પોઝિટિવ આવ્યો છે. આ બંને દર્દીઓને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરીને સારવાર આપવામાં આવી રહી છે.

પાટનગર ગાંધીનગર અમદાવાદ સાથે જોડાયેલું છે. અને અમદાવાદથી ગાંધીનગરનાં કનેક્શનનાં કારણે કોરોનાનું સંક્રમણ ખુબ જ ઝડપથી ફેલાઈ રહ્યું છે. જયારે પોલીસ દ્વારા લોકડાઉનનું સખ્તાઈથી પાલન નહીં કરાવીને જે ભુલ કરી છે તેની સજા હાલ સમગ્ર ગાંધીનગરવાસીઓ ભોગવી રહ્યાં છે. આવશ્યક સેવાઓના કર્મચારીઓ જ નહીં પરંતુ સામાન્ય નાગરિકો પણ અગાઉ સરળતાથી અમદાવાદ અવર જવર કરી શકતા હતા.

જેના કારણે ગાંધીનગરમાં હાલ પોઝિટિવ દર્દીઓની સંખ્યા વધી રહી છે. અગાઉ ગત તા.૨૮ એપ્રિલના રોજ સેક્ટર-૮માં રહેતી તબીબ યુવતિ પોઝિટિવ આવી હતી. આ ૨૯ વર્ષિય યુવતિ અમદાવાદ સિવિલ સંકુલમાં આવેલા કેન્સર રીસર્ચ સેન્ટરમાં ડોક્ટર તરીકે ફરજ બજાવતી હતી. અમદાવાદના કારણે આ યુવતિને ચેપ લાગ્યો હતો. ત્યારે તેના સંપર્કમાં આવેલા તેના પતિને સાવચેતીના ભાગરૂપે ફેસેલીટી કવોરેન્ટાઈન કરવામાં આવ્યા હતા. તેમનો આજે ટેસ્ટ કરાતાં તે પોઝિટિવ આવ્યો છે. તબીબ યુવતિના આ કોરોના પોઝિટિવ પતિ ૩૩ વર્ષના છે અને ડીવાયએસઓ તરીકે સરકારમાં ફરજ બજાવે છે. તેમને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લાના તમામ ગ્રામ્ય વિસ્તારમાં માસ્ક પહેરવાનું કરાયું ફરિજીયાત

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં વધી રહેલા કોરોનાના કેસને લઈને તંત્ર વધુ સતર્ક બન્યું છે. ગાંધીનગર જિલ્લાના તમામ ગ્રામ્ય વિસ્તારમાં માસ્ક પહેરવાનું ફરિજીયાત કરવામાં આવ્યું છે. માસ્ક ન પહેરનારને દંડ કરવામાં આવશે તેવું જિલ્લા વિકાસ અધિકારી આર.આર.રાવલે જણાવ્યું છે. જિલ્લા વિકાસ અધિકારી આર.આર.રાવલે જાહેરનામું બહાર પાડીને જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ઘરની બહાર નીકળતી વખતે તમામ લોકોએ ફરજીયાત રીતે માઢા ઉપર માસ્ક પહેરવાના રહેશે. અથવા મોઢું અને નાક પૂરી રીતે ઢંકાય તે રીતે રૂમાલ બાંધવાનો રહેશે. અથવા એવું અન્ય કાપડ બાંધવાનું રહેશે જેથી મોઢું અને નાક બંને એક સાથે પૂરી રીતે ઢંકાય. આ જાહેરનામાનો ભંગ કરનારને પ્રથમવાર ૫૦૦/- રૂપિયા દંડ વસૂલ કરવામાં આવશે. તેમજ બીજીવાર વાર નિયમનું ઉલ્લંઘન કરનારને ૧૦૦૦ રૂપિયા દંડ વસૂલવામાં આવશે. આ હુકમની અમલવારી તારીખ તા. ૦૬ મે, ૨૦૨૦ થી સવારના ૬.૦૦ કલાકથી અન્ય આદેશ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર પાસેથી દંડની વસૂલાત ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ પંચાયતના સંબંધિત અધિકારી/કર્મચારીઓ દ્વારા કરવાની રહેશે.

અમદાવાદમાં કોરોનાને રોકવા નવા મ્યુનિ. કમિશ્નર મુકેશ કુમારે બનાવ્યો એક્શન પ્લાન

અમદાવાદ

ગુજરાતમાં કોરોનાનો સૌથી વધુ કહેર અમદાવાદમાં જોવા મળી રહ્યો છે. ત્યારે અમદાવાદના નવા મ્યુનિસિપલ કમિશ્નર મુકેશ કુમારે કોરોનાને નાથવા માટે માસ્ટર પ્લાન ઘડી રહ્યા છે. કોરોનાથી અમદાવાદને બચાવવા AMC નવી સ્ટ્રેટેજી અમલી બનાવશે. આ અંગે અમદાવાદના મ્યુ. કમિશનર મુકેશ કુમારની આગેવાનીમાં નિર્ણય લેવાશે.

આ સ્ટ્રેટેજી પ્રમાણે તમામ ઢ૨ૂસ્ઝને ફિલ્ડમાં ફરજીયાત ફરવા માટે સૂચના અપાશે. તેમજ ફિલ્ડમાં ફર્યા બાદ સાંજે રિપોર્ટ રજૂ કરવાનો રહેશે. એટલું જ નહીં, હવે સુપર સ્પ્રેડર, વૃદ્ધો અને સ્લમ વિસ્તારો AMCના મુખ્ય લક્ષ્ય રહેશે. આ સપ્તાહમાં સુપર સ્પ્રેડરમાં ફેલાતો કોરોના, સ્લમ વિસ્તારમાં ફેલાતો અટકાવવો તે મુખ્ય ઉદ્દેશ છે. કોટ વિસ્તારમાં સિનિયર અધિકારીઓને જવાબદારી સોંપી કેસ કાબૂમાં કરવાની બેઠકમાં ચર્ચા થશે.

વડોદરાની શરાફ ફૂડ કંપનીના આસિ.મેનેજર કોરોનાગ્રસ્ત થતા કંપની બંધ કરાઈ

કંપનીના ૪૪ કર્મચારીઓમાંથી ૧૩ કર્મચારીઓના સેમ્પલ લેવાયા

વડોદરા

વડોદરા જિલ્લાના વાઘોડિયા નજીક મઢેલી ગામમાં આવેલી શરાફ ફૂડ કંપનીના યુનિટ-૨માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ મેનેજર હિરલ રાણા(ઉ.૨૮)નો કોરોના વાઈરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ કંપની બંધ કરવામાં આવી છે. જેને પગલે કંપનીના કર્મચારીઓ અને મેનેજમેન્ટમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

કંપનીના ૪૪ કર્મચારીઓમાંથી ૧૩ કર્મચારીઓના સેમ્પલ લેવાયા છે. આ ઉપરાંત ૩૧ કર્મચારીઓને હોમ ક્વોરન્ટીન કરવામા આવ્યા છે અને તમામનું વાઘોડિયા પીએચસી ખાતે સ્ક્રિનિંગ કરાયું હતું. શરાફ ફૂડ કંપનીના આસિન્ટન્ટ મેનેજર હિરલ રાણા વડોદરા શહેરના પાણીગેટ વિસ્તારમાં રહે છે. હિરલ રાણાએ ૨૯ એપ્રિલથી કંપનીમાં જવાનું બધ કરી દીધુ હતું. ત્યારબાદ તેનો કોરોના વાઈરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેથી કોરોનાનું સંક્રમણ ફેલવવાના ડરથી માલિકા કંપની બંધ કરી દીધી છે. જોકે કંપનીના છૂટક મજૂરી માટે પણ કેટલાક લોકો આવતા હોવાથી આરાગ્ય વિભાગે તેમની શોધખોળ હાથ ધરી છે. વડોદરા શહેર અને જિલ્લામાં કોરોના વાઈરસ પોઝિટિવ કેસની સંખ્યા ૪૪૧ ઉપર પહોંચી ગઈ છે અને અત્યાર સુધીમાં ૩૧ લોકોના મોત થયા છે. વડોદરામાં ૧૫૮ દર્દીઓ અત્યાર સુધી કોરોના મુક્ત થઈને ઘરે પહોંચી ગયા છે.

અમદાવાદની સમરસ હોસ્ટેલમાં ગંદકી, દર્દીઓની હાલત કફોડી, તંત્ર ખુલી પોલ

અમદાવાદ

કોરોનાના કોઈ લક્ષણ ન હોવા છતાં પોઝિટિવ આવેલા દર્દીઓને સમરસ હોસ્ટેલમાં રાખવામાં આવી રહ્યા છે. સમરસ હોસ્ટેલમાં દર્દીઓને સરખી સુવિધાઓ ન અપાતી હોવાનું ફરી એકવાર બહાર આવ્યું છે. હોસ્ટેલમાં કોઈ જ સ્વચ્છતા જાળવવામાં આવતી નથી. દરેક જગ્યાએ ગંદકી જોવા મળે છે અને પાણીની બોટલની વ્યવસ્થા પણ કરવામાં આવી નથી. ૧૫ દિવસ સુધી જે વ્યક્તિને લક્ષણ નથી બે બે વાર રિપોર્ટ બાદ પણ કોઈ જવાબ અપાતો નથી. દર્દીઓ કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ હોમ આઈસોલેશનમાં રહેવા તૈયાર છે છતાં સમરસમાં મોકલી દેવામાં આવ્યા છે. કોર્પોરેશનના આઈએએસ કક્ષાના અધિકારીને સમરસ હોસ્ટેલનો જવાબદારી આપવામાં આવી છે પરંતુ તેઓ પણ આ મામલે કોઈ ધ્યાન આપતા નથી.

બનાસકાંઠામાં કોરોનાના કેર વચ્ચે હવે તીડના આક્રમણથી ખેડૂતોની ચિંતામાં વધારો

બનાસકાંઠા

ઉત્તર ગુજરાત ના બનાસકાંઠા જિલ્લા ની જાણે કે માઠી જ બેઠી છે. કોરોનાને કારણે લોકડાઉન થી લોકો આમ પણ પરેશાન છે ત્યારે જિલ્લામાં છેલ્લા બે દિવસમાં કમોસમી વરસાદે ખેડૂતોની ચિંતા વધારી હતી. જેના કારણે બાજરી, જીરું અને એરંડાના પાકને ભારે નુકસાન થયું છે. ભારે પવન સાથે વરસાદથી ખેડૂતોને મોટું નુકસાન થયું છે. અહીં એક જ અઠવાડિયામાં બે વખત માવઠું થયું છે. કોરોના અને કમોસમી વરસાદનો કહેર ચાલુ છે ત્યારે હવે બનાસકાંઠા જિલ્લામાં ફરીથી તીડ હુમલો કરે તેવું જોખમ રહેલું છે. આ મામલે તંત્રએ તીડનો સામનો કરવાની તૈયારી કરી લીધી હતી. રાજસ્થાનમાં તીડે રવિવારે ફરીથી આક્રમણ કર્યું છે. જૈસલમેર જિલ્લાના લાઠી, સામ, પોખરણ અને રામદેવરા વિસ્તારોમાં તીડના ઝૂંડ ઉતરી આવ્યા છે. હવે અહીંથી આ તીડના ઝૂંડ બનાસકાંઠા જિલ્લામાં આવી પહોંચે તેવી દહેશત વ્યક્ત કરવામાં આવી છે. આ માટે જિલ્લા કલેક્ટરે તંત્રને સજ્જ રહેવાની સૂચના આપી દીધી છે.

બનાસકાંઠા જિલ્લાની વાત કરવામાં આવે તો છેલ્લા એક વર્ષમાં અહીં તીડ ત્રણ વખત હુમલો કરી ચુક્યા છે. છેલ્લા ૩૦ વર્ષમાં આવું પ્રથમ વખત બન્યું હતું કે તીડે ત્રણ વખત હુમલો કર્યો હોય. ગત વખતે તીડે આક્રમણ કર્યું ત્યારે સરકાર તરફથી ખેડૂતોને સહાય પેટે ૨૬ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા.

ગત વખતે તીડે હુમલો કર્યો હતો ત્યારે ખેડૂતો પાસે પૂરતા સાધનો ન હતા. એ વખત સ્થાનિકોએ ટ્રેક્ટર પર પમ્પો બાંધીને દવાનો છંટકાવ કર્યો હતો. ગત વખતે જિલ્લાના આશરે ૧૫ કિલોમીટર વિસ્તારમાં તીડના ઝૂંડ ઉતરી આવ્યા હતા. આ વખતે તંત્રએ પહેલાથી જ આયોજન કરી રાખ્યું છે. તીડના સંભવિત હુમલાને ધ્યાનમાં રાખીને દવાનો જથ્થો તેમજ પમ્પ સહિતની મશીનરી તૈયાર રાખવામાં આવી છે. આ ઉપરાંત સ્થાનિકોને પણ ગાડીઓ તેમજ ટ્રેક્ટરો સાથે તૈયાર રહેવાની સૂચના આપવામાં આવી છે. જેનાથી હુમલો થાય તો તાત્કાલિક તેમના પર દવા છાંટી શકાય.

ભરૂચથી વડોદરામાં આવેલા વ્યક્તિએ કોરોના ટેસ્ટ ન કરાવતા મારપીટ, નોંધાઈ ફરિયાદ

વડોદરા

વડોદરા ના પાણીગેટ તાઈવાડામાં ગઈકાલે મોડી સાંજે બે જૂથ વચ્ચે મારામારી થઈ હતી. ભરૂચથી આવેલ શબ્બીર નામનો શખ્સ રેડઝોનમાં પ્રવેશતા લોકો રોષે ભરાયા હતા. રમઝાનના રોઝા છોડ્યા બાદ ટોળું ભેગુ થયું હતું. ટોળાંએ કારમાં તોડફોડ કરી હતી. શબ્બીરે કોરોના ટેસ્ટ કરાવવાની ના પાડતા ટોળાએ માર માર્યો હતો. બંને પક્ષોએ સામસામે ફરિયાદ નોંધાવી હતી. વાડી તાઈવાડામાં રહેતા ઈમરાન ખાનસાહેબ તેના વિસ્તારમાં કોરોના વાયરસને ફેલાવતો અટકાવવા હાઈડ્રોક્સિક્વોરોક્વિન દવા વહેંચી રહ્યા હતા. તેઓ સલીમ નામના એક શખ્સના ઘરે આપવા ગયો હતો. ત્યારે વરેડિયા ગામનો રહેવાસી શબ્બીર પટેલે ઈમરાનને ફોન પર ધમકી આપી હતી કે, તમે સામાજિક કાર્ય ખોટી રીતે કરી રહ્યા છો, જો કોઈ ગેરકોમનો હોત તો તેને પતાવી દે. આવા લોકડાઉન વચ્ચે શબ્બીર ભરૂચથી વડોદરાના રેડઝોન વિસ્તારમાં સલીમના ઘરે આવ્યો હતી. જેની જાણ થતા ડો.સાદાબે પોલીસને જાણ કરી હતી. શબ્બીર બીજા જિલ્લામાંથી આવ્યો હોવાથી તેનો કોરોના ટેસ્ટ કરાવવાનું કહેતા તેણે ધમાલ કરી હતી. શબ્બીરે ગાડીઓની તોડફોડ કરી હતી. આ સમગ્ર ઘટના મામલે ૪૦ થી ૫૦ ટોળા વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવી છે. વડોદરા પોલીસે ત્રણ ડોકટર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. પાણીગેટમાં આવેલ ફેઈથ હોસ્પિટલના ડોકટરો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. હોસ્પિટલમાં સોશિયલ ડિસ્ટન્સ ન જળવાતા પોલીસે કાર્યવાહી કરી છે. પોલીસે ૩ તબીબ હાસમ મોહીયુદ્દીન, મુબારક પટેલ અને મહંમદ હુસેન સામે જાહેરનામા ભંગનો ગુનો દાખલ કર્યો છે. વારંવાર પોલીસે સોશિયલ ડિસ્ટન્સ જાળવવા અપીલ કરી હતી. તેમ છતા તેમની હોસ્પિટલમા સોશિયલ ડિસ્ટન્સનો અભાવ જોવા મળ્યો હતો.

મહીસાગરમાં કોરોનાથી પ્રથમ મોત નોંધાતા જિલ્લામાં ફફડાટ

મહીસાગર

જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં ભયજનક વધારો થઈ રહ્યો છે. જિલ્લામાં કોરોનાથી પ્રથમ મોત નોંધાતા ફફડાટ ફેલાયો છે. જિલ્લામાં ૧૬ મી એપ્રિલે પ્રથમ કેસ નોંધાયા બાદ જિલ્લામાં મંગળવારે લુણાવાડા તાલુકામાં-૨, વીરપુર તાલુકામાં -૨ મળી પોઝિટિવ કેસની સંખ્યા ૪૧ એ પહોંચી છે. જિલ્લામાં ત્રીજા ચરણમાં કોરોના કહેરે હાહાકાર મચાવ્યો છે.

લુણાવાડા તાલુકાના ગરીયા ગામના ૫૨ વર્ષીય વ્યક્તિ દલાભાઈ કાળુભાઈ નટ છેલ્લા ઘણાં વર્ષોથી ટીબીની બિમારીથી પીડાતા હતા. અચાનક તેમની તબિયત બગડતા ગોધરા સીવીલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ ત્યાં તેમને કોરોનાનો ચેપ લાગતા વડોદરા ગોત્રી હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મોત થયું છે. બીજી તરફ મહીસાગર જિલ્લાના બાલાસિનોર અને સંતરામપુર નગર સિવાય ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાએ પગ પેસારો કરતાં કડાણા, વિરપુર, લુણાવાડા અને સંતરામપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના પોઝિટિવ કેસ જોવા મળતા લોકો ફફડી રહ્યા છે.

સ્થાનિક સંક્રમણના કારણે કેસની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. આરોગ્યતંત્ર દ્વારા જે વિસ્તારમાંથી પોઝિટિવ કેસ મળ્યા છે તે વિસ્તારોમાં લોકોની અવર-જવર બંધ કરાવી કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કર્યો છે. પ્રભાવિત થઈ શકે તેવા વિસ્તારોને બફર ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યા છે. અત્રે નોંધનીય છે કે, લોકડાઉનના પ્રથમ ચરણમાં એક પણ કોરોનાનો કેસ નોંધાયો હતો. પરંતુ બીજા ચરણમાં કેસની સંખ્યામાં મોટો વધારો થતાં જિલ્લાવાસીઓમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. જો કે, રાહતના સમાચાર છે કે, જિલ્લામાં ૭ દર્દીઓએ કોરોનાને માત આપી ઘરે પરત ફર્યા છે.

અમદાવાદના સ્થાનિક ડોકટરોને દવાખાના ખોલવા પોલીસની સુચના

રાજકોટ

કોરોના વાઈરસને પગલે લોકડાઉનમાં નાની મોટી બિમારીથી પિડાતા રહેવાસીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. તેઓ મોટી હોસ્પિટલમાં જઈ શકતા નથી, માટે પોલીસે સ્થાનિક ડોકટરોને પોતપોતાના વિસ્તારના દવાખાના ખોલવા માટે જણાવ્યું છે. પોલીસ પણ સ્થાનિક ડોક્ટરોને પોતાના ક્લિનીક ખોલવા માટે સુચના આપશે. લોકડાઉનને પગલે નાની મોટી બિમારીથી પિડાતા રહેવાસીઓ ભારે મુશ્કેલી ભોગવી રહ્યા છે. મોટી હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓને કારણે આવા સ્થાનિક લોકો ત્યાં જઈ શકતા નથી. જેને પગલે પોલીસે ડોક્ટરોને પોતપોતાના વિસ્તારમાં આવેલા તેમના દવાખાના ખોલવા માટે જણાવ્યું છે. જેને પગલે સ્થાનિકો સામાન્ય તાવ, ખાંસી તથા નાની મોટી અન્ય બિમારીઓની સારવાર કરાવી શકે, એમ શહેર પોલીસ કમિશ્નર આશિષ ભાટીયાએ જણાવ્યું હતું. તે સિવાય દરેક પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓને તેમા વિસ્તારમાં દવાખાના ધરાવતા ડોક્ટરોને દવાખાના ખોલવા માટે સૂચના આપે તે જણાવવામાં આવ્યું છે.

ચેરીટી કમિશનર ઓફિસનો રેકોર્ડ ઓનલાઈન ઉપલબ્ધ ન હોવાથી કામ ઠપ્પ

૩૩ જિલ્લાની ૨૭ ઓફિસોમાં લોકડાઉનના પગલે કોઈપણ કામગીરી થતી નથી

સુરત

કોરોના વાયરસની મહામારીને કારણે ગુજરાતમાં પાછલા ૪૦ દિવસ કરતા વધુ દિવસથી લોડાઉનને કારણે તમામ પ્રકારના વેપાર ધંધાઓ બંધ પડ્યા છે. જ્યારે ગુજરાત હાઇકોર્ટ તથા રાજ્યની તમામ ડિસ્ટ્રીક્ટ કોર્ટો ઓનલાઇન કામગીરી ચાલુ છે ત્યારે ચેરિટી કમિશ્નર હસ્તકની ગુજરાતમાં ૨૭ જેટલી કચેરીઓ આવેલી છે. આ તમામ કચેરીઓ ઓનલાઇન વ્યવસ્થાને અભાવે કોઇપણ પ્રકારની કોર્ટ કામગીરી આજદિન સુધી થવા પામી નથી. માટે ચેરિટી કમિશ્નરની કોર્ટ કાર્યવાહી પણ ઓનલાઇન થાય તેવી વકીલો દ્વારા માંગણી કરવામાં આવે છે.

આ અંગે એડવોકેટ હર્ષદ પંડ્યાના જણાવ્યા મુજબ રાજ્યના ૩૩ જિલ્લાઓમાં ચેરિટી કમિશ્નરની ૨૭ જેટલી ઓફિસો આવેલી છે. આ તમામ ઓફિસોમાં કોમ્પ્યુટરાઇઝ કામગીરી પણ થાય છે. પરંતુ આજદિન સુધી આ ચેરીઓને ઇન્ટરલિંક કરવાની કામગીરી કરાઇ નથી. જ્યારે ચેરિટી કમિશ્નર શુકલાએ બે વર્ષ પહેલા ચેરિટી ટ્રસ્ટો તરફે પ્રેક્ટીસ કરતાં એડવોકેટોને જણાવ્યું હતું કે, ગુજરાતની ચેરિટી કમિશ્નર હસ્તકની તમામ ઓફિસોને ઇન્ટરલિંગ કરવામાં આવશે અને તમામ રેકોર્ડોને સ્કેન કરી ઓનલાઇન મુકવામાં આવશે જે કામગીરી આજદિન સુધી પૂર્ણ થઇ નથી. આજ કારણોસર ગુજરાતમાં હાલમાં જ્યારે લોકડાઉનની સ્થિતિ પ્રવર્તિ રહી છે ત્યારે ચેરિટી કમિશ્નર હસ્તકની તમામ કોર્ટ કાર્યવાહી અને ટ્રસ્ટોના રીન્યુઅલની કામગીરી સાવ ખોરંભે પડી છે. માટે ગુજરાતની તમામ ચેરિટી કમિશ્નર હસ્તકની કચેરીઓને ઇન્ટરલિંગ કરી કોર્ટની કાર્યવાહી ઝડપથી શરુ થાય તે ખુબ જ જરરી છે. જેને કારણે ચેરિટીની પ્રેક્ટીસ કરતાં વકીલો પણ વર્ક ફોર હોમ કરી શકે છે.

રેકોર્ડ ઓનલાઈન ઉપલબ્ધ કરાવો : એડવોકેટ પંડ્યા

ગુજરાત રાજ્ય ચેરીટી કમિશ્નર દ્વારા ચેરીટીની તમામ ઓફિસોને તમામ જરુરી પુરાવાઓ સ્કેનીંગ કરી ઓનલાઈન મુકવાનું સુચન અપાયું છે પરંતુ પાછલા બે વર્ષથી ડિપાર્ટમેન્ટના રેકર્ડની ઓનલાઈન કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી. સત્વરે જો કામગીરી પુરુ કરવામાં આવે તો કોર્ટની જેમ ચેરીટીની પ્રેક્ટીસ કરતા વકીલો અને ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વર્ક ફોર હોમ કરી શકે છે. આ કામગીરી ખૂબ જ પારદર્શક પધ્ધતિ છે. તે માટે વહેલી તકે રેકર્ડ સ્કેન કરીને ઓનલાઈન મુકવામાં આવે. (હર્ષદ પંડ્યા (એડવોકેટ)

સુરતમાં લોકડાઉનના ભંગ બદલ વધુ ૨૩૦ લોકોની અટક

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ગત રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૨૩૦ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૧૦૭૪ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. ડ્રોન કેમેરા દ્વારા ૦૨ અને સી.સી.ટીવી કેમેરાની મદદથી ૦૧ ગુનો નોંધવામાં આવ્યો છે. નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૧,૯૬૮ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૨૫,૭૮૦ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. સુરત શહેરમાં ત્રીજા તબક્કાના લોકડાઉનના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેથી શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળવા અને સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

વલસાડમાં કોરોનાગ્રસ્ત વધુ એક હોસ્પિટલમાંથી રજા

છ પૈકીના બે દર્દીઓ સ્વસ્થ બન્યા

વલસાડ

કોરોનાને માત આપી હોસ્પિટલમાંથી રજા લઇ બહાર નીકળતા લીલાબેન ગણેશભાઇ પટેલ ઉપર હોસ્પિટલની તમામ ટીમ દ્વારા ફુલોની વર્ષા કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી. વલસાડ જિલ્લાના કેળવણી, પટેલ ફળિયા, તા.ધરમપુરના ગર્ભવતી મહિલા લીલાબેનનું બીજું સેમ્પલ નેગેટીવ આવતાં આજે કોવિડ હોસ્પિટલ, સિવિલ, વલસાડ ખાતેથી રજા આપવામાં આવી હતી. વલસાડ જિલ્લામાં આજદિન સુધી નોંધાયેલા કુલ-૬ કોરોના પોઝિટિવ પૈકી આ અગાઉ બે દર્દીઓ રીકવર થતાં તેમને પણ રજા આપવામાં આવી છે.

વલસાડ જિલ્લામાં આજદિન સુધીમાં ૧૮૭૯ સેમ્પલ લેવામાં આવ્યા છે. જે પૈકી ૧૮૫૫ સેમ્પલ નેગેટીવ, ૬ પોઝીટીવ આવ્યા છે, જ્યારે ૧૮ સેમ્પલના રીપોર્ટ આવવાના બાકી છે. ઉલ્લેખનીય છે કે, પોલીસ હેડકવાર્ટરમાંથી ૨૯ પોલીસ જવાનોના સેમ્પલ લેવામાં આવ્યા હતા, જે તમામ નેગેટીવ આવ્યા છે.

અંકલેશ્વર શહેર તાલુકા કોંગ્રેસ દ્વારા ૫૦૦ પરપ્રાંતિયોને રેલ્વેનું ભાડુ ચુકવાયું

અંકલેશ્વર

એક તરફ પરપ્રાંતીઓ પોતાના વતન જવા માટે બેબાકળા બન્યા છે ત્યારે આવા સમયે અંકલેશ્વર શહેર તેમજ તાલુકા કોંગ્રેસ અહેમદ પટેલની સૂચનાથી એની વહારે આવી છે.

અંકલેશ્વર ના વતની અને રાજ્યસભા સાંસદ અહેમદ પટેલે અંકલેશ્વર શહેર તાલુકા સહિત ભરૂચ જિલ્લા કોંગ્રેસ ને સૂચના આપી હતી અને જીઓ રેલવે નું ભાડું ખર્ચી શકે એમ નથી એવા પરપ્રાંતિયો ને તેમના ઘરે જઈ શકે એ માટે રેલવેનું ભાડું ચૂકવવા માટેની પણ વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. જે સંદર્ભે મંગળવારે રાત્રે અંકલેશ્વર શહેર તેમજ તાલુકા કોંગ્રેસના આગેવાનોએ અંકલેશ્વર તાલુકાના કાપોદ્રા, ભડદરા, સારંગપુર જીતાલી જેવા ગામોમાં વસતા ૫૦૦થી વધુ પરપ્રાંતિયોને ઘરે જઈને રેલવેનું ભાડું ચૂકવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિમાં સોશિયલ ડિસ્ટન્સિંગનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિમાં ભરૂચ જિલ્લા કોંગ્રેસ પ્રવક્તા નાઝુ ફડવાલા ઉપરાંત અંકલેશ્વર તાલુકા કોંગ્રેસ પ્રમુખ બાલુભાઈ પટેલ, કાર્યકારી પ્રમુખ હેમેન્દ્ર ઉપાધ્યાય, મગનભાઈ માસ્તર સહિત તાલુકા પંચાયત સભ્યો અને શહેર-તાલુકાના હોદ્દેદારો પણ જોડાયા હતા. જિલ્લા કોંગ્રેસ પ્રવક્તા નાઝુ ફડવાલાએ જણાવ્યું હતું કે હાલની આ નાજુક પરિસ્થિતિમાં સરકાર સંવેદનશીલ હોવાનો ફક્ત દાવો કરી રહી છે ત્યારે અહેમદ પટેલની સુચનાથી આ પરપ્રાંતીઓ પોતાના વતન જઈ શકે એ માટે અમે જેઓ ભાડું ખર્ચી શકે તે માટે સક્ષમ નથી તેઓને માનવતાની દ્રષ્ટિએ ભાડું ચૂકવ્યું છે.

અમૃતા એકેડમી દ્વારા ૨૫૦૦ કીટનું વિતરણ કરાયું

અંકલેશ્વર

અંકલેશ્વર ગડખોલ પાટિયા સ્થિત વિંધેશ્વરી એજ્યુકેશનલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત અમૃતા એકેડેમી દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને ૨૫૦૦ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિંધેશ્વરી એજ્યુકેશનલ ટ્રસ્ટના હાયર સેકન્ડરી વિભાગ દ્વારા જરૂરિયાત મંદ પરિવારોને ૨૫૦૦ જેટલી રાશનની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું આ પ્રસંગે વહીવટદાર કૈલાશનાથ સિંહ, ગીતા સિંહ ઉપરાંત સ્થાપક ચેરમેન રવિ સિંહ સહિત હાયર સેકન્ડરી વિભાગના તમામ હોદ્દેદારો આચાર્ય સહિત શિક્ષકોએ ઉપસ્થિત રહ્યા હતા. બાળકો તેમજ શાળાના તમામ જરૂરિયાત મંદ પરિવારો માટે આ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતુંઅને આગામી દિવસોમાં પણ તમામ જરૂરિયાતમંદ લોકો માટે પણ આશીર્વાદ ચાલુ રહેશે.

ખાનગી બસો કરતા ઓછા ભાડામાં મુસાફરી કરી શકાશે

સુરતથી સૌરાષ્ટ્ર જવા માટે રાજ્ય સરકારે જીએસઆરટીસીની બસોનો આપી મંજૂરી



સુરત

શહેરમાં લોકડાઉનને કારણે ફસાયેલા રત્નકલાકારો માટે નોંધણી શરૂ થઈ ગઈ છે. આ માટે જે તે વ્યક્તિએ ઓનલાઈન અરજી કરવાની રહેશે. આજથી નોંધણી શરૂ થતાં જ સુરત કલેક્ટર કચેરી ખાતે લોકો નોંધણી માટે ઉમટી પડ્યા હતા. બીજી તરફ સૌરાષ્ટ્ર જવા માટે હવે રાજ્ય સરકારે જીએસઆરટીસીની બસોનો પણ મંજૂરી આપી છે. આ પહેલા ફક્ત ખાનગી બસો દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એસટી બસો દોડાવવાના નિર્ણયથી લોકોને ભાડામાં રાહત મળવાની આશા છે. આ મામલે હાલ ગુજરાત સરકારના મંત્રી કિશોર કાનાણી અને અન્ય અધિકારીઓ બેઠક બેઠક ચાલી રહી છે. જે બાદમાં એસટી બસોથી રત્નકલાકારોને કેવી રીતે લઈ જવામાં આવશે, આ માટે નોંધણી કેવી રીતે થશે વગેરે બાબતો સ્પષ્ટ થશે. આ આંતરજિલ્લા સ્થળાંતરને મંજૂરી આપવાની જાહેરાત કરતા ગુજરાત સરકારના મંત્રી ગણપત વસાવાએ જાહેરાત કરી હતી કે, હાલના તબક્કે ફક્ત ખાનગી બસોને મંજૂરી આપવામાં આવી છે. ફક્ત ખાનગી બસોને મંજૂરી આપવામાં આવ્યા બાદ તંત્ર સામે અનેક સવાલો ઉઠ્યા હતા.

બીજા જ દિવસે એસટી બસોને દોડાવવાની પણ સરકાર તરફથી મંજૂરી આપી દેવામાં આવી છે. હવે સુરતથી સૌરાષ્ટ્રના અલગ અલગ જિલ્લા માટે બસો દોડશે. ભાડામાં રાહત મળશે : સૌરાષ્ટ્રમાં જવા માટે ખાનગી બસ ઓસોસિએશન તરફથી કિલોમીટર દીઠ ભાડું નક્કી કર્યું છે. જે પ્રમાણે ૪૦૦ કિલોમીટર સુધી એક પ્રવાસીનું ૧૦૦૦ રૂપિયા ભાડું નક્કી કરવામાં આવ્યું છે. જ્યારે ૫૦૦ કિલોમીટર સુધી ૧૨૦૦ અને ૫૦૦થી વધારે કિલોમીટર માટે ૧૫૦૦ રૂપિયા ભાડું નક્કી કરવામાં આવ્યું છે. બીજી તરફ એસટીની બસોમાં ૪૦૦ કિલોમીટર સુધીની મુસાફરી માટે ૫૦૦ થી ૫૫૦ રૂપિયા લેવામાં આવી શકે છે. એટલે કે એસટીની બસો શરૂ થતાં લોકોને ભાડામાં ખૂબ ફાયદો થશે. કલેક્ટર કચેરી ખાતે સુરતમાંથી બહાર જવા માટે મંજૂરી મળતા જ સવારથી કલેક્ટર કચેરી ખાતે લોકો પહોંચી ગયા હતા. જોકે, અહીં કોઈને પ્રવેશ અપાયો ન હતો.

કચેરી તરફથી જે તે વિસ્તાર માટે નામ નોંધાવવા માટે કોનો સંપર્ક કરવો તેની યાદી દીવાલ પર ચીપકાવી દેવામાં આવી છે. બીજી તરફ લોકોની એવી પણ ફરિયાદ છે કે કલેક્ટર કચેરી તરફથી જે નંબરો આપવામાં આવ્યા છે તે લોકો ફોન નથી ઉપાડી રહ્યા હતા. બીજી તરફ ઓનલાઈન અરજીમાં મંજૂરી ન મળતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આ મામાલે મંત્રી કિશોર કાનાણીએ ન્યૂઝ૧૮ ગુજરાતી સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, લોકોની માંગણીને ધ્યાનમાં રાખીને અમે મુખ્યમંત્રીને સરકારી બસોને દોડાવવામાં આવે તેવી રજુઆત કરી હતી. જે બાદમાં મંગળવારે રાત્રે મુખ્યમંત્રીએ આ અંગેનો આદેશ કર્યો હતો.

સુરતમાં ૪૦ થી ૬૦ વર્ષના લોકોને કોરોના વાયરસનો ચેપ લાગ્યો

૨૯ થી ૪૦ વર્ષના દર્દીઓની પણ સંખ્યા વધુ

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઇ કાલે તા.૦૫ મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, આજની સ્થિતિએ ૧૮૬૨ લોકો હોમ ક્વોરેન્ટાઇન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઇન સેન્ટરમાં ૩૬૨ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૧૧૯ લોકો છે. હાલની પરિસ્થિતિમાં સ્લમ એરિયામાં ૩૧ ફિવર ક્લિનિક અને ૧૯૬ વોશ બેસિનનુ આયોજન કરવામાં આવ્યુ છે. કોરોના સામે જાગૃતિ માટે ૬૧ પ્રચાર ગાડી મુકવામાં આવી છે. કોરોના યોદ્ધા સમિતી દ્વારા લોકોને કોરોના વિશે સમજણ લાવવાનુ કાર્ય થઈ રહ્યું છે. સમિતી દ્વારા સ્લમ વિસ્તારમાં વધુને વધુ ઉકાળા અને હોમિયોપેથી દવાનુ વિતરણ કરવામાં આવ્યું છે. હોમિયોપેથી દવામાંથી ખુબ જ સારૂ પરિણામ મળ્યુ છે.

શ્રી પાનીએ વધુમાં જણાવ્યું કે, ડિસઈન્ફેક્શન અને સેનેટાઈઝેશનની કામગીરી શહેરના સ્લમ વિસ્તારમાં વધુને વધુ કરવામાં આવે છે. કુલ ૧,૬૫,૫૫૫ સ્થળો પર ડિસઈન્ફેક્શન અને સેનેટાઈઝેશનની કામગીરી કરવામાં આવી છે. સૌથી વધુ કેસો ૪૦ થી ૬૦ ઉંમરના લોકોમાં જોવા મળ્યા છે. પુરૂષોમાં ૨૯ થી ૪૦ વર્ષના યુવાનોમાં વધુ કેસો જોવા મળ્યા છે. સૌથી વધુ સેન્ટ્રલ, નોર્થ અને સાઉથ-ઈસ્ટ ઝોનમાં તમામ ઉંમરના લોકો જ્યારે ઈસ્ટ ઝોન-બી, વેસ્ટ અને અઠવા ઝોનમાં ૦ થી ૦૯ વર્ષના બાળકો ઈનફેક્ટેડ થયા નથી. જ્યારે પણ શ્વાસ લેવામાં તકલીફ હોય, ઉધરસ, તાવ અથવા ડાયેરિયા જેવા લક્ષણો હોય તો તરત જ સિવિલ હોસ્પિટલનો સંપર્ક કરવો. જેથી સારવાર કરવામાં સરળતા રહે છે. અમુક કિસ્સાઓમાં આમાંથી એક પણ લક્ષણ ન હોય તો પણ કેસ પોઝિટીવ આવે છે. જે વાઈરસનું પ્રારંભિક સ્ટેજ હોઈ શકે છે.

ખેતીવાડી વિભાગની યોજનાના લાભ માટેની મુદ્દતમાં કરાયેલો વધારો

આઈ ખેડુત પોર્ટલ પર તા. ૩૧મી મે સુધી અરજીઓ કરી શકશે

સુરત

વર્ષ :૨૦૨૦-૨૧ માટે ખેતીવાડી ખાતાની વિવિધ યોજનાઓ હેઠળ રાજયના ખેડૂતો આઇ-ખેડૂત પોર્ટલમાં અરજી કરી મહત્તમ લાભ લઇ શકે તે માટે પોર્ટલ તા.૦૧/૦૩/૨૦૨૦ થી તા.૩૦/૦૪/૨૦૨૦ સુધી ખુલ્લુ મૂકવામાં આવ્યું હતું. પરંતુ ચાલુ વર્ષે નોવેલ કોરોના વાઇરસના સંક્રમણના લીધે રાજયમાં લોકડાઉન રહેવાના કારણે નવી અરજીઓ લેવાની મુદ્દતમાં વધારો કરી આઈ ખેડૂત પોર્ટલ તા.૦૫/૦૫/૨૦૨૦ થી તા.૩૧/૦૫/૨૦૨૦ સુધી પુનઃ ખુલ્લુ મૂકવામાં આવ્યું છે.

જે ખેડૂત મિત્રો ખેતીવાડી ખાતાની વિવિધ યોજનાઓમાં લાભ લેવા માંગતા હોય તેઓએ પોતાના નજીકના ગ્રામ પંચાયત, ઇ-ગ્રામ સેન્ટર, ખાનગી ઇન્ટરનેટ સુવિધા વડે કરી શકાય છે. અરજી કરતી વખતી ૭/૧૨,૮-અ ની નકલ, આધાર કાર્ડની નકલ, રેશનકાર્ડની નકલ અને બેંક પાસબુક સાથે રાખી લાભ લેવા માંગતા ઘટકમા સમયસર અરજી કરવી. અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ કોપી અને ઉપર જણાવેલ સાધનિક કાગળો દિન-૦૭ માં ગ્રામ્ય કક્ષાએ ગ્રામસેવક અઠવા તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત ખાતે ખેતી વિસ્તરણ અધિકારીશ્રીને પહોંચાડવાની રહેશે. ઓનલાઇન અરજી ikhedut.gujarat.gov.in સાઇટ પર તા.૩૧મી મે સુધી અરજી કરી શકાય છે. નોંધનીય છે કે, આઇ-ખેડૂત પોર્ટલ પર તા.૩૦/૦૪/૨૦૨૦ સુધી ખેડૂતો દ્વારા કુલ ૧૭,૯૮૯ ઓનલાઈન અરજી કરવામાં આવી છે એમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરત દ્વારા જણાવાયું છે.

વેડરોડ સ્થિત ત્રિલોકનગરમાં ડિસઈન્ફેકશનની કામગીરી કરાઈ

સુરત

વેડ રોડ વિસ્તારમાં ગત દિવસોમાં કોરોના પોઝિટીવ કેસો મળી આવતાં સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા ફાયર વિભાગના સહયોગથી સમગ્ર અસરગ્રસ્ત વિસ્તારમાં ડિસઈન્ફેકશનની કામગીરી હાથ ધરવામાં આવી છે, જેમાં વેડરોડ સ્થિત ત્રિલોકનગરમાં પોઝિટીવ કેસ મળી આવતાં ડિસઈન્ફેકશનની કામગીરી કરાઈ સ્પ્રેયિંગ મશીન, ટાટા મોબાઈલ, એન.ટી.પી.સી. હજીરાની ફાયર ફાઈટર ગાડીની મદદથી સોસાયટીને ડિસઈન્ફેક્ટ કરાઈ હતી. ફાયરના કર્મચારીઓ વહેલી સવારના ૬.૩૦ વાગ્યાથી ઘનિષ્ટ સેનિટાઈઝેશનની કામગીરીમાં પ્રવૃત્ત થઈ જાય છે.

આ કામગીરીમાં વરાછા એ-બી ઝોનના ડિવિઝનલ ફાયર ઓફિસરશ્રી જે.જે. પટેલ, ડિવિઝનલ ફાયર ઓફિસરશ્રી એ.આર. સાલુંકે, ઈ.ફાયર ઓફિસરશ્રી હિતેશ ઠાકોર, સબ ફાયર ઓફિસરશ્રી રમેશ સેલર સહિત કતારગામ ફાયર સ્ટેશનની સમગ્ર ટીમ જોડાઈ હતી.

નવસારી પોલીસે વધુ ૨૧ વાહનો ડીટેઈન

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનમાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. નવસારી જિલ્લા પોલીસ દ્વારા પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર તા.૦૪/૦૫/૨૦૨૦ ના રોજ પોલીસ દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં કલમ ૧૮૮ આઇપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ હેઠળ ૫૧ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૬૩ ની અટક કરવામાં આવી છે. જિલ્લામાં ૨૧ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા તા. ૦૪ મે સુધીમાં કુલ ૭૬૫૪ એફઆઈઆર કરવામાં આવી છે. તેમજ કુલ ૮૪૩૬ વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી છે. શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવે છે.

લોકડાઉનના કારણે આઈ-ખેડુત પોર્ટલની મુદ્દત તા.૩૧ મે સુધી વધારવામાં આવી છે

સુરત

વર્ષ :૨૦૨૦-૨૧ માટે બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ હેઠળ રાજ્યના ખેડૂતો આઈ-ખેડૂત પોર્ટલમાં અરજી કરી મહત્તમ લાભ લઈ શકે તે માટે પોર્ટલ તા.૦૧/૦૩/૨૦૨૦ થી તા.: ૩૦/૦૪/૨૦૨૦ સુધી ખુલ્લુ મૂકવામાં આવ્યું હતું. પરંતુ ચાલુ વર્ષે નોવેલ કોરોના વાઇરસ (Covid-19) ના સંક્રમણના લીધે રાજયમાં લોકડાઉન રહેવાના કારણે ઘણા ખેડૂતો ઓનલાઇન અરજી કરવાથી વંચિત રહી ગયેલ હોવાથી, ખેડૂત મિત્રો માટે બાગાયત ખાતાની સહાય યોજનાઓના વિવિધ ઘટકોમાં અરજી કરવા I-Khedut પોર્ટલની મુદ્દત વધારી તા.૩૧/૦૫/૨૦૨૦ સુધી ખુલ્લુ મૂકવામાં આવ્યું છે.

જે ખેડૂત મિત્રો બાગાયત ખાતાની વિવિધ યોજનાઓમાં લાભ લેવા માંગતા હોય તેઓએ પોતાના નજીકના ગામના ઈ-ગ્રામ સેન્ટર, ખાનગી ઈન્ટરનેટ અથવા અત્રેની કચેરીમાં સવારના ૧૧.૦૦ કલાકથી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન ૭/૧૨,૮-અ ની નકલ, આધાર કાર્ડની નકલ, રેશનકાર્ડની નકલ અને બેંક ખાતાની વિગત સાથે લઈ જઈને લાભ લેવા માંગતા ઘટકમા સમયસર અરજી કરવી. અરજી કર્યા બાદ અરજીની કોપી અને ઉપર જણાવેલ સાધનિક કાગળો દીન સાતમાં ઓન લાઇન અરજી ikhedut.gujarat.gov.in સાઇટ પર કરી શકાય છે. વધુ જાણકારી માટે નાયબ બાગાયત નિયામકની કચેરી, લાલ બંગલા સામે, ઓલપાડી મહોલ્લો, અઠવાલાઇન્સ, સુરત. ફોન નં૦૨૬૧-૨૬૫૫૮૪૮.૫૨સંપર્ક કરવા સૂરતના નાયબ બાગાયત નિયામક દ્વારા જણાવાયું છે.

ભરૂચ જિલ્લાની ઔદ્યોગિક વસાહતોના ૧૨૦૦ પરપ્રાંતિય કામદારોને લઈ ટ્રેન રવાના થઈ

સાંસદ મનસુખ વસાવા સહિત નાયબ કલેકટર તથા અન્ય સરકારી અધિકારીઓ હાજર : ૧૨૦૦ પ્રવાસીઓ પૈકી ૮૧૪ અંકલેશ્વર શહેર તાલુકાના : અંકલેશ્વર રેલવે સ્ટેશન પરથી બુધવારના રોજ ઉત્તરપ્રદેશના ગોરખપુર ખાતે ૧૨૦૦ જેટલા પરપ્રાંતિય કામદારોને લઈને ટ્રેન રવાના થઈ હતી

અંકલેશ્વર

અંકલેશ્વર સહિત ભરૂચ જિલ્લાની સાત અલૌકિક વસાહતમાં હજારો કામદારો ઉત્તર પ્રદેશ તેમજ બિહાર સહિતના પૂર્વોત્તરના રાજ્યોમાં થી આવે છે કોના વાઇરસની મહામારી ના પગલે લૉકડાઉનની પરિસ્થિતિ જાહેર થતા જ આ તમામ કામદારોએ જિલ્લામાં ફરજિયાતપણે બંધાઈ જવું પડ્યું હતું. જોકે કેન્દ્ર અને રાજ્ય સરકારના સંકલન બાદ આ પરપ્રાંતિયોને પોતાના વતન જવા માટે વિશેષ ટ્રેનની સુવિધા શરૂ કરવામાં આવી હતી જે પૈકી અંકલેશ્વર ખાતેથી પ્રથમ ટ્રેન ઉત્તરપ્રદેશના ગોરખપુર ખાતે જવા રવાના થઈ હતી આ ટ્રેનમાં સોશિયલ ડાસ્ટન્સિંગનુ પાલન થાય એ રીતે ૧૨૦૦ જેટલા પરપ્રાંતિયોને રવાના કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ભરૂચ નર્મદા ના સાંસદ મનસુખ વસાવા ઉપરાંત અંકલેશ્વરના પરપ્રાંતિય સમાજના આગેવાનો અશોક ઝા, એલ.બી.પાંડે સહિત અંકલેશ્વર ભાજપાના નગરસેવકો અને અન્ય પદાધિકારીઓ ઉપરાંત અંકલેશ્વરના નાયબ કલેકટર સહિત સરકારી અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

રવાના થનાર ૧૨૦૦ પરપ્રાંતીઓ પૈકી એકલા અંકલેશ્વર શહેર અને તાલુકાના ૮૧૪ રહીશો હતા જ્યારે કે ભરૂચ જિલ્લાની અન્ય વસાહતો દહેજ, વાગરા, હાંસોટ વગેરે વિસ્તારોમાંથી પણ કામદારો રવાના થયા હતા. આ તમામ કામદારોને ચહેરા પર પોતાના વતન પરત ફરી રહ્યા હોવાની ખુશી સ્પષ્ટ જોવા મળી હતી.

સુરત શહેરમાં ૧૪ કેસ કોરોના પોઝિટિવ નોંધાયા

સુરત શહેરમાં નવા ૧૪ કેસ નોંધાતા કુલ આંકડો ૭૨૭ : સુરત ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૪૦ દર્દીઓ કોરોનાગ્રસ્ત

સુરત

સુરત શહેરમાં છેલ્લા ૧૬ કલાકમાં કોરોના વાયરસ પોઝિટિવ ધરાવતા વધુ ૧૪ દર્દીઓ મળી આવ્યા હતા. ગઈકાલે કોરોના પોઝિટિવના ૩૩ દર્દી સાથે સુરતમાં કોરોના પોઝિટિવ દર્દીનો આંક ૭૧૩ ઉપર પહોંચ્યો હતો. ત્યારબાદ આજે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં વધુ ૧૪ દર્દીઓ નોંધાતા સુરત શહેરમાં કોરોના વાયરસ પોઝિટિવ દર્દીની સંખ્યા ૭૨૭ નોંધાઈ હતી.

સુરત મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ આજે નોંધાયેલા નવા પોઝિટિવ દર્દીના સંપર્કમાં આવનારાઓનું ટ્રેકિંગ કરીને ટેસ્ટિંગ કર્યા બાદ તમામને હોમ કોરોન્ટાઈનમાં રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે. વિતેલા કલાકોમાં આજે એકપણ મૃત્યુ નોંધાયું નથી. સુરત શહેરમાં કુલ મૃત્યુઆંક ૩૨ છે. કોરોના પોઝિટિવ ધરાવતા દર્દીઓ હવે ઝડપથી સાજા થઈ રહ્યા છે. ગઈકાલ સુધીમાં કુલ ૩૦૩ દર્દીઓના રિપોર્ટ નેગેટિવ આવતા સરકારી કોરોન્ટાઈનમાંથી રજા આપવામાં આવી હતી. આજે પણ પોઝિટિવ દર્દીઓનું લેબ ટેસ્ટિંગ ચાલુ છે. સાંજ સુધીમાં નેગેટિવ રિપોર્ટ આવનારા દર્દીઓને રજા આપવામાં આવશે.

ગ્રામ્ય વિસ્તારોમાં રોજગારી પુરી પાડવા ઓનલાઈન તાલીમ

આગાખાન રૂરલ સપોર્ટ પ્રોગ્રામ સંસ્થાએ તાલીમ આપી

આહવા

નોવેલ કોરોના-૧૯ અંતર્ગત લોકડાઉનની સ્થિતિ ઊભી થવા પામેલ છે. આ સમયમાં નરેગા અંતગર્ત ગ્રામ્યલોકોને રોજગારી પૂરી પાડવા સરકાર સતત પ્રયત્ન શીલ છે. નરેગા યોજનામાં આ સમયમાં વધુમાં વધુ લોકોને સુરક્ષિત રીતે રોજગારી પૂરી પાડવા અંગે ભારત સરકાર દ્વારા સ્ટાન્ડર ઓપરેટિંગ પ્રોસેડુયૂર બહાર પાડવામાં આવેલ છે. જેની જાગૃતિ અંગે રાજ્ય ગ્રામ વિકાસ વિભાગ (SIRD) અને આગખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત) સયુકત ઉપક્રમે ઓનલાઈન કોન્ફરન્સ કોલ તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં SIRDના તાલીમ ફેકલ્ટી શ્રી અનિલભાઈ પટેલ દ્વારા નરેગા ગાઈડ લાઈન અંગેની વિગતવાર સમજ આપવામાં આવી હતી તેમજ જણાવ્યું હતુ કે વધુ શ્રમિકોને રોજગારી આપે એવા જાહેર જળસંરક્ષણ ના કામો કુલ ૧૯ કામોનો સમાવેશ કરવામાં આવેલ છે તેમજ જીઊૅય્દ્વારા કરી શકાય તેવા કુલ ૫ કામો અને ૧૨ વ્યક્તિગત કામોનો સમાવેશ કરવામાં આવેલ છે જે કામો લોકડાઉનમા કરી શકાય તેમ છે,તે અંગેની માહિતી પૂરી પાડવામાં આવી જેની સાથે જણાવેલ કે આ કામો કરવા સંમયે સામાજિક અંતર છ ફૂટ જાળવવું ખુબજ જરૂરી છે, કામની જગ્યાએ પણ સાબુ અથવા સેનિટાઈઝરથી હાથ ધોવા અને ફરજીયાત પણે માસ્ક અને મોંઢાનો ભાગ ઢાંકવો જરૂરી છે તેવું જણાવેલ હતું. આ કાર્યક્રમનું સંકલન ગોવિંદભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું, તેમજ ઉમેશભાઈ દેસાઈ અને હસમુખ પટેલ દ્વારા આવતા સમયમાં જળ સંગ્રહના કામો, રિચાર્જની જુદી જુદી પદ્ધતિઓ અંગે અને વુક્ષારોપણ જેવા કામોને અગ્રતા આપવા વિગતવાર માહિતી આપેલ હતી. આ ઓનલાઈન તાલીમ કાર્યક્રમ માઈક્રો સોફ્ટ ટિમ એપ્લિકેશનમાં કુલ ૫૬ જેટલો આગખાન સંસ્થાનો સ્ટાફ જોડાયેલ હતો.

રત્નકલાકારોને વતન પહોંચાડવા માટે એસટી બસ પણ દોડતી કરવા નિર્ણય

સુરત

આખરે સુરત કલેક્ટર અને આરોગ્યમંત્રી કુમાર કાનાણીએ સૌરાષ્ટ્ર જવા માટે એસટી તંત્રની બસો મોકલવાનો નિર્ણય કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. ગઈકાલે સુરત જિલ્લા કલેક્ટર ધવલ પટેલ, વહીવટી અધિકારી મહેન્દ્ર પટેલ, આરોગ્યમંત્રી કુમાર કાનાણી સહિતના પદાધિકારીઓની બેઠકમાં સૌરાષ્ટ્ર જવા માંગતા સુરતમાં વસતા સૌરાષ્ટ્રીઓ લક્ઝરી બસ મારફતે પોતાના વતન જઈ શકશે. જે અંગેની નોંધણી પ્રક્રિયાની માર્ગદર્શિકા પણ કરવામાં આવી હતી. સૌરાષ્ટ્રવાસીઓને વતન મોકલવા માટે ખાનગી લક્ઝરી બસોનો ઉપયોગ કરવાની વાત આવતા તુરંત જ સુરત જિલ્લા કોંગ્રેસ પક્ષના પ્રમુખ બાબુભાઈ રાયકાએ કલેક્ટરને રજૂઆત કરી હતી કે સૌરાષ્ટ્રવાસીઓને વતન મોકલવા માટે લક્ઝરી બસના બદલે એસટી બસનો ઉપયોગ કરવામાં આવે અને એસટી બસનું ભાડુ કોંગ્રેસ પક્ષ ચૂકવશે તેવી તૈયારી બતાવી હતી. જેને પગલે ભાજપની ફરી કિરકીરી થતા આજે આરોગ્યમંત્રી કિશોર કાનાણીએ કલેક્ટર સાથે બેઠક કરી સૌરાષ્ટ્ર માટે એસટી બસો દોડાવવાનો નિર્ણય લીધો હતો.

ગુજરાત સરકારના માર્ગદર્શન હેઠળ ગુજરાતના સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત સહિતના જિલ્લાઓમાં આવાગમન કરવા માટે લક્ઝરી બસ ઉપરાંત એસટી બસ દોડાવવાનો સરકારે નિર્ણય કરતા સરકારી બસના સસ્તા ભાડાનો હજારો લોકોને લાભ મળશે. સરકારે એસટી બસો દોડાવવા નિર્ણય કરાતા સુરતના એલએચ રોડ સ્થિત બસ ડેપોમાં વિવિધ પ્રકારની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

કામદાર અને ખેડૂતો માટે કેવી વ્યવસ્થા કરવી તેને લઈ મુખ્યમંત્રીની સુરત કલેકટર સાથે બેઠક



સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા અનુસાર, શહેર જિલ્લામાં પોઝિટિવ કેસની કુલ સંખ્યા ૭૫૩ થઈ ગઈ છે. વધુ નોંધાયેલા પોઝિટિવ કેસોમાં કોરોના સામે યુધ્ધ લડી રહેલા ફ્રન્ટલાઈન વોરિયર્સના પરિવારના સભ્યો જેમાં પાલિકાના એસએસઆઈની પત્ની, પુત્ર, પુત્રી અને ૬ મહિનાની પૌત્રી, પાલિકાના હાઈડ્રોલીક વિભાગના કર્મચારીના બે પુત્રો, સિવિલ હોસ્પિટલમાં બર્ન્સ વોર્ડમાં કામ કરતા કર્મચારીની પત્ની, તેમજ મેડિકલ સ્ટોર્સ સંચાલક અને ૩ શાકભાજી વિક્રેતાઓના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યા છે. સૌરાષ્ટ્રમાં જવાની પરમીશન મામલે મુખ્યમંત્રીની વીડિયો કેન્ફરન્સથી સુરત જિલ્લા કલેકટર અને મંત્રીઓ સાથે બેઠક યોજાઈ છે. જેમાં સુરતથી કામદાર અને ખેડૂતો માટે કેવી વ્યવસ્થા કરવી તેની તૈયાર અંગે ચર્ચા ચાલી રહી છે. ગતરોજ સિવિલ હોસ્પિટલમાં કોરોના સામે જંગ લડી રહેલા વધુ એક વૃદ્ધ દર્દીનું ટુકી સારવાર બાદ મોત નિપજયું હતું. આ સાથે કોરોનામાં શહેર જિલ્લામાં કુલ મૃતાંક ૩૩ થઈ ગયો છે. જયારે ગતરોજ સિવિલ હોસ્પિટલ અને સમરસ હોસ્ટેલમાંથી કોરોના સામે જંગ લડી સાજા થયેલા ૩૨ અને જિલ્લામાંથી ૧ દર્દી મળી કુલ ૩૩ દર્દીઓને રજા આપવામાં આવી હતી.

સુરતથી સૌરાષ્ટ્ર જવા માટે એસટી બસ દોડાવો: કોંગ્રેસ

એસટીબસનું ભાડુ ચુકવી દેવાની કોંગ્રેસ તૈયારી દર્શાવી

સુરત

સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ બાબુભાઈ રાયકા અને સુરત મહાનગર પાલિકા ના વિપક્ષી નેતા શ્રી પપનભાઈ તોગડીયા એ ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના અલગ અલગ જિલ્લામાં ફસાયેલા લોકોને તેમના માદરે વતન જવાની મંજૂરી આપી તે બાબતનું સંયુક્ત નિવેદન આપતા જણાવ્યું કે સુરતના પરપ્રાંતીય કામદારો અને ઉતર ગુજરાત અને સૌરાષ્ટ્રના રત્ન કલાકારો ને તેમના માદરે વતન જવાની એસ ટી બસ ની વ્યવસ્થા ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવે અને જો ગુજરાત સરકાર દ્વારા તે વ્યવસ્થા ના કરવામાં આવે તો સુરત શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ ને આ એસ.ટી. બસ રાહત ભાવે ફાળવામાં આવે તો તેનો ખર્ચ પણ વહન કરવાની તૈયારી દર્શાવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાંથી અન્ય પ્રાંતમાં જતા પરપ્રાંતિય શ્રમજીવી લોકો માટે રેલ્વેનું ભાડુ આપવાની શરૂઆત કોંગ્રેસ દ્વારા કરી દેવામાં આવી છે.

ઉત્તર દિશાથી પવન ફુંકાતા સુરતના તાપમાનમાં વધારો

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આજે સવારથી ઉત્તર દિશાથી ગરમ પવન ફુંકાવાની સાથે અસહ્ય ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. સાંજ સુધી અધિકત્તમ તાપમાનનો પારો ૪૦ ડીગ્રી વટાવી જાય તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગતરોજ અધિકતમ તાપમાનનો પારો ૩૭ ડીગ્રી સુધી પહોંચી ગયો હતો. આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૮ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૪૯ ટકા અને હવાનું દબાણ ૧૦૦૮ મિલીબાર નોંધાયું છે. સવારથી ઉત્તર પૂર્વ દિશાથી કલાકના ૬ કિલોમીટરની સરેરાશથી ગરમ પવન ફુંકાઈ રહ્યો છે. આજે બપોર સુધી શહેરમાં ગરમીનો પારો ૩૭ ડીગ્રીને વટાવી ચૂક્યો છે. સાંજ સુધી અધિકતમ તાપમાન ૪૦ ડીગ્રી વટાવી જાય તેવી શક્યતા છે. નવસારી હવામાન વિભાગના સૂત્રોએ જણાવ્યું કે ગતરોજ અધિકતમ તાપમાન ૩૬ ડીગ્રી નોંધાયું હતું. આજે ગરમી વધારે અનુભવાઈ રહી છે. મે મહિનાની શરૂઆત સાથે જ ઉનાળાની કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.

વહીવટી તંત્ર દ્વારા જરૂરીયાતમંદોને અનાજ કીટનું વિતરણ કરાયું

વલસાડ

કોરોના વાયરસના કારણે સમગ્ર દેશમાં લોકડાઉનની પરિસ્થિતિ હોઈ આવા કપરા સમયે વલસાડ જિલ્લામાં સેવાભાવી સંસ્થાઓ આગળ આવી જરૂરિયાતમંદ લોકોને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ પૂરી પાડવામાં આવી રહી છે. વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના વાંઝલટ અને પોંઢાજંગલના અંતરિયાળ ગામોમાં વહીવટીતંત્ર દ્વારા ગરીબ અને જરૂરિયતમંદોને શાકભાજી (ડુંગળી, બટાટા) તથા અનાજકીટોનું વિતરણ કરાયું હતું. આમ આપત્તિના સમયે સેવાભાવી સંસ્થાઓ વહીવટીતંત્ર સાથે સંકલન કરીને લોકોની મદદ કરી કરી રહી છે.

સુરતથી સૌરાષ્ટ્ર જવા માંગતા લોકો માટે લક્ઝરી બસ એસોસિએશને કિમી પ્રમાણે ભાવ કર્યા નક્કી

સૌરાષ્ટ્રવાસી મંજૂરી બાદ ખાનગી લક્ઝરી દ્વારા પોતાના વતન જઈ શકશે



સુરત

લૉકડાઉન વચ્ચે સુરતમાં રહેતા સૌરાષ્ટ્રવાસી પોતના માદરે વતન જાવા માટે લાંબા સમયથી માંગ કરી રહ્યા છે. ત્યારે સરકારે આ અંગેની મંજૂરી આપી દીધી છે. હવે સૌરાષ્ટ્રવાસી મંજૂરી બાદ ખાનગી લક્ઝરી દ્વારા પોતાના વતન જઈ શકશે. ત્યારે સુરતથી સૌરાષ્ટ્ર જવા માટે ખાનગી લક્ઝરી બસ એસોસિયેશનએ કિલોમીટર પ્રમાણે ભાવો જાહેર કર્યા છે. કોરોના વાયરસને કારણે હાલમાં લૉકડાઉન ચાલી રહ્યું છે. ત્યારે ત્યારે સુરતમાં બે મહત્વનાં ઉધોગો આવેલા છે જેમાં કપડા ઉધોગમાં કામ કરતા પરપ્રાંતીય લોકો બેકાર બનતા વતન જાવા માંગતા લોકો સરકાર ટ્રેન મારફતે તેમના વતન મોકલી રહી છે. ત્યારે સુરત બીજા ઉધોગ ડાયમંડ સાથે જોડાયેલ લોકો મોટા પ્રમાણમાં સૌરાષ્ટ્રના છે.

ત્યારે આ લોકો પણ પોતના વતન જવા માંગતા હતા પણ સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી ન હતી જેને કારણે સૌરાષ્ટ્ર જાવા માંગતા લોકો આજે મંજૂરી આપતા આ લોકો દ્વારા ઓનલાઈન અરજી શરૂ કરી હતી. આ તમામ લોકોને ખાનગી લક્ઝરી બસ દ્વારા તેમના વતન મોકલવામાં આવશે તેવી જાહેરાત કરતાની સાથે સુરત ખાનગી લક્ઝરી બસ એસોસિયેશન દ્વારા આજે ભાવ કિલોમીટર મુજબ નક્કી કરવામાં આવ્યા હતા. જેમાં ૪૦૦ કિલોમીટર માટે એક વ્યક્તિ દીઠ ૧૦૦૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે. જ્યારે ૫૦૦ કિલોમીટરનાં ૧૨૦૦ રૂપિયા અને ૫૦૦થી વધારે કિલોમીટરનાં ૧૫૦૦ રૂપિયા નક્કી કર્યા છે.

હવે બસ દ્વારા બુકીંગ લઈને તેના બીજા દિવસથી સુરતમાં રહેતા લોકો ખાનગી બસ લક્ઝરી લઈને સૌરાષ્ટ્ર ખાતે નીકળશે. સરકાર પાસે એસટી નિગમ પોતાની લક્ઝરી બસ હોવા છતાંય ખાનગી બસ પરમિશન આપતા અનેક તર્ક વિતરક થઈ રહ્યાં છે. સરકાર લૉકડાઉન વચ્ચે એસટી નિગમ કમાણી કરવાની જગ્યા પર ખાનગી લક્ઝરી બસ મંજૂરી આપીને પોતામાં પગ પર કેમ કુહાડો મારી રહ્યા છે એ વાત લઈને અનેક તર્ક વિતર્ક થઈ રહ્યા છે. આગામી દિવસમાં આ મુદ્દો રાજકીય રૂપ લે તેવી શકયતા છે. જોકે, સરકારની આ નીતિને લઈને લોકડાઉન વચ્ચે આવક નથી ત્યારે સામાન્ય વ્યક્તિ લૂંટાઈ રહ્યો છે.

સુરતમાં કોરોના ડેથ રેટ ઘટતા અને રીકવરી રેટ વધતા તંત્રમાં હાશકારો

સુરત

જિલ્લામાં પોઝિટિવ કેસનો આંક ૭૫૩ પર પહોંચી ગયો છે. જેમાંથી ૨૬૪ દર્દી સિવિલ હોસ્પિટલમાં છે. જ્યારે અન્ય ૧૪૧ સમરસ હોસ્ટેલમાં છે. જેથી સક્રિય કેસો ઓછા છે. જિલ્લાનો મૃત્યુઆંક ૩૩ છે. જેથી ડેથ રેટ પહેલા ૧૦ ટકા હતો તે ઘટીને હવે ૪.૩ ટકા થઈ ગયો છે. કુલ ડિસ્ચાર્જ ૩૧૫ થતા રિકવરી રેટ ૪૧ ટકા પર પહોંચ્યો છે. અત્રે ઉલ્લેખનિય છે કે, ભારતમાં રિકવરીનો રેટ ૨૮ ટકા છે. શહેર જિલ્લામાં પોઝિટિવ કેસની કુલ સંખ્યા ૭૫૩ થઈ ગઈ છે. સિવિલ હોસ્પિટલમાં કોરોના સામે જંગ લડી રહેલા વધુ એક વૃદ્ધ દર્દીનું ટુકી સારવાર બાદ મોત નિપજયું હતું. આ સાથે કોરોનામાં શહેર જિલ્લામાં કુલ મૃત્યુઆંક ૩૩ થઈ ગયો છે. જ્યારે મંગળવારે સિવિલ હોસ્પિટલ અને સમરસ હોસ્ટેલમાંથી કોરોના સામે જંગ લડી સાજા થયેલા ૩૨ અને જિલ્લામાંથી ૧ દર્દી મળી કુલ ૩૩ દર્દીઓને રજા આપવામાં આવી હતી. જેથી રિકવરીનો આંક ૩૧૫ પર પહોંચી ગયો છે.

પાલિકા કમિશનર બંછાનિધી પાનીના જણાવ્યા પ્રમાણે, કુલ પોઝિટિવ કેસ નોંધાયા છે જે પોઝિટિવીટી રેટ



૫.૩ ટકા છે. તેમાંથી ૨૬૪ સિવિલમાં બીજા ૧૪૧ સમરસમાં છે એટલે સક્રિય કેસો ઓછા છે. કુલ મરણ ૩૩ થઈ છે. ફેટાલીટી રેટ પહેલા ૧૦ ટકા હતો તે ઘટીને હવે ૪.૩ ટકા છે. કુલ ડિસ્ચાર્જ ૩૧૫ થતાં રિકવરી રેટ ૪૧ ટકા છે. કુલ ૧૩૨૬૮ ટેસ્ટિંગ થયા છે ૩૨૦૦ પર મિલિયનના ટેસ્ટ કરીએ છીએ. ૨૨૨૭ ક્વોરન્ટીનમાં છે. કોવિડ કેર સેન્ટર સમરસમાં ૧૧૯ વ્યક્તિ છે તેમાંથી ૧૬ ડિસ્ચાર્જ થયાં છે.

પાલિકા કમિશનર બંછાનિધી પાનીના જણાવ્યા પ્રમાણે, અત્યાર સુધીમાં ૪ રાઉન્ડ પૂર્ણ થઈ ગઈ છે હાલ ૫ મો રાઉન્ડ એક્ટિવ સર્વેલન્સનો ચાલી રહ્યો છે. સૌથી અગત્યનું કોન્ટેક્ટ ટ્રેસિંગ છે. જ્યાં પણ પોઝિટિવ કેસ આવે છે તેમના આ જુ બા જુ ના હાઈરિશ્ક અને લો રિશ્ક વિસ્તારમાં કેવી રીતે ચેપ પહોંચાડ્યો તેમનો રૂટ કઈ રીતે છે તે ખુબ અગત્યનું છે તે માટે ૨૦૯ ટીમો અને સર્વેલન્સ માટે ૧૨૮૩ ટીમ બનાવવામાં આવી છે. જેના થકી ૧૨૮ એઆરઆઈના કેસો મળ્યા છે. સ્લમ વિસ્તારમાં ફિવર ક્લિનિકમાં વધારો કરી ૩૧ કરાયા છે.

નવસારીમાં કોરોનાગ્રસ્ત વધુ એક દરદીને રજા અપાઈ

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે નવસારી જિલ્લામાં તા.૦૫/૦૫/૨૦૨૦ના રોજ ૫૬ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી-૨૨, જલાલપોર-૧૭, ગણદેવી-૧૭ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં કુલ- ૧૪૭૫ સેમ્પલ પૈકી ૧૪૦૬ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. ૬૨ સેમ્પલના રીઝલ્ટ બાકી છે. જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની ધનિષ્ટ કામગીરી થઈ રહી છે. જિલ્લામાં ચોથા રાઉન્ડમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૪,૩૩,૭૬૧ વસ્તીને આવરી લેવામાં આવી છે. નવસારી જિલ્લામાં કુલ-૦૭ કેસ પૈકી છેલ્લા ત્રણ દિવસમાં ૦૩ દર્દીઓને રજા આપવામાં આવી છે. આજરોજ આંતલીયાના પ્રિયંકાબેન પટેલને સોશ્યિલ ડીસ્ટન્સીગ રાખીને તેમને શુભેચ્છા સાથે વિદાય આપતા દરેક આરોગ્ય કર્મીઓ અને દર્દીઓના ચહેરા પર ખુશીઓ છવાઈ ગઈ હતી. પ્રિયંકા પટેલે હોસ્પિટલ અને મેડીકલ સ્ટાફનો આભાર માનતા કહ્યું હતું કે, કોરોનાની સારવાર દરમિયાન કોવિડ હોસ્પિટલમાં આરોગ્યલક્ષી સુવિધા સાથે મારી સારવાર કરવામાં આવી છે. કોવીડ-૧૯ હોસ્પિટલના દરેક મેડીકલ સ્ટાફનો સંપૂર્ણ સહકાર મળ્યો છે. જેમાં સિવિલ હોસ્પિટલ, યશફીન હોસ્પિટલ અને ઉદિત હોસ્પિટલ વાંસદાને માન્ય રાખવામાં આવી છે. ત્રણ હોસ્પિટલ મળીને કુલ-૩૦૦ આઈસોલેશન બેડ તથા ૩૦ આઈ.સી.યુ.બેડની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. નવસારી જિલ્લામાં આજદિન સુધીમાં કુલ-૦૬ પોઝીટીવ કેસ નોધાયાના અહેવાલ જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે.

નર્મદા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની કચેરીમાં છેલ્લા ત્રણ વર્ષથી અધિકારીઓની જગ્યા ખાલી: કારકુનોના ભરોસે ચાલતી આ કચેરીમાં યોજનાઓનું સુરસુરીયું...?!

- જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ની કચેરીમાં ૨૦૧૭ ના વર્ષ થી વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓ ખાલી હોવાથી સરકારી યોજના ઓ અભરાઈ પર પડી ધૂળ ખાતી હોઈ એમ લાગે છે.
- જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ના અધિકારી પાસે વડોદરા,નર્મદા અને છોટાઉદેપુર આમ ત્રણ જીલ્લા નો ચાર્જ હોવાથી જાયે તો જાયે કહા જેવો ઘાટ




નર્મદા જિલ્લો અલગ થયાને ૨૦ વર્ષ થી વધુ સમય થવા છતાં આ જિલ્લા માં કેટલીક કચેરીઓ નું નામોનિશાન નથી જ્યારે કેટલીક કચેરીઓ ઈન્ચાર્જ ના ભરોસે ચાલે છે.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લો ભરૂચ થી અલગ પડ્યા ને ૨૦ વર્ષ કરતા વધુ સમય થવા છતાં જીલ્લા માં અમુક કચેરીઓ નું અસ્તિત્વ જ ન હોવાથી લોકો ને હજુ ભરૂચ સુધી લાંબા થવું પડે છે જ્યારે કેટલીક કચેરીઓ ઈન્ચાર્જ ના ભરોસે ચાલતી હોવાથી જરૂરી કામો સમયસર ન થતા લોકો ધક્કે ચઢી રહ્યા છે ત્યારે જિલ્લા અને તાલુકાઓ અલગ કરી ચૂંટણીઓ ટાણે વોટ બેંક ઉભી કરતી સરકાર નર્મદા જેવા પછાત જિલ્લા માં જરૂરી કચેરીઓ અને અધિકારીઓ મૂકે તેવી માંગ ઉઠી છે.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ની કચેરી માંથી સરકારની નવી નવી યોજનાઓ નું સંચાલન થતું હોય અને સરકાર દર વર્ષે નવી નવી યોજનાઓ અમલ માં મૂકે છે પરંતુ નર્મદા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ની કચેરી ૨૦૧૭ ના વર્ષ થી ઈન્ચાર્જ ના ભરોસે ચાલે છે જેમાં કારકુનો પર જ ચાલતી આ કચેરી માં વર્ગ-૧ અને વર્ગ -૨ ની જગ્યાઓ ઘણા વર્ષો થી ખાલી હોય અધિકારી વિના ફક્ત કારકુનો પર ચાલતી આ કચેરી માં સરકાર ની યોજનાઓ ની કામગીરી જાણે અભરાઈ પર પડી ધૂળ ખાતી હોય તેમ લાગે છે.જાણવા મળ્યા મુજબ કચેરીના મુખ્ય અધિકારી પાસે વડોદરા જિલ્લાનો રેગ્યુલર ચાર્જ ઉપરાંત નર્મદા અને છોટાઉદેપુર મળી ત્રણ જિલ્લા ના ચાર્જ એકજ અધિકારી પાસે હોવાથી જાયે તો જાયે કહા જેવો ઘાટ આ અધિકારી નો થઈ રહ્યો છે.જોકે અધિકારીની કામગીરી સારી જ છે પરંતુ ત્રણ જિલ્લા ના ચાર્જ હોઈ ત્યારે હાલ લોકડાઉન વચ્ચે તો આ ચાર્જ સંભાળતા અધિકારી ની હાલત નહિ ઘર ના નહી ઘાટ ના જેવી થવા પામતી હોય છે.જોકે નર્મદા જિલ્લા માં અન્ય પણ કેટલીક કચેરીઓ પણ ઈન્ચાર્જ ના ભરોસે ચાલતી હોવાથી અરજદારો ના કામો સમયસર ન થતા લોકો કચેરીઓના ચક્કર કાપી રહ્યા હોય ત્યારે સરકાર નર્મદા જેવા પછાત જિલ્લા માં જરૂરી કચેરીઓ અને કચેરીઓ માં રેગ્યુલર અધિકારીઓ ની નિમણુંક કરે તેવી લોક માંગ છે.નર્મદ કલેક્ટર પણ આ બાબતે અંગત રસ દાખવી જિલ્લાની કચેરીઓમાં રેગ્યુલર અધિકારીઓ મુકાઈ એ બાબતે યોગ્ય પગલાં લે તેવી માંગ છે.

નર્મદામાં લોકડાઉનમાં કેળાની માંગ ઘટતા કેળાના પોષણક્ષમ ભાવ ન મળતા ખેડૂતોની હાલત બગડી



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના મહામારી ના કારણે સમગ્ર વિશ્વ માં ઉથલ પાથલ મચી ગઈ છે ત્યારે ભારત દેશ માં પણ લોકડાઉન નો ત્રીજો તબક્કો ચાલી રહ્યો છે હાલ કોરોના મહામારી ને કારણે લોકડાઉન થતાં લગભગ તમામ ધંધા રોજગાર ભાંગી પડ્યા છે સાથે સાથે જગતનો તાત પણ મુશ્કેલી માં મુકાયો છે. જેંમાં નર્મદા જિલ્લા માંથી તો કેળા એક્સપોર્ટ થતા હોય છે ઉપરાંત આ સમય દરમિયાન કેળા ના ભાવ સામાન્ય રીતે સૌથી વધુ મળતા હોય છે પરંતુ લોકડાઉન ના કારણે કેળાની માંગ ઘટી છે ત્યારે ખેડૂતો ના તૈયાર પાક લેવા પણ કોઈ તૈયાર નથી અને મહામુસીબતે કોઈ વેપારી મળે છે તો પોસણક્ષમ ભાવ મળતા નથી જેથી ખેડૂતોને નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.ઉપરાંત પૂરતી વીજળી પણ ન મળતી હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે.

આ બાબતે વાવડી ગામના ખેડૂત હરેશભાઈ પટેલે જણાવ્યું કે વીજળી ની સમસ્યા છે બહુ મોટી છે જેમાં રોજ ત્રણ કલાકજ વીજળી મળે છે ઉપરાંત હાલ કટિંગ ચાલે છે જેમાં ૪ રૂપિયા કિલો કેળા નો ભાવ મળે છે જે ખૂબ ઓછો છે.આ કેળા રિટેઇલ માં ૩૦ રૂપિયા કિલો ના ભાવે વેચાઈ છે.તેથી હાલ કેળાં પકવતા ખેડૂતો ની હાલત ખુબજ ખરાબ જોવા મળી રહી છે.માટે ખેડૂતોને વીજળી સમયસર મળે અને પાક ના ટેકાના ભાવ મળી રહે તેવી અમે માંગ કરી રહ્યા છે.

કોરોના મહામારી વચ્ચે વિધવાઓને મદદરૂપ બની જન્મ દિવસની ઉજવણી કરતો યુવાન : વિધવાઓને જરૂરી કીટ આપી ૩૦માં જન્મ દિનની ઉજવણી કરી

ભાજપ મહિલા અગ્રણી ભારતીબેન તડવીના સુપુત્ર મયુર તડવીએ તેમના ૩૦માં જન્મ દિવસની ઉજવણી ૩૦૦ વિધવા મહિલાઓને જરૂરી વસ્તુઓ આપી કરી



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા ભાજપ ના મહિલા અગ્રણી ભારતી બેન તડવી ના સુપુત્ર મયુરભાઈ એ તેમના ૩૦ માં જન્મ દિવસની ઉજવણી જિલ્લા ના કેટલાક ગામોની વિધવા મહિલાઓ ને જરૂરી કીટ આપી કરી હતી.

હાલ કોરોના મહામારી ના કારણે સમગ્ર દેશ મા ચાલી રહેલ લોકડાઉન વચ્ચે મધ્યમ, ગરીબ પરિવારો મુશ્કેલી માં મુકાયા છે ત્યારે નર્મદા જિલ્લાના અગ્રણી મહિલા ભારતીબેન તડવી ના પુત્ર મયુર તડવી એ તેમના ૩૦ માં જન્મ દિવસની ઉજવણી સગા સંબંધી કે મિત્રો સાથે ન કરી જરૂરિયાતમંદ જિલ્લા ની ૩૦૦ જેટલી વિધવા મહિલાઓ ને અનાજ અને શાકભાજી ની કીટ આપી કરી હતી.વર્ષગાંઠ પર ફાલતુ ખર્ચ કરવા કરતા આજના લોકડાઉન ના સમયે જરૂરિયાતમંદોને મદદરૂપ થઈ ભારતી બેન અને તેમના પુત્ર મયુરભાઈ એ કીટ આપી એક ઉત્તમ કાર્ય કર્યું હતું.

લોકડાઉનમાં જુગાર: રાજપીપળા ભાટવાડા વિસ્તારમાં જુગાર રમતા ચાર જુગારીયાને LCB એ ઝડપી પાડ્યા



ભાટવાડાના એક મકાનમાં જુગાર રમતા ચાર જુગારીયા ઓને ૧.૧૪ લાખના મુદ્દામાલ સાથે LCB ટીમે ઝડપી લીધા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ લોડાઉન માં રાજપીપળા શહેર માં જુગાર ચાલતો હોવાની LCB ને બાતમી મળતા ભાટવાડા વિસ્તારના એક મકાનમાં રેડ કરતા ત્યાં જુગાર રમતા ચાર જુગારીયાઓ ને મુદ્દામાલ સાથે ઝડપી LCB એ કાયદેસર કાર્યવાહી કરી હતી.

નર્મદા જિલ્લા પોલીસ વડા હિમકર સિંહના માર્ગદર્શન મુજબ નર્મદા જિલ્લા માં દારૂ જુગાર પર પોલીસ સતત નજર રાખતી હોઈ આજરોજ રાજપીપળા ના ભાટવાડા વિસ્તાર ના એક ઘરમાં અમુક લોકો જુગાર રમતા હોવાની નર્મદા LCB ને બાતમી મળતા LCB પીએસઆઈ સી.એમ.ગામીતે ટિમ સાથે ત્યાં રેડ કરતા આ મકાનમાં જુગાર રમતા ચાર વ્યક્તિઓ પૈકી રાજેન્દ્રસિંહ મોહનસિંહ બારીયા રહે. ભાટવાડા, ફિરોજ ઈસ્માઈલ ભાઈ શેખ રહે. કસ્બાવાડ, આકાશ અશોકભાઈ વસાવા રહે.સિંધીવાડ રબારી ફળીયુ, અને ભાવિક ઉર્ફે ભુરીયો વિનોદભાઈ દોષી રહે. ભાટવાડા રાજપીપળા ને જુગાર રમતા ઝડપી લીધા હતા તેમની પાસેથી રોકડ રૂપિયા ૧૪,૭૫૦/- તેમજ મોબાઈલ નંગ-૫ જેની કિંમત રૂ.૧૯,૫૦૦/-તથા મો.સા.નંગ-૨ કિંમત રૂ.૮૦,૦૦૦/-મળી કુલ રૂપિયા ૧,૧૪,૨૬૦/- નો મુદ્દામાલ કબજે કરી ચારેય વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરી હતી.

કોરોના યોદ્ધાનુ લેબલ આપી દેવાથી મુસીબતો દૂર નથી થતી : નર્મદાના હેલ્થવર્કરોને પગારની તકલીફમાં બિલો અટવાઈ ગયા હોવાની વાત સામે આવી

નર્મદા જીલ્લા ના અંતરીયાળ ગામો મા સર્વે સહીત ની કામગીરી માટે આઉટસોર્સિંગ થી રાખવામા આવેલી ૩૦ જેટલી મહીલા હેલ્થવર્કરો ને છેલ્લાં ત્રણ મહીના થી પગારના ફાંફા ની વાત માં જેતે વિભાગ જ જવાબદાર..?



અત્યાર સુધી લાખો રૂપિયા પગાર ચૂકવી ચુકેલી કોન્ટ્રાકટ કંપની દ્વારા બિલો જેતે વિભાગમાં અપાયા બાદ અટવાઈ ગયા હોવાથી પગાર ના વાંધા..?!

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોના મહામારી સામે લડી રહેલાં આરોગ્ય કર્મચારીઓ,પોલીસ અને સફાઈ કામદારો, અને વહીવટી તંત્ર ના કર્મચારીઓ ને ભલે કોરોના યોદ્ધા નું બિરુદ અપાયું હોઈ પરંતુ માત્ર બિરુદ થી તેમના જીવનનું ગાડું ગબળતું નથી લોકો ના જીવન બચાવવા સતત વાયરસ સાથે લડતાં કોરોના યોદ્ધાઓ ને પોતાની સલામતી ના સાધનો અને સુરક્ષા કવચ આપવા અને તેમને સમયસર અને યોગ્ય પગાર આપવો તે પણ તેટલો જ જરૂરી છે.

નર્મદા જીલ્લા ના અંતરીયાળ ગામો મા સર્વે સહીત ની કામગીરી માટે આઉટસોર્સિંગ થી રાખવામા આવેલી ૩૦ જેટલી મહીલા હેલ્થવર્કરો ને છેલ્લાં ત્રણ મહીના થી પગાર ના ફાંફા છે. કોરોના ના હાઉ વચ્ચે જીવના જોખમે આકરી ગરમીમાં કામગીરી કરતી હેલ્થવર્કરો પગાર વગર ટળવળી રહી છે ત્યારે તે બાબતે જવાબદાર કોણ તે મોટો સવાલ હાલ આ મહામારી વચ્ચે ઉભો થયો છે. કેમકે જિલ્લા આરોગ્ય અધિકારી અને કોન્ટ્રક કંપની એક બીજા ઉપર દોષ ના ટોપલા નાંખી રહયા હોઈ હાલ આ ૩૦ કર્મચારીઓ પગાર વગર વલખા મારી રહ્યા છે.

નર્મદા જીલ્લા આરોગ્ય અધિકારી ના જણાવ્યા મુજબ આ ફીમેલ કર્મચારીઓ આઉટસોર્સિંગ થી લેવામાં આવ્યા છે તે આરોગ્ય વિભાગ ના કર્મચારીઓ નથી, જેનો કોન્ટ્રાકટ છે તે કંપની બિલ મુકે પછી બિલ મંજૂર થયે થી એમનો પગાર ચુકવતી હોય છે, કચેરી મા બિલ મુકાઈ ગયા છે હવે એમનો પગાર થઈ જશે. જ્યારે કોન્ટ્રાકટ કંપનીના સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું કે કંપની એ અત્યાર સુધી લાખો રૂપિયાનો પગાર ચૂકવી દીધો છે. પરંતુ આ પગાર માટે ના બિલો પણ જેતે વિભાગ માં આપ્યા હતા તે વિભાગ ની લાલીયાવાડી થી બિલો અટવાઈ જતા કોન્ટ્રાક્ટર ના માથે ટોપલા ઢોળાઈ રહ્યા છે.આમ કોરોના યોદ્ધાઓ ના નામ આપી દેવા થી તેમના જીવન નું ગાડું ગબળતું નથી માટે તેમને સમયસર પગાર મળે તે પણ તેટલોજ જરૂરી છે.અને તેની પૂરતી જવાબદારી પણ જેતે વિભાગે રાખવી જોઈએ.

સુરતમાં અઠવાગેટ પર બે બહેનોની મહિલા PSI સાથે બબાલ, છુટ્ટો ફોન માર્યો

સુરત

અઠવાગેટ સર્કલ પાસેથી બુધવારે સાંજે ટ્રાફિક પોલીસની મહિલા પીએસઆઈ એમ.બી.જાડેજા તેના સ્ટાફ સાથે બંદોબસ્તમાં હતા. દરમિયાન એક્ટિવા મોપેડ પર જતી બે સગી બહેનોને પોલીસે અટકાવી તેની પાસેથી લાયસન્સ અને મોપેડના ડોક્યુમેન્ટોની માંગણી કરી હતી. કોરોના વાયરસને કારણે લોકડાઉનમાં મોપેડ પર ડબલ સવારી ન કરી શકાય છતાં બન્ને બહેનોએ જાહેરનામાં ભંગ કર્યો હતો. આથી મહિલા પીએસઆઈએ મોપેડ ડિટેઈન કરવાની વાત કરી હતી. જેથી બન્ને બહેનો ગુસ્સામાં આવી મહિલા પીએસઆઈને બેહૂદું વર્તન કરી મોબાઈલમાં વિડીયો શુટિંગ કરવા લાગી હતી. આથી પીએસઆઈએ તેને વિડીયો ન ઉતારવા કહ્યું તો બિન્ની શાહએ મહિલા પીએસઆઈ સાથે ઝપાઝપી કરી મોબાઈલ પીએસઆઈને મારી દીધો હતો.

મહિલા પીએસઆઈને આંખના ભાગે ઈજા થતા ચક્કર આવી ગયા હતા. આ ઘટનાને કારણે નજીકમાં તૈનાત સ્ટાફ દોડી આવ્યો હતો. ટ્રાફિક પોલીસે ઉમરા પોલીસને બોલાવી હતી. ઉમરા પોલીસે બન્ને બહેનોને પોલીસ સ્ટેશને લાવી હતી. ઉમરા પોલીસમાં મહિલા પીએસઆઈ જાડેજાએ ફરિયાદ આપતા પોલીસે બિન્ની વિક્રમ શાહ(૨૮) તથા શ્રેયા વિક્રમ શાહ(બન્ને રહે, શંખેશ્વર કોમ્પલેક્ષ, મજૂરાગેટ)ની સામે ગુનો નોંધ્યો છે. વધુમાં પોલીસે જણાવ્યું કે બન્ને બહેનોને નોટીસ આપી અત્યારે જવા દેવામાં આવી છે. આવતીકાલે બોલાવવામાં આવશે. પોલીસના વધુ પડતા કડક વલણના કારણે લોકડાઉનમાં લોકોના પોલીસ સાથે ઘર્ષણના બનાવો વધી રહ્યા છે.

સુરતમાં કોરોના દર્દી માટે તૈયાર કરાયેલી કોવિડ હૉસ્પિટલ થઈ કાર્યરત

સુરત

કોરોના વાયરસને લઈને દર્દીને સારવાર આપવા માટે તંત્ર અને આરોગ્ય મંત્રી દ્વારા સુરતની નવી સિવિલ હૉસ્પિટલ ખાતે લાંબા સમયથી ખાલી પડેલી સ્ટેમ સેલ બિલ્ડિંગ કાર્યરત થશે. આ અંગે ૭૨ કલાકમાં ૨૫૦ બેડની સુવિધા સાથે તૈયાર કરવામાં આવી હતી. આ હોસ્પિટલમાં આજથી કોરોનાના દર્દીને સારવાર આપવામાં આવશે.

કોરોના વાયરસને લઈને દર્દીની સંખ્યા વધેતો તેમને સારવાર આપવા માટે સિવિલ હૉસ્પિટલ કેમ્પસમાં લાંબા સમયથી તૈયાર સ્ટેમસેલ બિલ્ડીંગમાં ૨૫૦ બેડની કોવિડ હોસ્પિટલ ઉભી કરવામાં આવી હતી. તો પણ છેલ્લા દોઢ મહિનાથી તૈયાર આ કોવિડ હૉસ્પિટલ ઉપયોગમાં લેવામાં આવતી ન હતી.



બુધવારથી કોરોનાના જે પણ નવા પોઝિટિવ દર્દીઓ આવશે તેમને કોવિડ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવશે. મંગળવારે રાજય કક્ષાના આરોગ્ય મંત્રી કુમાર કાનાણીના હસ્તે હોસ્પિટલને કાર્યરત કરવામાં આવી હતી અને ત્યાં સ્ટાફ ફાળવણીની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી હતી. હવે આજથી આ હૉસ્પિટલ દર્દી માટે ખુલ્લી મુકવામાં આવી છે. કોરોનાના નવા પોઝિટિવ દર્દીઓને આ હોસ્પિટલમાં જ દાખલ કરવામાં આવશે.

ઓએનજીસી દ્વારા જરૂરિયાતમંદોને ૨૪૦૦ કરિયાણાની કિટનું વિતરણ

અંકલેશ્વર

અંકલેશ્વર ઓએનજીસી તરફથી સ્પેશિયલ કેમ્પોનન્ટ પ્લાન અંતર્ગત જરૂરિયાતમંદ પરિવારોને અનાજ કરિયાણા કીટની સહાય માટે રૂ ૧૯.૮૭.૨૦૦/-મંજુર થયા હતાં. જેની ૨૪૦૦ નંગ કીટનું વિતરણ મંગળવારના રોજ જરૂરિયાતમંદ પરિવારોને કરવામાં આવ્યું હતું.

આ ૨૪૦૦ કીટ વિતરણ ONGCના કાર્યક્ષેત્રમાં જરૂરિયાતમંદ પરિવારોને પહોચાડવા માટેની વ્યવસ્થા ઓએનજીસીએ કરી હતી. મંગળવારે સવારે ૯:૪૫ વાગે ઓએનજીસી કોલોની ખાતે આવેલ કોમ્યુનીટી હોલ ખાતે અનાજ કરિયાણાની કીટ વિતરણ કરવામાં આવ્યું હતું આ પ્રસંગે એસ્ટેટ મેનેજર તેમજ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પીસી રાવલ સહિત ongc અંકલેશ્વર ના ઉચ્ચ અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.